Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 14 February, 2020 Vol. 16, No. 07 Pages 24+8 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# કોરોના એક જ દિવસમાં ૨૫૪ને ભરખી ગયો

## ચીનમાં મોતનો આંકડો વધીને ૧૩૬૯ : ૨૮ દેશમાં વાયરસથી અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૬૦૩૭૩ થઈ



બેજિંગ : ચીનમાં ભારે આંતક મચાવી રહેલા કોરોના વાયરસના કારણે સ્થિતીમાં કોઈ સુધારો થઈ રહ્યો નથી. ચીનમાં આરોગ્ય અધિકારીઓએ કબુલાત કરતા કહ્યુ છે કે બુધવારના દિવસે એક દિવસમાં કોરોના વાયરસના કારણે વધુ ૨૫૪ લોકોના મોત થઈ ગયા છે. જે એક દિવસમાં હજુ સુધીનો મોતનો સૌથી ઉંચો આંકડો રહેલો છે. અગાઉના એક દિવસના મોતના આંકડા કરતા આ બે ગણો વધારે છે.

ચીનમાં મોતનો આંકડો હવે વધીને ૧૩૫૫ સુધી પહોંચી ગયો છે. જ્યારે વિશ્વમાં આના કારણે મોતનો આંકડો ૨૮ દેશોમાં ૧૩૬૯ ઉપર પહોંચી ગયો છે. ૨૮ દેશોમાં કુલ કેસોની સંખ્યા વધીને ૬૦૩૭૩ સુધી પહોંચી ગઈ છે. કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ પ્રાંત છે. ચીનના જુદા જુદા શહેરોમાં ૬ કરોડથી વધારે લોકો હાલ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે.કોરોના વાયરસને લઈને ઈન્ફેક્શન દુનિયાના દેશોમાં ફેલાઈ રહ્યો છે. ત્યારે સાવચેતીના તમામ પગલા દુનિયાના દેશો લઈ રહ્યા છે. બીજી બાજુ કોરાના વાયરસે આંતક મચાવી દીધા બાદથી ચીનમાંથી પોતાના નાગરિકોને ખસેડી લેવાનો સિલસિલો યથાવત રીતે જારી રહ્યો છે. હુબેઈ પ્રાંતમાં સૌથી વધારે અસરગ્રસ્ત લોકો છે. સાથે સાથે મોતનો આંકડો પણ અહીં જ સૌથી વધારે નોંધાયો છે. કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી. ચીનના આરોગ્ય વિભાગના તમામ લોકો નિસહાય દેખાઈ રહ્યા છે. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છે. ચીનમાં કોરોના વાયરસના કારણે સરેરાશ ૧૦૦ લોકોના દરરોજ મોત થઈ રહ્યા છે. ચીન સરકાર દ્વારા વાયરસના ફેલાવાને રોકવા માટે બનતા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ચીનમાં ખતરનાક સાબિત થઈ રહેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. ચીનમાં સાવેચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હવે કોરોના વાયરસ બેકાબુ છે.

| દેશ | કુલ કેસ | નવા કેસ | મોત |
|---|---|---|---|
| ચીન | ૪૫૧૭૧ | ૨૩૦૦ | ૧૩૬૩ |
| જાપાન | ૨૧૨ | ૪૪ | – |
| સિંગાપુર | ૪૫ | ૦૨ | – |
| હોંગકોંગ | ૪૫ | ૦૨ | ૦૧ |
| થાઈલેન્ડ | ૩૪ | ૦૨ | – |
| દક્ષિણ કોરિયા | ૨૮ | ૦૧ | – |
| તાઈવાન | ૧૮ | ૦૧ | – |
| મલેશિયા | ૧૮ | ૦૨ | |
| ઓસ્ટ્રેલિયા | ૧૫ | ૦૧ | – |
| વિયતનામ | ૧૪ | ૦૧ | |
| જર્મની | ૧૪ | – | – |
| અમેરિકા | ૧૨ | – | – |
| મકાઉ | ૧૦ | ૦૨ | – |
| ફ્રાંસ | ૧૧ | ૦૫ | – |
| યુએઈ | ૦૭ | ૦૨ | – |
| કેનેડા | ૦૭ | ૦૧ | – |
| ભારત | ૦૩ | – | – |
| ફિલિપાઈન્સ | ૦૩ | – | ૦૧ |
| બ્રિટન | ૦૩ | – | – |
| રશિયા | ૦૨ | – | – |
| ઇટાલી | ૦૩ | – | – |
| અન્ય દેશો | ૦૭ | ૦૧ | – |

## ચેપના ભયથી આખું વિશ્વ ચિંતાતૂર : વ્યસ્ત રહેતા ચીનના અનેક શહેર કોરોનાના કારણે સૂમસામ રહ્યા

પેજ નંબર ૨૨

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

RE/MAX CROSSROADS REALTY INC.
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડાના સૌથી વધુ રોમાંચક શહેર તરીકે અલ્બર્ટાનું ફોર્ટ મેકમુરે જાહેર



## • શહેરને ટ્રીપ એડવાઈઝરે પણ ૧૦ આકર્ષક સ્થાનોની યાદીમાં સમાવ્યું, આ વર્ષના રેંકીંગમાં વિકટોરીયા દસમા સ્થાને આવી ગયું

અલ્બર્ટા : એમેઝોન કેનેડાએ આ વર્ષે કેનેડાના સૌથી વધુ રોમાંચક શહેરોની યાદીમાં ઉત્તર અલ્બર્ટાના શહેર ફોર્ટ મેકમુરેને ટોચ પર મુકયું છે. કેમ કે જયારે તમને ચંદ્ર મોટા પિત્ઝા પાઈ જેવો દેખાય ત્યારે સમજવું કે એ ફોર્ટ મેકમુરે શહેર જ છે એવી માન્યતા પ્રચલિત છે. ઉત્તર અબ્લબર્ટાની તૈલી રેતી પર વસેલા આ શહેરને ટ્રીપ એડવાઈઝરે પણ ૧૦ આકર્ષક સ્થાનોની યાદીમાં સમાવ્યું છે અને એને સૌથી વધુ રોમાંચક શહેર પણ ગણાવ્યું છે.

ફોર્ટ મેકમુરેની રચના જ એવી રીતે કરવામાં આવી છે કે, ત્યાં તમામ શહેરી સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે. આ શહેર વુડ બફેલો મ્યુનિસીપલ વિસ્તારમાં આવેલું છે. અહીંના રહેવાસીઓ રોમાંટીક ચીજોની ઓનલાઈન ખરીદી પણ વધુ કરે છે. આ જાણકારી પણ એમેઝોન કેનેડાના ડેટા ઉપરથી મળે છે. જે જાન્યુઆરી ૨૦૧૯થી જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાનનો છે. જેમાં આ વિસ્તારના અંદાજે ૨૦,૦૦૦ લોકોએ આવી ખરીદી કરી હતી. જેમાં રોમેન્ટીક નવલકથાઓ, રોમેન્ટીક કોમેડી ફિલ્મો, સંબંધોને લગતા પુસ્તકો, જવેલરી અને જાતિય સ્વસ્થતા માટેના ઉત્પાદનોનો સમાવેશ થાય છે. વપરાશકર્તાઓની દ્રષ્ટિએ પણ ફોર્ટ મેકમુરે ખરેખર આગળ છે. જો કે, બધા આ વાતથી સંમત નથી. કેમકે આ વર્ષે ફોર્ટ મેકમુરેએ આ સ્થાન છેલ્લા સાત વર્ષથી સૌથી વધુ રોમાંચક શહેર રહેલા વિકટોરીયા પાસેથી આંચકી લીધું છે.

આ વર્ષના રેંકીંગમાં વિકટોરીયા દસમા સ્થાને આવી ગયું છે.

# અખબારની તેજાબી કોલમિસ્ટ ક્રિસ્ટી બ્લેચફોર્ડનું ૬૮ વર્ષની વયે અવસાન

ટોરન્ટો : લાંબા સમયથી અખબારમાં પોતાની તેજાબી કલમથી ઉંડાણપૂર્વકના લેખો લખનારી અને લેખિકાક્રિસ્ટી બ્લેચફોર્ડનું ૬૮ વર્ષની વયે ફેફસાના કેન્સરને કારણે ટોરન્ટોના પ્રિન્સેસ માર્ગારેટ કેન્સર સેન્ટર ખાતે અવસાન થયું હતું. ગયા વર્ષે તેને થાપામાં અને કરોડરજજૂમાં કેન્સર હોવાનું નિદાન થયું હતું ત્યારથી એની સારવાર ચાલી રહી હતી.



જેની જાણ નેશનલ પોસ્ટ અખબારમાં ગયા વર્ષના નવેમ્બર માસમાં એક અહેવાલથી થઈ હતી. તેના ભાઈ લેસ બ્લેચફોર્ડે કહ્યું હતું કે, અમને એની યાદ ખૂબ આવશે.

પાંચ દાયકાથી તેણી અખબારી લેખન સાથે સંકળાયેલી હતી અને ગયા વર્ષે જુન માસમાં તેને ટોરન્ટો ખાતે જયોર્જ જોન્સ ફ્રિડમ ગાલા એવોર્ડથી નવાજવામાં આવી હતી, એમ ક્રિમીનલ ડીફેન્સ લોયર મેરી હેનેઈને કહ્યું હતું.

તેણે કહ્યું હતું કે, ક્રિસ્ટી એની શૈલીથી લખતી હતી અને સાચી વાત બેધડક રીતે બહાર લાવતી હતી.















# અર્થતંત્રમાં સુધારો : જાન્યુઆરીમાં ૩૪,૫૦૦ રોજગાર વધ્યા

## કૃષિ, મેન્યુફેકચરીંગ અને બાંધકામ ક્ષેત્રમાં સુધારાની અસર. સવર્સિ પ્રોવાઈડીંગ અને હેલ્થ સેકટરમાં રોજગાર ઘટયા

ઓટાવા : કેનેડામાં કૃષિ, મેન્યુફેકચરીંગ અને બાંધકામ ક્ષેત્રમાં સુધારાને પગલે કેનેડાના અર્થતંત્રએ આ વર્ષમાં જાન્યુઆરી માસમાં ૩૪,૫૦૦ રોજગાર ઉમેર્યા છે એમ સ્ટેસ્ટીકસ કેનેડાએ શુક્રવારે જણાવ્યું હતું.

આ વધારો થવાનું એક કારણ બેરોજગારીના દરમાં ઘટાડો ગણાય છે. જે ડીસેમ્બર, ૨૦૧૯માં ૫.૬ ટકા હતો એ જાન્યુઆરીમાં ઘટીને ૫.૫ ટકા થયો હતો. જોકે અર્થશાસ્ત્રીઓ તો જાન્યુઆરીમાં નવા ૧૫૦૦૦ રોજગારની અપેક્ષા રાખતા હતા, એમ નાણાંબજારની ડેટા પેઢી રેફીનીટીવે જણાવ્યું હતું.



મેન્યુફેકચરીંગ સેકટરમાં રોજગારીની તક વધતા એ આંકડો ૪૯,૧૦૦ સુધી પહોંચ્યો હતો.

આ સેકટરમાં જાન્યુઆરી માસમાં ૨૦,૫૦૦ રોજગારો ઉમેરાયા હતા. એ રીતે જ બાંધકામ સેકટરમાં ૧૫,૮૦૦ અને કૃષિ સેકટરમા ૧૧,૫૦૦ રોજગાર ઉમેરાયા છે. દરમિયાન સવર્સિ પ્રોવાઈડીંગ સેકટરે ૧૪,૫૦૦ રોજગારો ગુમાવ્યા હતા. એ રીતે જ હેલ્થકેર સેકટરે પણ ૧૬૦૦૦ રોજગાર ગુમાવ્યા હતા.

ગયા મહીને જોવા મળેલા રોજગારો પૈકી ૩૫,૭૦૦ પૂર્ણ સમયના હતા. જયારે પાર્ટ ટાઈમમાં ૧૨૦૦ રોજગાર ઘટયા હતા. પ્રાંત વાર જોવા જઈએ તો કયુબેકમાં ૧૯,૧૦૦ રોજગાર જાન્યુઆરીમાં વધ્યા હતા. જયારે મેનીટોબામાં એ આંકડો ૬૫૦૦, ન્યુ બ્રન્સવીકમાં ૪૬૦૦નો હતો અને જાન્યુઆરીમાં એલ્બર્ટામાં ૧૮,૯૦૦ રોજગારો ઘટયા હતા.

બેંક ઓફ કેનેડાએ મહત્વના વ્યાજદરોને એ સમય પુરતા જાળવી રાખ્યા હતા. પરંતુ આવનારા સમયમાં વ્યાજદરોમાં કાપની શકયતાઓ રાખી હતી. બેંકના ગવર્નર સ્ટીફન પોલોઝે કહ્યું હતું કે, સેન્ટ્રલ બેંક કન્ઝયુમર્સના ખર્ચ વધી શકે, એના પર ધ્યાન રાખીને આગળ વધશે. જેને કારણે હાઉસીંગ માર્કેટ અને વ્યાપારના વિકાસને વેગ મળી શકે.

# ઈમિગ્રન્ટસ કે પ્રવાસીઓના કેનેડામાં રોકાણની વિગતો સરળતાથી મળી શકશે

### • ઈમિગ્રન્ટને મળેલી પરવાનગીની શરતોના પાલન અંગે પણ ચકાસણી થશે

ઓન્ટેરિયો : કેનેડાની ફેડરલ મિનીસ્ટ્રી ઓફ ઈમિગ્રેશને હવે આ મહિનાથી એવી ક્ષમતા મેળવી લીધી છે કે, દેશમાં પ્રવેશનારા અને દેશથી બહાર જનારા પ્રવાસીઓ કેનેડામાં કેટલો સમય રહ્યા એ જાણી શકશે. જેનાથી એ પણ જાણી શકશે કે એ ઈમિગ્રન્ટ એને મળેલા વિઝીટર વિઝા, વર્ક પરમીટ, સ્ટડી પરમીટ, કાયમી નિવાસની સ્થિતિ અને કેનેડીયન નાગરીકતા મુજબ રહ્યા છે કે નહીં. ઈમિગ્રેશન રેફયુજીસ એન્ડ સીટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી) હવે કેનેડીયન બોર્ડર સીર્વસીઝ એજન્સી (સીબીએસએ) પાસેથી પ્રવાસીઓના આવાગમનની વિગતો જાણી શકશે. જયારે કોઈ પણ પ્રવાસી અમેરીકાની કેનેડા સાથેની સરહદ પાર કરશે ત્યારે તેમની વિગતો સીબીએસએને દેશમાંથી બહાર ગયા હોવાના હેડ મુજબ મોકલશે. આ માહિતીનો ઉપયોગ આઈઆરસીસી ‘ ધી એડમિનીસ્ટ્રેશન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ ઈમિગ્રેશન એન્ડ સીટીઝનશીપ પ્રોગ્રામ‘ હેઠળ કરી શકશે. જેમાં પ્રવાસીનું નામ, જન્મ તારીખ, રાષ્ટ્રીયતા કે નાગરીકત્વ, જાતિ અને પ્રવાસના પ્રકારની વિગતો હશે.

પ્રવેશ અને નિકાસ પ્રોગ્રામ હેઠળ હવાઈ પ્રવાસનને જુન ૨૦૨૦ સુધી લંબાવવામાં આવશે. આઈઆરસીસી દરેક પ્રવાસીની વિગતો જાણી એને ચકાસી શકશે. જેથી ઈમિગ્રન્ટને મળેલી પરવાનગીની શરતોનું પાલન બરાબર થયું છે કે નહીં એ જાણી શકાશે. જેના પગલે ઓથોરીટી એવા ઈમિગ્રન્ટને કામચલાઉ નિવાસ માટેના વિઝા, કામ ચલાઉ નિવાસ માટેની પરવાનગી, પ્રવાસી તરીકેનો રેકોર્ડ, વર્ક પરમીટ અને એને લંબાવવાની પ્રક્રિયા, સ્ટડી પરમીટ અને એને લંબાવવાની પ્રક્રિયા તેમજ ઈલેકટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશનની અરજીઓ હાથ ધરી શકશે.

# ઓન્ટેરિયોમાં ઓટો ઈન્સ્યુરન્સના દર ૧૧ ટકા સુધી પહોંચી ગયા

ઓન્ટેરિયો : આ વર્ષે ઓન્ટેરિયોમાં ઓટો ઈન્સ્યુરન્સના દર વધીને ૧૧ ટકા સુધી પહોંચ્યા છે. જો કે, ફોર્ડ સરકારે પ્રિમીયમમાં ઘટાડાનું વચન આપ્યું હતું છતાં દર વધ્યા છે. રેડીયો કેનેડાએ કહ્યું હતું કે, તેમની જાણ મુજબ ફાઈનાન્સીયલ સવર્સીઝ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઓન્ટેરિયો (એફએસઆરએ) તરફથી ૨૦ કંપનીઓને ઓટો ઈન્સ્યુરન્સના પ્રિમીયમમાં વધારો કરવાની મંજુરી અપાઈ ગઈ છે.

એફએસઆરએના ત્રિમાસિક અપ ડેટમાં જણાવાયું હતુ કે, કુલ બજારમાં લાગુ પડાતા પ્રિમીયમના દરમાં આશરે ૧.૫૬ ટકાનો વધારો કરવામાં આવશે. કેટલીક કંપનીઓ અત્યારે ૧૧ ટકાની આસપાસ છે જયારે બાકીની કંપનીઓ ૧૦ ટકા સુધી પહોંચી છે. એપ્રિલ ૨૦૧૯માં ફોર્ડ સરકારે તેનું પહેલુ બજેટ રજુ કરતી વખતે ઓટો ઈન્સ્યુરન્સ સિસ્ટમમા મહત્વના સુધારા કરવાનું વચન આપ્યું હતું. સુધારાઓનો આશય ડ્રાઈવરો માટે ઉપલબ્ધ પ્લાન મુજબ તેઓ સરળતાથી કલેમ નોંધાવી શકે એવો હતો. જેને કારણે ઈન્સ્યુરન્સ પ્રોવાઈડર્સ વચ્ચે સ્પર્ધા થાય અને ગ્રાહકને એનો લાભ મળી શકે. તત્કાલિન નાણાં મંત્રી વિક ફેડેલીએ તે સમયે આવી દરખાસ્તને પ્રિમીયમ ઘટાડવાની નહીં, પરંતુ ફેરફાર લાયક ગણાવી હતી. દેશમાં ઓન્ટેરિયો એક માત્ર એવું શહેર છે જયાં અકસ્માતો અને મૃત્યુનો સૌથી ઓછો દર છે. છતાં ઓટો ઈન્સ્યુરન્સનો સરેરાશ ખર્ચ વધુ આવે છે.

# દિલ્હીમાં 'આમ આદમી પાર્ટી'નો ડંકો ભાજપ અને કોંગ્રેસને મળ્યો જાકારો

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થતાં ભાજપમાં સોપો પડી ગયો છે. કારણ કે દિલ્હીમાં આમ આદમી પાર્ટી સામે ભાજપને માત્ર ૮ બેઠક મળી છે.

આમ તો ભાજપને આપ સાથે સાતેક વર્ષથી અણબનાવ હતો એટલે આ વખતે એડીચોટીનુ જોર લગાવી દીધું હતુ. ભાજપ સાંસદો, ભાજપ શાસિત રાજ્યોના સીએમ અને ઢગલેબંધ ધારાસભ્યો, કાર્યકરોની ફૌજ ઉતારીને કેજરીવાલને મહાત આપવા ભાજપે મરણીયા પ્રયાસો કર્યા હતા. પરંતુ દિલ્હીના નાગરિકોએ ફરી આમ આદમી પાર્ટીને સત્તાની બાગડોર સોંપી છે.

તેમની બેઠક ઘટી છે આમ છતાં બહુમતીનો આંક બહુ ઊંચો છે. યુપીએ સરકાર સામે અન્ના હજારેએ ૨૦૧૨માં આંદોલન છેડ્યું હતુ. તે વખતથી કેજરીવાલ તેની સાથે હતા. જે બાદ રાજકીય પાર્ટીના નેતાઓએ હજારે સમર્થકોને રાજનીતિમાં આવવા પડકાર ફેંક્યો હતો. આ વાતથી અન્ના હજારે સહમત ન હતા પરંતુ કેજરીવાલ, મનીષ સિસોદીયા, કુમાર વિશ્વાસ જેવા અનેક નાગરિકોએ આ પડકાર ઝીલવા બીડું ઝડપ્યું. આ સજ્જનોની ઈચ્છા હતી કે, દેશમાં સાફસુતરી રાજનીતિ ચાલે, વીવીઆઈપી કલ્ચર દૂર થાય, આમજનતાના હિતની જ વાતો થાય. બસ આ જ ઉદ્દેશ્ય સાથે અરવિંદ કેજરીવાલે આમ આદમી પાર્ટીની રચના કરી.

૨૦૧૪માં દિલ્હી વિધાન સભાની ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી બન્યા બાદ કોંગ્રેસના ટેકાથી ૪૭ દિવસ માટે શાસન કર્યું. જે બાદ કોંગ્રેસે ટેકો પરત ખેંચી લેતાં સરકાર પડી ગઈ. આખરે ૨૦૧૫માં ફરી ચૂંટણી થઈ અને આમ આદમી પાર્ટીને ૭૦માંથી ૬૭ બેઠકો મળી. જે બાદ તે સતત પાંચ વર્ષ માટે સત્તામાં રહી. પાંચ વર્ષ સત્તા ભોગવ્યા છતાં આમ આદમી પાર્ટીના મોટા ભાગના નેતાઓના દિમાગ આસમાને નથી પહોંચ્યા એ તેમની સૌથી મોટી સિદ્ધિ છે.

બીજી બાજુ ચિત્ર એવું છે કે, ભાજપ અને કોંગ્રેસ જે રાજ્યમાં સત્તામાં છે ત્યાંના મોટાભાગના નેતા, કાર્યકરો પોતાને જ સર્વોપરી માને છે. દેશભરમાં ભાજપ વિરોધી લહેર હોવાનો વધુ એક વખત પુરાવો દિલ્હીની ચૂંટણીએ આપ્યો છે. કેન્દ્ર સરકારે સીએએ-એનપીઆર-એનઆરસીનો વિવાદ ચાલુ રહેવા દીધો છે. બાકી સીએએના કાયદામાં કશુ વિરોધ કરવા જેવુ નથી. શાહીનબાગના મુદ્દાનો તો કેજરીવાલે બરાબર લાભ ઉઠાવ્યો. કેમ કે તેણે વિરોધ કે તરફેણ કંઈ ન કર્યું. માત્ર ફાયરિંગ વખતે ટ્વિટ કર્યું કે દિલ્હીની કાયદો વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. જ્યાં ચૂંટણી લડે ત્યાં જીતવા ટેવાયેલા ભાજપને અહીં હાર થવાની છે એ પરિણામ પહેલા જ જાણ થઈ ચૂકી હતી. એટલે દિલ્હીમાં અમિત શાહના ફોટા સાથે પોસ્ટર લગાડી દેવાયા, 'વિજય થવાથી અમને અહંકાર આવતો નથી, હારી જઈએ ત્યારે અમે નિરાશ થતાં નથી.' આ વાત પોસ્ટરમાં લખાઈ હતી. પંરતુ વાસ્તવિકતા સૌ જાણે છે. ગુજરાતમાં સામાન્ય સરપંચનો પુત્ર હોય કે કેન્દ્રમાં મંત્રી.. તેના અહંકારનો કોઈ પાર નથી.

દિલ્હીમાં ભાજપે હિંદુ મુસ્લિમ કે રામ મંદિર, સર્જિકલ સ્ટ્રાઈક જેવા મુદ્દાઓ ગજવ્યા, પણ લાભ મળ્યો નહીં. કેજરીવાલે તો છેક કારગીલ યુદ્ધ પુરું થયું ત્યારથી દિલ્હીને ભ્રષ્ટ્રાચાર મુક્ત કરવાની ઝૂંબેશ આદરી હતી. એ વખતે દિલ્હીના ગલી-મહોલ્લામાં ભ્રષ્ટ્રાચાર મુક્તિના પોસ્ટર ચિપકાવેલા જોવા મળતા હતા. પરંતુ એ વખતે શિલા દિક્ષિતની કોંગ્રેસ સરકાર વચ્ચે પરિવર્તન આસાન ન હતું. કેજરીવાલે નિરાશ થવાને બદલે કામ કર્યે રાખ્યું. એટલે દેશ જ્યારથી નરેન્દ્ર મોદીને ઓળખતો થયો એની પણ પહેલાથી દિલ્હીની ગલીઓ કેજરીવાલને ઓળખતી થઈ હતી. કેજરીવાલ અને આમ આદમી પક્ષનો વિકાસ ફૂગાવાની માફક રાતોરાત નથી થયો. અનુભવે થયો છે. ૨૦૧૪માં પ્રથમ વાર સરકાર બની ત્યારે માંડ દોઢ મહિનો ચાલી હતી. એ વખતે સત્તામાં આવેલા આપના નેતાઓ આડા-અવળા વિધાનો કરતાં હતા. પરિણામ પણ તુરંત આવ્યુ. સરકારે રાજીનામું આપવું પડયું. ફરીથી ચૂંટણી આવી, ફરીથી આમ આદમી પક્ષે જંગી બહુમતી મેળવી અને સરકાર બનાવી. એ વખતે દિલ્હીમાં પણ ખાસ જાણીતા ન હોય એવા નેતાઓને મંત્રી બનવાયા હતા. વળી, થોડો સમય થયો ત્યાં આમ આદમીમાં ભંગાણ શરૂ થયું. આશીષ ખેતાન, કપિલ મિશ્રા, કુમાર વિશ્વાસ, મયંક ગાંધી, યોગેન્દ્ર યાદવ, પ્રશાંત ભૂષણ, શાંતિ ભૂષણ, મેધા પાટકર, અંજલિ દાલમિયા, વિનોદ કુમાર બિન્ની, શાઝિયા ઈલ્મિ, કેપ્ટન ગોપિનાથ જેવા નેતાઓ કેજરીવાલથી અલગ થઈ ગયા છે.

૨૦૧૫માં બહુમતી સાથે સત્તા મળી એ પછી આપના બીજા નેતાઓ તો ઠીક ખુદ કેજરીવાલ પણ કોઈના કાબુમાં ન હતા. એક પછી એક વિવાદાસ્પદ વિધાનો, વડાપ્રધાનનો વાત વાતમાં વિરોધ, કારણ વગરની ટીકા કરતા હતા.

અરે, એક વાર તો તેણે એર સ્ટ્રાઈકના પુરાવા માંગવાની ચેષ્ઠા પણ કરી હતી. જો કે, કેજરીવાલની તે વખતે ઘણી ટીકા થઈ હતી. જે પછી કેજરીવાલને સમજાયું કે, બોલ-બોલ કરવા કરતાં જેટલી સત્તા છે તેનો ઉપયોગ કરી કામ કરવું જોઈએ. એટલે કેજરીવાલે પોતાનું વલણ બદલતા આમજનતાના કામો કરવામાં ધ્યાન આપવાનું શરૂ કર્યું. પરિણામે ભાજપના આક્રમક પ્રચાર છતાં નાગરિકોએ ફરી કેજરીવાલને જ સત્તા સોંપી છે. આ વખતે ૭૦માંથી ૬૨ બેઠકો પણ વિજય મેળવી કેજરીવાલે ફરી દિલ્હીના વિકાસની અને આમ આદમીના ભલાની જ વાતો કરી છે. કેજરીવાલને મોટી શીખ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે પણ મળી હતી. તેમણે મોટા રાજકારણીની માફક ભાજપ-કોંગ્રેસ પર પ્રહારો કર્યા, ફાલતુ મુદ્દાઓ પર સમય બગાડયો. એટલે સાતેય સંસદિય બેઠકો પણ ભાજપનો વિજય થયો હતો. એટલુ જ નહી આમ આદમીના મતની ટકાવારી પણ માત્ર ૧૮ ટકા નોંધાઈ હતી.

દેશના વિવિધ રાજ્યોની સરકારે જે શિક્ષણને મોટો વેપાર બનાવી દીધો છે, એ ક્ષેત્રે આમ આદમીએ વિપરિત કામ કર્યું છે. ગુજરાત સહિત મોટાભાગના રાજ્યોમાં સરકારને સરકારી શાળાઓ ઊંચી આવે એવી કામગીરી કરવામાં રસ નથી. ખાનગી શાળાઓ ફૂલે-ફાલે એમાં રાજકીય તિજોરી ભરાતી રહે, પ્રજા હેરાન થતી રહે તેવી નીતિ આ સરકારોની છે. તેની સામે દિલ્હીમાં કેજરીવાલે સરકારી શાળાઓને નમૂનેદાર બનાવી છે. લગભગ ૨૦ હજાર જેટલા સરકારી સ્કૂલના નવા ઓરડા બનાવ્યાનો આપનો દાવો છે. ગુજરાત તો સમૃદ્ધ રાજ્ય હોવા છતાં સરકારી શાળાની સ્થિતિ બદ્તર છે. ગુજરાતમાં મોદી સરકારના સમયથી જ શિક્ષણનું વેપારીકરણ થવા માંડ્યું હતુ. આરોગ્ય સેવાના આજે પણ ઠેકાણા નથી. અત્યારે સામાન્ય પરિવારને સૌથી વધુ ડર બિમાર પડવાનો લાગે છે. કેમ કે, એક વખત દવાખાનામાં દાખલ થવાનું આવે તો બિલ હજારોનું આવે છે. કેજરીવાલે આ જ બાબતનો વિચાર કર્યો અને તે દીશામાં કામ કર્યું.

અનુસંધાન પેજ નં. ૧૫

manoj1968@yahoo.ca






SkyRoute
TRAVEL SERVICES INC.



AIR CANADA
QATAR AIRWAYS القطرية
Lufthansa
Emirates
ETIHAD AIRWAYS

AHMEDABAD → $1159
DELHI ← $999

VADODARA → $1199
MUMBAI ← $989

24

Niket Zala - Ext. 504
Ekta Jadav – Ext. 411
Aswin Patel – Ext. 509
Naved Khan – Ext. 507
Jasleen Walia – Ext.550
Yogesh Chavda – Ext. 508

અમે ગુજરાતી બોલીએ છીએ

Vasu Govind – Ext. 328
Mitesh Shrimali – Ext. 506
Shital Jaiswal – Ext. 406
Shashi Shukla – Ext. 511
Gaurang Makwana - Ext. 505

CONSUMER PROTECTION BC
IATA
tico.ca
Travel Industry Council of Ontario
Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

416-439-4000
Toll Free 1-877-go to sky

*we will beat any advertized fares by 10% of the difference*

OFFICE IN AHMEDABAD
SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

SPECIAL FARES FROM
Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# ૨૦૧૯માં ૩.૪૧ લાખ ઈમિગ્રન્ટસને આવકાર : વિક્રમ સર્જાયો

## ઈતિહાસમાં પાંચમી વાર એક જ વર્ષમાં ત્રણ લાખથી વધુ ઈમિગ્રન્ટસને આવકાર

ઓન્ટેરિયો : કેનેડાએ ૨૦૧૯માં વિક્રમ સર્જક ૩૪૧૦૦૦ ઈમિગ્રન્ટસને આવકાર આપીને ઈતિહાસમાં પાંચમી વાર એક જ વર્ષમાં ત્રણ લાખથી વધુ ઈમિગ્રન્ટસને આવકાર આપવાની ગતિ જાળવી રાખી છે.

અગાઉ કેનેડાએ ૧૯૧૧ થી ૧૯૧૩ અને ૨૦૧૮માં આવું કર્યું હતું. કેનેડા ૨૦૧૯-૨૦૨૧ માટેના ઈમિગ્રેશન લેવલ પ્લાનમાં નક્કી કરેલા ૩,૩૦,૮૦૦ ઈમિગ્રન્ટસના લક્ષયાંકને પણ વટાવીને દસ હજાર વધુ ઈમિગ્રન્ટસને આવકાર્યા છે.

કેનેડાએ પોતાના આયોજન મુજબ ૫૮ ટકાને ઈકોનોમિક કલાસ હેઠળ, ૨૭ ટકાને ફેમિલી સ્પોન્સરશીપ હેઠળ અને બાકીના ૧૫ ટકાને શરણાર્થી તરીકે માન્યતા આપી છે.

### નવા ઈમિગ્રન્ટસમાં ૨૫ ટકા ભારતથી આવ્યા

કેનેડામાં નવા આવનારા ઈમિગ્રન્ટસમાં ભારતીયો મુખ્ય રહ્યા છે. ઈસ ૨૦૧૯માં અંદાજે ૮૬,૦૦૦ ભારતીયો કેનેડાના કાયમી નિવાસીબન્યા હતા. જે કેનેડામાં નવા આવનારાઓના ૨૫ ટકા જેટલા થાય છે. બીજા ક્રમે ચીન ૯ ટકા સાથે છે. ત્યાર બાદ ૮ ટકા સાથે ફિલીપીન્સ અને બાકીના દેશોમાં નાઈજીરીયા, અમેરીકા, પાકિસ્તાન, સિરીયા, એટીરીયા, દક્ષિણ કોરીયા અને ઈરાન સહિતના દશ દેશો આવે છે.

### ૨૦૧૯માં આવેલા નવા ઈમિગ્રન્ટસ : ૩૪૧૧૮૦

| ક્રમ | દેશ | આગંતુકોની સંખ્યા |
|---|---|---|
| ૧. | ભારત | ૮૫૫૮૫ |
| ૨. | ચીન | ૩૦૨૬૦ |
| ૩. | ફિલીપીન્સ | ૨૭૮૧૫ |
| ૪. | નાઈજિરીયા | ૧૨૫૯૫ |
| ૫. | અમેરીકા | ૧૦૮૦૦ |
| ૬. | પાકિસ્તાન | ૧૦૭૯૦ |
| ૭. | સિરીયા | ૧૦૧૨૦ |
| ૮. | એટીરીયા | ૭૦૨૫ |
| ૯. | કોરીયા | ૬૧૧૦ |
| ૧૦. | ઈરાન | ૬૦૫૫ |

### આવનારાઓ લોકોની પસંદગીના સ્થળમાં ઓન્ટેરિયો અગ્રેસર

નવા આવનારાઓ માટે ટોચનું સ્થાન ધરાવનાર શહેર ઓન્ટેરિયો રહ્યા છે. જયાં વર્ષ ૨૦૧૯માં ૪૫ ટકા ઈમિગ્રન્ટસને આવકાર મળ્યો હતો. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૨ ટકા વધુ હતો. કયુબેકની સરકારે એવી સ્પષ્ટતા કરી હતી કે, તેમણે ઈમિગ્રન્ટસની સંખ્યામાં ૨૦ ટકા કાપ મુકવાનો નિર્ણય કર્યો હોવાથી એ બે સ્થાન પાછળ રહ્યું હતુ. અને ચોથા સ્થાને રહ્યું હતુ. મહત્વનું બીજું સ્થાન બ્રિટીશ કોલંબિયાએ ૫૦૦૦૦ ઈમિગ્રન્ટસને આવકારીને હાંસલ કર્યું હતું. જયારે અલ્બર્ટા ત્રીજા સ્થાને રહયું હતું.

# નારાયણ મૂર્તિના જમાઈ રૂષિ સુનક બન્યા બ્રિટનના નવા નાણાં પ્રધાન

લંડન : ભારતીય મૂળના રાજકારણી રૂષિ સુનકને ગુરુવારે બ્રિટનના નવા નાણાં પ્રધાન બનાવવામાં આવ્યા છે. સુનક ઈન્ફોસીસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિના જમાઈ છે. તેમણે મૂર્તિની પુત્રી અક્ષતા સાથે લગ્ન કર્યા છે. બ્રિટનના વડા પ્રધાન બોરિસ જ્હોન્સને પાકિસ્તાન મૂળના સાજિદ જાવિદે નાણાં પ્રધાન પદેથી રાજીનામું આપ્યા બાદ તેમના પ્રધાનમંડળમાં આ ફેરબદલ કર્યો હતો. સુનક જહોનસન કેબિનેટમાં ભારતીય મૂળના બીજા મહત્વપૂર્ણ પ્રધાન છે. ભારતીય મૂળની પ્રીતિ પટેલ બ્રિટનના ગૃહ પ્રધાન છે. સાજિદે તાજેતરમાં જ અણધારી રીતે રાજીનામાની જાહેરાત કરી દીધી હતી. ડિસેમ્બર ૨૦૧૯ માં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં જહોનસનની આગેવાની હેઠળની કન્ઝર્વેટિવ પાર્ટી ફરીથી સત્તામાં આવી. ૩૯ વર્ષીય સુનક હેમ્પશાયરમાં જન્મ્યા છે, ૨૦૧૫ થી રિચમોન્ડ (યોર્કશાયર) ના સાંસદ છે. ગયા વર્ષે ટ્રેઝરીમાં મુખ્ય સચિવ તરીકે બઢતી મળ્યા બાદ પહેલાં તેઓ સ્થાનિક સરકારના વિભાગમાં એક જુનિયર પ્રધાન હતા. ડાઉનિંગ સ્ટ્રિટએ એક સત્તાવાર ઘોષણામાં કહ્યું કે રાણીએ રૂષિ સુનકની ચાન્સલર ઓફ એકસચેન્જર તરીકે નિમણૂકને મંજૂરી આપી છે. ફાર્માસિસ્ટ માતા અને રાષ્ટ્રીય આરોગ્ય સેવાના જનરલ પ્રેક્ટીશનર પિતાનાં પુત્ર રૂષિએ ઓક્સફર્ડ યુનિવર્સિટી અને સ્ટેનફોર્ડમાં અભ્યાસ કર્યો છે. રાજકારણમાં પ્રવેશતા પહેલા તેણે તેના સહયોગી સાથે એક અબજ-પાઉન્ડનાં વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ ફર્મની સ્થાપના કરી અને નાના બ્રિટીશ વ્યવસાયોમાં રોકાણ કરવામાં નિપુણતા મેળવી છે.









# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# સુરતમાં વેડ રોડ પર ગેંગવોર : માથાભારે સૂર્યા મરાઠી અને હાર્દિક પટેલની હત્યા

**• સૂર્યા મરાઠી મનુ ડાહ્યા હત્યા કેસમાં પકડાયો હતો, ગત બુધવારે જ તે નિર્દોષ છૂટયો હતો**



શહેરના વેડરોડ વિસ્તારના માથાભારે તરીકેની છાપ ધરાવતાં અને સપ્તાહ પહેલા હત્યા કેસમાં નિર્દોષ છૂટેલા સૂર્યા મરાઠીની બુધવારની બપોરે તેની ઓફિસમાં જ નિર્મમ હત્યા કરાઈ હતી. એક સમયના તેના અતિ વિશ્વાસુ સાથીદાર હાર્દિક પટેલ સાતેક યુવકો સાથે ઓફિસમાં ઘૂસ્યો અને તીક્ષ્ણ હથિયારના ૩૦થી વધુ ઘા ઝીંકી સૂર્યાને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ હુમલા દરમિયાન ઘવાયેલા હાર્દિકનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વેડરોડ સ્થિત ત્રિભુવનનગરમાં રહેતો સુરેશ શ્રીરામભાઈ પવાર ઉર્ફે સૂર્યા મરાઠી (ઉં.વ.૩૬) ઘર ઓમ સાંઈ પાર્ક નામથી ઓફિસ ચલાવતો હતો. હત્યા, હત્યાનો પ્રયાસ, મારા મારી, ધાક ધમકી, ખંડણી વિગેરે સંખ્યાબંધ ગુનાઓનો આરોપી સૂર્યા મરાઠી છેલ્લે મનુ ડાહ્યા હત્યા કેસમાં પકડાયો હતો. આ કેસમાં ગત બુધવારે જ તે નિર્દોષ છૂટયો હતો.

દરમિયાન બુધવારે બપોરે સૂર્યા મરાઠી તેની ઓફિસમાં બેઠો હતો, ત્યારે આઠેક ઈસમો તેની ઓફિસમાં પ્રવેશ્યાં હતા, તલવાર તથા ચપ્પુ જેવા તીક્ષ્ણ હથિયારથી તેના પર જીવલેણ હુમલો કર્યો હતો. ઓફિસની અંદર આરામ કરતાં સૂર્યાને ચાકુ છરાના આડેધડ ઘા ઝીંકાતા તે લોહીલુહાણ થઈ ઢળી પડયો હતો. તેને સારવાર માટે મહાવીર હોસ્પિટલ લઈ તો જવાયો પરંતુ ત્યાં તેનું મોત નીપજ્યું હતું. આ હુમલાનો મુખ્ય સૂત્રધાર સૂર્યા મરાઠીનો એક સમયનો અંગત મિત્ર અને વિશ્વાસુ હાર્દિક હરેશ પટેલ (ઉં.વ.૩૨, રહે. શ્રીગણેશ એપાર્ટમેન્ટ, વેડરોડ) હોવાનું તથા તેની સાથે શૈલેષ કુડલી, રાહુલ, સાહીલ, વિક્કી સહિતના સાતેક યુવકો સીસી કેમેરામાં કેદ થયા હતાં. જો કે હુમલા દરમિયાન સૂર્યાના વળતાં પ્રહાર કે અન્ય કોઈ રીતે હાર્દિકને પણ ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર માટે પ્રાણનાથ હોસ્પિટલમાં ખસેડાયેલા હાર્દિકનું પણ મોત નીપજતાં મામલો બેવડી હત્યાનો બન્યો હતો.

# ચીનની પરિસ્થિતિ નહિ સુધરે તો, સુરતના હીરાઉદ્યોગને ફટકો પડશે

સુરતઃ કોરોના વાઈરસની મહામારી કાબૂમાં આવી રહી નથી. ચીન અને હોંગકોંગના પ્રદેશોમાં લોકોની અવર-જવર ઘટી છે. આ પરિસ્થિતિમાં ઝડપથી સુધારો નહિ નોંધાય તો, સ્થાનિક ડાયમંડ ઈન્ડસ્ટ્રીને પણ અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલમાં તૈયાર હીરાની માગમાં આંશિક ઘટાડો થયો છે, પરંતુ પરિસ્થિતિ લાંબી ચાલવાના સંજોગોમાં પોલિશ્ડ ડાયમંડનું ઉત્પાદન ઘટાડવાના સંજોગો બની શકે તેવી ભીતિ હીરાઉદ્યોગકારો વ્યક્ત કરી રહ્યા છે.

હીરાઉદ્યોગ સાથે સંકળાયેલાઓ મુજબ, જેમ-જ્વેલરી ઈન્ડસ્ટ્રીને સ્પર્શે છે ત્યાં સુધી હોંગકોંગ-ચાઈના ભારત માટે મહત્ત્વનં માર્કેટ છે. ભારતથી થતી તૈયાર હીરા તથા જ્વેલરી નિકાસમાં અમેરિકા બાદ હોંગકોંગ-ચાઈના મોટું માર્કેટ છે. એપ્રિલથી ડિસેમ્બર ૨૦૧૯ના અરસામાં ભારતથી ૧૪,૬૬૬.૪૮ મિલિયન ડોલરની કિંમતના પોલિશ્ડ ડાયમંડની નિકાસ થઈ છે. અમેરિકી નિકાસ માર્કેટનો ૨૮ ટકા, હોંગકોંગ માર્કેટનો ૨૭ ટકા તથા યુએઈનો ૨૬ ટકા માર્કેટ શેર રહ્યો છે. હાલમાં કોરોના ઔવાઈરસની ઈફેક્ટથી હોંગકોંગ-ચાઈના સાથેનો વેપાર ઘણે અંશે થંભી ગયો છે. વધુમાં હોંગકોંગમાં ૩ માર્ચ સુધી શાળાઓમાં વેકેશન જાહેર કરાયું છે, જેની અસરે ઘણા હીરાવેપારીઓ ભારત આવી ગયા છે. આ તમામ પરિબળો વચ્ચે પરિસ્થિતિમાં ઝડપથી સુધારો નહિ આવે તો સ્થાનિક ડાયમંડ ઈન્ડસ્ટ્રીને પણ અસર થઈ શકે તેવો મત પ્રવર્તી રહ્યો છે. કોરોના ઈફેક્ટની અસરથી તૈયાર હીરાની માગને જરૂર અસર થઈ છે. જે લાંબી ચાલે તો ભરાવાની સ્થિતિ અને ફાઈનાન્સ સહિતના મુદ્દા ઉપસ્થિત થઈ શકે છે. જેને લઈને ઉત્પાદન નિયંત્રિત કરવા સહિતના મુદ્દે ઉદ્યોગકારો આગળ વધી શકે છે. જો કે, હાલમાં કોઈએ ઉત્પાદન ઘટાડ્યું નથી. જો કે, આ સ્થિતિમાં રફ ડાયમંડની ખોટી ડિમાન્ડ અને ભાવ ઘટશે, ઉપરાંત સ્થિત થાળે પડવાના સંજોગોમાં બજારને વેગ મળશે.


**Dry Cleaning Plant For Sale**

Dry Cleaning Plant for sale Near Tampa Florida. US - E2 VISA Eligible. Asking price 275K. Earning 75K plus owners benefits.

**Call for more details- 941 284 0325**

First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance



Shailesh Patel

We represent many insurance companies, we can shop around for best rates.

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ટુકડે ટુકડે ગેંગને જવાબ સાથે દેશ ભક્તિ, અને સ્વાભિમાનની રેલી છે : રૂપાણી

**• કોંગ્રેસ લોકોમાં ગેરસમજ ફેલાવીને દેશને નબળો પાડવાનું કામ કરી રહી છે**

સુરત : સુરત સહિત ગુજરાતના અનેક શહેરોમાં રવિવારે સીએએના સમર્થનમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. તે દેશ ભક્તિ, દેશ હિત અને દેશના સ્વાભિમાનની રેલી હોવાનું ગુજરાતના મુખ્યમંત્રીએ કહ્યું હતું. સીએએના સમર્થનમાં સુરતમાં નિકળેલી રેલીને પ્રસ્થાન કરાવતાં પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સીએએ મુદ્દે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા.

ભારતના ટુકડા કરનારી ગેંગ સાથે કોંગ્રેસ તથા એન્ય વિરોધીઓ લોકોમાં ગેરપ્રચાર ફેલાવી રહ્યાં છે. સુરતના માનગઢ ચોકમાં સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કરીને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રેલીમાં મોટી સંખ્યામાં હાજર લોકોને સંબોધન કરતાં કહ્યું હતું.

સીએએનો કાયદો કોઈની નાગરિકતા છીનવવા માટે નહીં પરંતુ પાકિસ્તાન, બાંગ્લાદેશ જેવા દેશોમાં હિન્દુ સહિતના લઘુમતી સમાજ પર જે અત્યાચાર થઈ રહ્યાં છે અને તેઓ ભારતમાં શરણ લીધું છે તેઓને નાગરિકતા આપવાનો કાયદો છે. પરંતુ કોંગ્રેસ મુસ્લીમોને આગળ કરીને તેમનામાં ગેર સમજ ફેલાવીને વિરોધ કરી રહી છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતની નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર ચૂંટણી ઢંઢેરામાં આપેલા એક પછી એક વાયદા પુરા કરી રહી છે ત્યારે દેશના ટુકડે ટુકડા કરવાની નીતિ રાખતી ગેંગના સમર્થન કરીને કોંગ્રેસ, કેજરીવાલ, મમતા જેવા ખોટો પ્રચાર કરી રહ્યાં છે તે બધા ચોર ચોર માસેરા ભાઈ જેવા છે. લોકોમાં ગેર સમજણ ફેલાવીને દુષ્પર્ચાર કરીને બુમરાણ મચાવી રહ્યાં છે.

# સ્ટેચ્યૂ જોવા માટે આવતા પ્રવાસીઓ માટે હવે એન્જિન બોટ શરૂ કરાશે

કેવડિયા : કેવડિયાથી સ્ટેચ્યુ ઓફ્ યુનિટી સુધી ૧૫૦ કરતા વધારે પ્રવાસીઓ એક સાથે જળ માર્ગે જઈ શકે તે માટે એન્જીન બોટ શરૂ કરવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. આ બોટ દ્વારા પ્રવાસીઓ સ્ટેચ્યૂ ઓફ યૂનિટી જળમાર્ગે જઇ શકશે.

દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ્ યુનિટી જોવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. ત્યારે પ્રવાસીઓ હવે જળમાર્ગે પણ જઈ શકે તે માટે જળમાર્ગ માટે શરૂ કરવામાં આવી છે. આ એન્જીન બોટમાં ૧૫૦ થી ૨૦૦થી વધારે પ્રવાસીઓ જઈ શકશે. જળમાર્ગે જઈને સ્ટેચ્યુ ઓફ્ યુનિટીનો નજારો જોઈ શકશે. હાલમાં સ્ટેચ્યુ ઓફ્ યુનિટી નજીકના વિસ્તારમાં જ્યાં જેટી બનાવવાનું કામ ચાલુ છે. તેમજ બોટ પણ અહીંયા જ બનાવવામાં આવી રહી છે. આ સાથે હાલમાં નવો પુલ વાઘોડિયા ગામ નજીક નર્મદા નદી પર બનાવવામાં આવી રહ્યા છે. તેનું કામ પણ પૂર્ણતાને આરે છે. આ પુલ બન્યા બાદ ગોરાના જુના પુલ ને તોડી નાખવામાં આવશે. જેથી રમાડા હોટલ નજીકથી જળમાર્ગે સ્ટેચ્યુ ઓફ્ યુનિટી જોવા પ્રવાસીઓનો બોટ દ્વારા જઈ શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. આ બોટ સેવા ઉનાળામાં શરૂ થઈ જાય તેવી શક્યતાઓ છે.

# તક્ષશિલા અગ્નિકાંડમાં ભાગેડુ આરોપી નવ મહિને ઝડપાયો

સુરત : તક્ષશિલા અગ્નિકાંડને નવ માસ વીતી ચૂક્યા છે. આ કેસમાં ૧૪ આરોપીઓ વિરુદ્ધ ક્રાઇમ બ્રાંચે ગુનો દાખલ કર્યો છે. આ પૈકી ૧૩ આરોપીની ધરપકડ કરી જેલને હવાલે કરી દેવાયા છે. આ કેસમાં લાંબા સમયથી પોતાની ધરપકડ ટાળવા નાસતા ફરતા બિલ્ડર દિનેશ કાનજીભાઈ વેકરિયાને મંગળવારે સાંજે ક્રાઇમ બ્રાંચે દબોચી લીધો હતો. તો, બીજીબાજુ ૨૨ જેટલા બાળકો જેના કબજા હેઠળની મિલકતમાં હંમેશા માટે ખામોશ થઈ ગયા તેવા ટ્યૂશન કલાસના સંચાલક ભાર્ગવ બુટાણીએ જામીન ઉપર મુક્ત થવા કોર્ટમાં અરજી કરી હતી. રાજકોટ જિલ્લાના ઉપલેટ તાલુકામાં આવેલા રબારિકા ગામના વતની અને સુરતમાં વાલક ગામ કામરેજ ખાતે આવેલી અવધ રેસિડેન્સીમાં રહેતા દિનેશ કાનજીભાઈ વેકરિયા અત્યંત ચકચારી તક્ષશિલા અગ્નિકાંડ કેસના આરોપી છે.

ક્રાઇમ બ્રાંચે તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરતા જ તેઓ ભૂગર્ભમાં ઊતરી ગયા હતા. તક્ષશિલા આર્કેડમાં ગેરકાયદે બાંધકામ કરી તેમાં ટ્યૂશન કલાસ ચલાવવા માટે ભાડે આપવાના ગુના હેઠળ તેમની સામે ફરિયાદ દાખલ થઈ છે.

# સુરતમાં કરોડોપતિ પરિવારના ૮ દીકરા-દીકરીઓએ સંયમનો માર્ગ પસંદ કર્યો

સુરત : સુરતમાં જૈન સમુદાયમાં બુધવારે બે દીક્ષા સમારોહમાં ૧૦ મુમુક્ષુઓ સંયમ માર્ગે પ્રયાણ કરશે. છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી તડામાર તૈયારીઓ વચ્ચે મંગળવારે તમામ ૧૦ મુમુક્ષુઓની ભવ્ય વર્ષીદાન યાત્રા નીકળી હતી. જ્યારે હવે બુધવારે વહેલી સવારે દીક્ષાવિધિના આરંભ બાદ મુમુક્ષુઓને રજોહરણ અર્પણ કરાશે.

સુરતમાં હજુ તો એક અઠવાડિયા પહેલાં ૧૦૮ કરતા વધુ લોકો એ દીક્ષા લઈને સંયમના માર્ગે પ્રયાણ કર્યુ હતું ત્યારે ફરીએક વાર સુરત માં આવતી કાલે એક સાથે ૮ લોકો દીક્ષા લઈને સંયમના માર્ગે પ્ર્યાસન કરવાના છે. ખાસ કરીને દીક્ષાથીમાંથી ચાર ગુજરાતના તો ચાર રાજસ્થાનના વતની છે પાલમાં ઓમકારસૂરી આરાધના ભવન ખાતે ભક્તિયોગાચાર્ય યશોવિજયસૂરી, આચાર્ય મુનિચંદ્રસૂરીની નિશ્રામાં મુમુક્ષુ મોક્ષિતકુમાર અને પાર્શ્વકુમાર બુધવારે સામૂહિક દીક્ષા લેશે. મંગળવારે બન્ને મુમુક્ષુઓની ભવ્ય વર્ષીદાન યાત્રા નીકળી હતી. તેમાં વિવિધ બેન્ડ, પ્રભુજીનો રથ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.



# માથાભારે વસીમ બિલ્લાની હત્યાનો માસ્ટર માઈન્ડ બદ્રી લેસવાલા નીકળ્યો

**• પોલીસે હત્યા કેસમાં સામેલ બે શૂટર સહિત ૩ને ઝડપી લીધા**

નવસારી : સુરતના માથાભારે ખંડણીખોર વસીમ બિલ્લાની નવસારી-છાપરા રોડ પર તેની જ ક્રેટા કારમાં ગોળી ધરબી દઈ કરપીણ હત્યા કરવાના ચકચારીત પ્રકરણમાં નવસારી પોલીસે રાજસ્થાન અને યુપીના બે શાર્પશૂટર સહિત ત્રણ જણાને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પ્રાથમિક તપાસમાં વસીમની હત્યા તેના જ કટ્ટર બદ્રી લેસવાલાએ રાજસ્થાન ગલિયાકોટ ખાતે તેના ફાર્મ હાઉસની દેખભાળ કરતા અત્યંત વિશ્વાસુ હસ્તક રૂા. ૧૦ લાખમાં સોપારી આપી હત્યા કરાવ્યાનું બહાર આવ્યું છે. હત્યાની આ ગંભીર ઘટના પાછળ વસીમ બિલ્લાની ત્રણેક વર્ષ અગાઉ તેના જ મહોલ્લામાં રહેતા બદ્રી લેસવાલા સાથે જમીનના વિવાદમાં થયેલા ઝઘડામાં વસીમે બદ્રીને જાહેરમાં બે-ત્રણ તમાચા ઝીંકી દીધા હોવાની અદાવત કારણભૂત હોવાની સાથે બદ્રી લેસવાલા સહિત ૭ વિરૂધ્ધ હત્યા કરાવ્યાની શંકા વ્યક્ત કરતી ફરિયાદ વસીમના ભાઈ ફિરોઝ શેખે નોંધાવી હતી.

પોલીસે તપાસ હાથ ધરી બદ્રી લેસવાલાના વિશ્વાસું અને રાજસ્થાનના ગલિયાકોટ ખાતે તેના ફાર્મ હાઉસનું હેન્ડલીંગ કરનાર મુસ્તાન ઉર્ફે મામા અલીહુસૈન ડોડીયા (હાલ રહે. રૂસ્તમપુરા) અને બે શાર્પશૂટર કુત્બુદ્દીન અસગરઅલી વોરા (ઉ.વ. ૨૫ રહે. મુસ્લિમ કોલોની, બાંસવાડા, રાજસ્થાન) અને શાકીબ સાજીદઅલી રંગરેજ (ઉ.વ. ૨૯ રહે. કુરમાલી છોટી મસ્જિદ પાસે, તા. બનત, જિ. સામલી, યુ.પી) ને ઝડપી પાડયા હતા.







# કચ્છ ડ્રગ્સ કૌભાંડ: વધુ ૩ આરોપીઓ પકડાયાં, ઊંઝાના જીરા સાથે કનેકશન

કચ્છ : વર્ષ ૨૦૧૮માં ગુજરાત એટીએસએ ઝડપી પાડેલા ડ્રગ્સ કેસમાં લાંબી તપાસના અંતે આખરે વધુ ત્રણ આરોપી કચ્છમાંથી પકડાયાં હતા. સમુદ્રી માર્ગે ડ્રગ્સ સિન્ડિકેટ ૩૦૦ કિલો નહીં, પણ કુલ ૫૦૦ કિલો ડ્રગ્સ ભારતમાં ઘુસાડ્યું હતું. પંજાબના ભટીન્ડામાંથી ઝડપાયેલા ૧૮૮ કિલો ડ્રગ્સ બાદ આ ખુલાસો થયો છે. એટીએસના ૨૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો રઝાક સુમરા અને કરીમ સીરાજે સુનિલ વિઠ્ઠલ બારમાસેની મદદથી ટ્રક દ્વારા અમૃતસર મોકલવામાં આવ્યો હતો. જે ત્રણેયની ધરપકડ સાથે કુલ ધરપકડનો આંક ૮ પર પહોંચ્યો છે. આ ત્રણેયની પૂછપરછમાં હજુ વધુ કેટલાક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. ગત ૧૨ /૮/ ૨૦૧૮ના રોજ જામ સલાયા વિસ્તારમાંથી અબ્દુલ અઝીઝ ભગડ નામના આરોપીની ધરપકડ કરીને તેમની પાસેથી ૩૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પાકિસ્તાનથી સમુદ્રી માર્ગે ડ્રગ્સનો આ જથ્થો બોટ મારફતે જખૌ લાવી રાજુ દુબઈ અને અબ્દુલ સોતા નામના આરોપીઓએ માંડવીના ગોડાઉનમાં ઊતાર્યો હતો. કુલ ૫૦૦ કિલો ડ્રગ્સના જથ્થા પૈકી ૨૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો ટ્રક મારફતે ઊંઝાથી જીરામાં ભેળવી પંજાબ સુધી લઈ જવાયો હતો. ગુજરાત એટડીએસ દ્વારા ઝડપી પાડવામાં આવેલા આ ડ્રગ્સ કેસમાં સીમરંજીત સિંઘ સંધુ અને શાહીદ સુમરાને વોન્ટેડ જાહેર કરાયા હતા. એટીએસ દ્વારા સીમરંજીત સંધુ માટે રેડકોર્નર નોટિસ ઈસ્યુ કરાઈ હતી.

# દુષ્કર્મના આરોપીએ ખંભાળિયાની કોર્ટમાં પોતાને ગળે બ્લેડ મારી દીધી

જામનગર: દેવભુમિ દ્વારકા જીલ્લાની સગીરાના અપહરણ, દુષ્કૃત્યના કેસમાં આજે જામનગર જીલ્લા જેલમાંથી ખંભાળીયા ખાતેની દેવભુમિ દ્વારકા પોક્સો અદાલતમાં તારીખમાં આવેલા એક આરોપીએ પોતાના પાસે રહેલી બ્લેડથી ગરદન પર કાપો મુકી દેતાં તાબડતોબ તેને જામનગરની જી.જી.હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. દ્વારકા તાલુકામાં રહેતાં માલરાજ ગઢવી નામના યુવાન સામે સગીરાના અપહરણ અને દુષ્કૃત્યનો કેસ ગત વર્ષે નોંધાયા બાદ તે છેલ્લા એક વર્ષથી જામનગર જીલ્લા જેલમાં હતો. આજે કેસમાં તેને હાજર રખાયો હતો. જેમાં જુબાની સહિતની પ્રક્રિયાઓ થઈ હતી. દરમ્યાન સાંજે કોર્ટનો સમય પુરો થવા વખતે આરોપી યુવાને ધારદાર બ્લેડ વડે ગળામાં કાપો મુકી આત્મહત્યાની કોશિષ કરતાં અદાલતની લોબીમાં અફડા-તફડી મચી ગઈ હતી. જાપ્તામાં રહેલા જામનગર પોલીસના સ્ટાફે આરોપી ગઢવી યુવાનને તાબડતોબ એમ્બ્યુલન્સમાં જામનગરની સરકારી હોસ્પીટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. આ બનાવથી ખંભાળીયાના અદાલતી સંકુલમાં ચકચાર વ્યાપી ગઈ હતી.

# કોંગ્રેસના લીંબડીના MLA સાંકળો લઈ ધૂણતા હોવાનો વીડિયો વાયરલ

રાજકોટ : કોંગ્રેસના લીંબડી બેઠકના ધારાસભ્ય સોમા ગાંડા પટેલનો સાંકળો વડે ધુણતા હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ભારે ચર્ચા ચાલી રહી છે. વીડિયોમાં કોંગ્રેસના ધારાસભ્ય ઉપર પૈસાનો વરસાદ પણ થઈ રહ્યો છે. મળતી વિગતો મુજબ

લીંબડી બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય સોમા ગાંડા પટેલ માથે સાફો પહેરીને હાથમાં સાંકળો હાથમાં લઈને ધૂણી રહ્યા છે, સાંકળો પોતાની પીઠ ઉપર મારતાં હોય તેમ વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. ૨૦ સેકન્ડ જેટલા સમયનો આ વીડિયો છે, જેમાં ધારાસભ્ય ઉપર પૈસાના વરસાદ પણ થઈ રહ્યો છે, જોકે કયા સમયગાળાનો આ વીડિયો છે તે સ્પષ્ટ થઈ શક્યું નથી પરંતુ રવિવારે સોશિયલ મીડિયા ઉપર ગુજરાત કોંગ્રેસના આ ધારાસભ્યના વાયરલ વીડિયોએ ખાસ્સી ચર્ચા જગાવી છે. સોશિયલ મીડિયા ઉપર વીડિયોને જોઈ લોકો પણ અચંબામાં પડી ગયા છે અને એવી કોમેન્ટ કરી રહ્યા છે કે, પ્રજાના પ્રતિનિધિ તરીકે આ ધારાસભ્ય અંધશ્રદ્ધાને પ્રોત્સાહન મળે તેવું કામ કેમ કરી રહ્યા છે, કેટલાકે એવી પણ કોમેન્ટ કરી છે કે, આમ તો આ ધારાસભ્ય પ્રજાલક્ષી કામો બાબતે લોકો વચ્ચે દેખાતા નથી અને કાર્યક્રમમાં ધૂણી રહ્યા છે. અગાઉ પણ આ ધારાસભ્યનો ધૂણતા હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

# ગોંડલ પાલિકાનાં બે સદસ્યો સહિત છ દ્વારા ચોરીની શંકાએ શ્રમજીવીની હત્યા

**• રાજસ્થાની શ્રમિકને ચોરીની શંકાથી અમાનુષી માર મારતા મોત થયાનું ખુલ્યું**

ગોંડલ- ગોંડલમાં ગુરુવાર સાંજે પાંચ વાગ્યે ભરૂડી ભુણાવા રોડ પર આશરે ૩૫ વર્ષની ઉંમરના યુવાનની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. બનાવના પગલે જિલ્લા પોલીસ તંત્ર પણ કામે લાગ્યું હતું અને ગણતરીની કલાકોમાં જ પોલીસતંત્ર દ્વારા ભેદ ઉકેલી નાંખતા સનસનીખેજ ઘટસ્ફોટ થયો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ભરૂડી- ભુણાવા પાસે પેન્ટાગોન નામનું કારખાનું આવેલું છે.

જ્યાં કારખાનામાં જ રસોઈનું કામ કરતો શંકરરામ તરતાલાલ ચૌહાણ (ઉં.વ. ૩૫, રાજસ્થાન) શંકાસ્પદ રીતે મધરાત્રે ઓફિસમાં આટા ફેરા કરતો સીસીટીવી કેમેરામાં આવી ગયો હતો. જેથી ગોંડલ નગરપાલિકાની વીજળી શાખાના ચેરમેન એવા ભાજપના સદસ્ય રવિ પ્રવીણભાઈ કાલરીયા તેમજ વિરોધ પક્ષના સદસ્ય શૈલેષ રોકડ ઉપરાંત અક્ષય ઉર્ફે ભાણો રમણીકભાઈ ચોવટીયા, પેન્ટાગોન કારખાના ભાગીદાર વિનોદ ગોપાલભાઈ ડઢાણીયા, અશોક રૈયાણી અને આશિષ ટીલવાએ એકઠા થઈ કારખાનાના ફળિયામાં શંકરરામને ઢોર માર મારતા તેનું મોત નીપજ્યું હતું અને બનાવ હત્યામાં પલ્ટાયો હતો. જેથી તેઓએ કારખાનાનાં સીસીટીવી કેમેરાના ફૂટેજને પણ ડીલીટ કરી નાખી પુરાવાનો નાશ કરવાની કોશીષ કરી હતી. દરમિયાન બુધવારે રાત્રે નગરસેવક રવિ કાલરીયા અને અશોક રૈયાણી પોલીસ સમક્ષ હાજર થયા હતા. આ બંન્ને સહિત અક્ષય ચોવટીયા, વિનોદ ડરાણીયા અને આશિષ ટીલવાને કોર્ટ સમક્ષ રજૂ કરતા તેના બે દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા. દરમિયાન આ હત્યામાં સંડોવાયેલ નગરસેવક શૈલેષ રોકડ મોવિયા પાસે તાલુકા પીએસઆઈએ વોચ ગોઠવી તેની ધરપકડ કરી હતી.

# વિવાદોમાં ઘેરાયેલી રહેતી સૌરાષ્ટ્રની યુનિ.નું નાક કપાયું, એ-ગ્રેડ ગુમાવ્યો

**• પરવાનગી વગર ચલાવતા કોર્સ, માર્કશીટ, લેટરપેડ, ડિગ્રી, સાહિત્યના દુરુપયોગ જેવી બાબતોને લઈ નેક દ્વારા નિર્ણય કરાયો**




સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને વિવાદોનો નાતો જોડાયેલો જ રહે છે. હંમેશા વિવાદોમાં ઘેરાયેલી રહેતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું વધુ એક ભોપાળું સામે આવ્યું છે. રાજ્યની સૌપ્રથમ 'એ' ગ્રેડનું બિરુદ મેળવનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ એ ગ્રેડ ગુમાવ્યો છે. દ્વછછઝ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રી એક્રેડિટેશન માટેની અરજી રદ કરી દીધી છે. દ્વછછઝ દ્વારા તેની વેબસાઈટમાંથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ પણ હટાવી દીધું છે. સમિતિની પરવાનગી વગર ચલાવતા કોર્સ, માર્કશીટ, લેટરપેડ, ડિગ્રી, સાહિત્યના દુરુપયોગ જેવી બાબતોને લઈ નેક દ્વારા એ ગ્રેડ હટાવવામાં આવ્યો છે. નેકના આ નિર્ણયનો ફટકો ૨૦૨૦ની પરીક્ષા આપનાર ૨.૨૫ લાખ વિદ્યાર્થીઓને પડશે, કેમ કે હવે તેઓની માર્કશીટ પર એ ગ્રેડ જોવા નહીં મળે.

અત્યાર સુધીમાં ત્રણ વખત નેકની ટીમ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જેમાં ૧૨-૨-૨૦૦૨ના રોજ પ્રથમ વખત મૂલ્યાંકનમાં 'ફોર સ્ટાર', ત્યારબાદ ૮-૩-૨૦૦૯ના રોજ 'બી ગ્રેડ', અને તે બાદ ૨૪-૯-૨૦૧૪ના રોજ નેક દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજ્યમાં પ્રથમ 'એ' ગ્રેડ આપવામાં આવ્યો હતો. આ એ ગ્રેડની સમયસીમા ૨૪-૯-૨૦૧૯ પૂરી થઈ

# માનવતાવાદી પ્રવૃત્તિ બદલ: પોરબંદરની રેડક્રોસને રાજ્યકક્ષાનો એવોર્ડ એનાયત

પોરબંદર : પોરબંદર રેડક્રોસ સોસાયટીને વિશિષ્ટ માનવતાવાદી પ્રવૃત્તિઓ બદલ સ્પેશ્યલ એવોર્ડ રાજયપાલના હસ્તે એનાયત કરવામાં આવ્યો છે. તાજેતરમાં ઈન્ડિયન રેડક્રોસસોસાયટી, ગુજરાત સ્ટેટ બ્રાન્ચની એ.જી.એમ. મીટીંગ - ગાંધીનગરમાં રાજભવન ખાતે ગુજરાત રાજયના ગવર્નર આચાર્ય દેવવ્રત અને ગુજરાત રાજયના નાયબ મુખ્યપ્રધાનની ઉપસ્થિતિમાં યોજાયેલ હતી.

સમારંભમાં વર્ષ ૨૦૧૯-૨૦ માં જે રેડક્રોસ બ્રાન્ચે વિશિષ્ટ કાર્યો કરેલ હતા તેઓને એવોર્ડો અર્પણ થયેલા હતાં. જેમાં પોરબંદર રેડક્રોસ ડિસ્ટ્રીકટ બ્રાન્ચને જુદી જુદી માનવતાવાદી પ્રવૃત્તિ અંગે ખાસ સ્પેશ્યલ એવોર્ડ ગવર્નરના હસ્તે અપાયેલ હતો. જેમાં અલગ અલગ પ્રકારની હ્યુમીનીટી સર્વિસ જેવી કે થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પ, શાળાના વિદ્યાર્તીઓ માટે મેન્ટલ હેલ્થ કાર્યક્રમોના માધ્યમથી પરીક્ષાનો ભય દૂર કરવો, મજુરો અને પછાત વિસ્તારમાં રહેતા ગરીબોને જીવન જરૂરી ચીજવસ્તુઓ પૂરી પાડવી જેવી પ્રવૃત્તિઓ બદલ એવોર્ડ આપી કામની નોંધ લેવાઈ હતી.



# વડોદરામાં આઈટીનો સપાટો : બિલ્ડર ગ્રુપ બ્રોડવેની ૧૦ કરોડની ટેક્સ ચોરી ઝડપાઈ

**• ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરની બે કરોડની ટેક્સ ચોરી શોધી કાઢી : આણંદમાં ફૂડ પ્રોડક્ટ કંપનીમાં તપાસ ચાલુ**

વડોદરા- વડોદરા આવકવેરા વિભાગના અધિકારીઓએ બિલ્ડર ગ્રુપ, ઈલેક્ટ્રિક કોન્ટ્રાક્ટર ને આણંદની ફૂડ પ્રોડક્ટસ કંપની પર સર્વે હાથ ધર્યો હતો. જેમાં બિલ્ડર ગ્રુપ બ્રોડવેની રૂા.૧૦ કરોડની અને ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરની રૂા.૨ કરોડની કરચોરી ઝડપાઈ હતી જ્યારે આણંદમાં હજી તપાસ ચાલુ રહી છે.

સેવાસી વિસ્તારમાં ઓફિસ ધરાવતા આ બિલ્ડર ગ્રુપના બ્રોડવે એમ્પાયર, બ્રોડ વે સગ્નેચર, બ્રોડવે પ્રાઈડ, બ્રોડ વે કમ્ફોર્ટ, બ્રોડ વે, ધ સ્પેસ, અમ્બર હાઈટ્સ, રાજયોગ અને અર્હમ બંગ્લોઝ જેવા કલ્ઝુરિયસ ફ્લેટ્સ, શોપિંગ કોમ્પલેક્સ અને બંગ્લોઝના પ્રોજેક્ટ શહેરનાં વિવિધ વિસ્તારોમાં ચાલે છે. જીતેન્દ્ર દોશી, રાજન દોશી અને મયૂર શાહની ઓફિસો અને પ્રોજેક્ટ સાઈટ્સ પર આવકવેરાના અધિકારીઓએ મંગળવારે બપોરથી સર્વેનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આવકવેરાના અધિકારીઓએ બિલ્ડર ગ્રુપના હિસાબો, બુકિંગ, ઓનમની, નાણાકીય વ્યવહારો જમીનના સોદા વગેરેને લગતી વિગતો એકત્રિત કરી ડેટા મેળવ્યા હતા અને દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

સર્વેની કામગીરી મોડી રાત સુધી ચાલુ રહી હતી. તપાસ દરમિયાન રોકડ વ્યવહારો હિસાબોમાં નહીં દર્શાવવાનું બહાર આવ્યું હતું. બુકિંગ કરાવનારા લોકો પાસેથી લીધેલા રોકડ રૂપિયા ચોપડે દર્શાવ્યા ન હતા અને આવક છૂપાવીને કરચોરી કરી હોવાનું જણાઈ આવ્યું હતું. જેમાં તપાસના અંતે ૧૦ કરોડની ટેક્સચોરી બહાર આવી હતી.

# હાર્દિક તેમજ અલ્પેશ સામે ખોટી રીતે કેસ, લડત થશે : કિંજલ પટેલ

અમદાવાદ : હાર્દિક પટેલ સહિત અન્ય પાટીદાર યુવાનો પર કરવામાં આવેલાં ખોટા કેસો મામલે અમદાવાદમાં પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિર બાદ હાર્દિક પટેલની પત્ની કિંજલ પટેલે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, પાસ સમિતિ નહીં મારો પરિવાર છે. હાર્દિક અને અલ્પેશ ઉપર ખોટા કેસ કરવામાં આવ્યા છે. અમદાવાદમાં યોજાયેલ ચિંતન શિબિરમાં અલ્પેશ કથીરીયા, મનોજ પનારા, જયેશ પટેલ, ગીતા પટેલ, સહીત તાલુકા અને જિલ્લાના કન્વિનરો સામેલ થયા હતા. આ મીટિંગ હાજર રહેલા હાર્દિક પટેલના પત્ની કિંજલ પટેલે જણાવ્યું કે, ‰જજ માત્ર સમિતિ જ નહીં પણ મારો પરિવાર છે. ૪ વર્ષમાં જે સફળતા મળી એનો લાભ તમામ સવર્ણ સમાજ લઈ રહ્યો છે. પણ લાભ જે રીતે મળવો જોઈએ પહોંચ્યા નથી. પરંતુ હજુ હાર્દિક અને અલ્પેશ કથીરિયા પર સરકાર ખોટા કેસ કરે છે. કઈ રીતે અમને હેરાન કરવામાં આવી રહ્યા છે એ આપ સૌ જાણો છો. પરંતુ હજુ આપણે એક નથી થયા, ક્યાંય ક્યાંક મતભેદ છે. આપણા મંતવ્ય અલગ હોઈ શકે અને મંજિલ તો એક જ હોવી જોઈએ. ભેગા થઈને લડીશું તો સમાજને ન્યાય અપાવી શકીશું.

# ઝારખંડ રહેતા પતિએ પત્નીને ફોન પર તલાક કહીને છૂટાછેડા આપ્યા

વડોદરા : વડોદરામાં રહેતી મુસ્લિમ મહિલાને તેના પતિએ ફોન પર જ ત્રણ વખત તલાક કહી તલાક આપી દેતા મહિલાએ જે. પી. રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોધાવી છે. વડોદરા શહેરમાં તાંદલજા સોસાયટીમાં રહેતી નઝરીન શેખને ઝારખંડમાં રહેતા પતિએ ફોન ઉપર તલાક આપતા જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં પતિ ,સાસુ સસરા વિરૂદ્ધ શારીરિક-માનસિક ત્રાસ ત્રિપલ તલાકનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વડોદરા શહેરના તાંદલજાની જાવેદ પાર્ક સોસાયટીમાં રહેતી નઝરીન શેખે ૨૦૦૮માં ઝારખંડના ઈસ્ટેખાર શેખ સાથે નિકાહ કર્યા હતા. ત્યારબાદ તેમને એક બાળકનો જન્મ થયો હતો. લગ્નજીવનની શરૂઆત સારી હતી પતિને ધંધા માટે વડોદરા ખાતે સેટ કરવાનો પિતાએ પ્રયાસ પણ કર્યો હતો. લગ્ન કર્યા બાદ એ ઝારખંડ ખાતે રહેતા હતા ત્યારબાદ તેમનો પતિ કતાર ગયો હતો. ત્યારબાદ સાસરિયાઓએ નઝરીન પર અત્યાચાર ગુજરાત હોવાથી હાલમાં પિયર જતી રહી હતી. જ્યારે નઝરીને પતિને ફોન પર કીધું હતું કે તમે મને હવે ઘરે લેવાં આવો ત્યારે પતિ ઈસ્ટેખાર શેખે નઝરીને ફોન પર ગાળો અને ધમકી આપી હતી અને ત્યારબાદ તલાક તલાકપ કહીને ફોન પર તલાક આપી દીધા હતા.

# અમદાવાદની નંદન ગારમેન્ટ ફેક્ટરીમાં ભીષણ આગ: ૪ કામદારો બળીને ભડથું



અમદાવાદ- પીપળજ-પિરાણા રોડ પર આવેલી નંદન ડેનિમ ગારમેન્ટની ફેકટરીમાં આગ ભીષણ આગ લાગી હતી. જોત જોતામાં ત્રણ માળની બિલ્ડીંગ આગની ઝપેટમાંઆવી ગઈ હતી. આગમાં ચાર કર્મચારી બળીને ભડથું થઈ ગયા હતા. આગને બુઝાવવા માટે ફાયર બ્રિગેડના ૧૫૦ કર્મચારીઓ કામે લાગ્યા હતા. આગને કાબુમાં લેવા માટે પાંચ લાખ લિટર પાણી વપરાયું હતું. જોકે એફ એસ એલ રિપોર્ટ બાદ આગનું ચોક્કસ કારણ જાણવા મળશે. નારોલ વિસ્તારમાં પીપળજ-પિરાણા રોડ પર આવેલી નંદન ડેનિમ કાપડની ફેકટરીમાં આજે સાંજે ૫.૪૫ કલાકે અચાનક આગ લાગી હતી. આગની જાણ તથાં ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓ વોટર ટેન્કર અને ફાયર ફાઈટર સહિત ૨૦ જેટલી ગાડીઓ અને ૧૫૦ કર્મચારીઓના સ્ટાફ સાથે દોડી ગયા હતા. ચાલુ ફેટકટરીમાં આગ લાગી હોવાથી કર્મચારીઓ જીવ બચાવીને ફેકટરી બહાર દોડી ગયા હતા. ફાયર બ્રિગેડ પહેચી ત્યારે દસ કર્મચારી ફેકટરીમાં ફસાયા હોવાની શંકા સેવાઈ રહી હતી, જો કે ફેકટરીમાં તપાસ કાબુમાંઆવ્યા બાદ પોલીસ અને ફાયર બ્રિગેડે ફેકટરીની અંદર તપાસ કરતાં ચાર કર્મચારીઓ બળીને ભડથુ થઈ ગયા હતા. પોલીસે અક્સ્માતે મોત નોધીને ચારેયની લાશને પીએમ અર્થે હોસ્પિટલમાં મોકલીને મૃતકનો ઓળખ પરખની કાર્યવાહી હાથ ધરી છે.












હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

### સમગ્ર વિશ્વ માટે ચિંતા જનક બનેલા વાયરસ અંગે અપાયેલી ચેતવણી ચીનની સરકારે ગણકારી નહીં

# કોરોના વાયરસનો ફેલાવો કુદરતી કે કૃત્રિમ?

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ચીનમાં આતંક મચાવનાર કોરોનો વાયરસના ફેલાવાથી સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે. અત્યાર સુધીમાં આ વાયરસને કારણે મોતને ભેટનારાઓની સંખ્યા ૧૦૦૦ને આંબી ગઈ છે. જો કે, ચીની સરકાર કોરોના વિશે જરૂરી માહિતી પૂરી નથી પાડતી એવો આક્ષેપ ખુદ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન જેવી વૈશ્વિક સંસ્થા કરી ચૂકી છે. એટલે વાયરસને કારણે સરકારે જાહેર કરેલા મોતના આંકડા વધુ હોવાની શંકા સેવાઈ રહી છે.

વુહાન અને હુબેઈ વિસ્તારમાં કોરોનાના પ્રથમ કિસ્સા સામે આવ્યા તો ત્યાં સારવાર પહોંચાડવાને બદલે ચીની સરકારે સમગ્ર વિસ્તારના ત્રણથી પાંચ કરોડ લોકોને નજરકેદ કરી દીધા છે.

રોગચાળો કાબુમાં આવે એટલા માટે આ પ્રકારનાં આકરાં પગલાં જરૂરી છે. પરંતુ એ પછી કોરોના મુદ્દે ચીની સરકારનું વલણ શંકાસ્પદ જોવા મળી રહ્યું છે. વાઈરસની શરૂઆત થઈ ત્યારથી જ ચીની સરકારનું વર્તન શંકાસ્પદ છે. ચીનમાં સામ્યવાદી શાસન છે અને વિપક્ષ જેવુ કંઈ નથી. ચીને એક પછી એક શહેરોને તાળાબંધ કરી દીધા છે. કરોડોની વસતી અને માર્ગો ચોવીસ કલાક ધમધમતા એવા બિજિંગ જેવા શહેરના રસ્તા પણ સૂમસામ થઈ ગયા છે. એટલું જ નહીં, ડિસેમ્બરથી વાઈરસની જાણકારી મળ્યા પછી ચીને તેની જાણકારી જગતને આપી નથી. ખુદ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ જાન્યુઆરીમાં એવી નારાજગી વ્યક્ત કરી હતી કે, કોરોના અંગે ચીન પ ુરતી માહિતી આપતું નથી. ચીનનું એવુ જ અક્કડ વલણ રહ્યું એટલે પછી હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડાએ ચીનનો પ્રવાસ કરવો પડયો હતો.

એ પછી પણ કોરોના અંગેની માહિતી તો નથી જ મળી. કોરોના વાયરસ અંગે ચીન સરકાર આજે પણ સ્પષ્ટ વાત કરી રહી નથી. જેને કારણે દુનિયાએ તેની સામે શંકાઓ સેવી છે. ઈઝરાયેલના જેમ્સ બોન્ડ જેવા જાસુસ પ્લસ વાઈરોલોજિસ્ટે (વાઈરસ નિષ્ણાત) દાવો કર્યો છે કે, કોરોનાએ ચીની સરકારે પેદા કરેલું બાયોલોજિકલ (જૈવિક) હથિયાર છે. ઈઝરાયેલી મિલિટરી ઈન્ટેલિજન્સ (જાસૂસી)માં કામ કરી ચૂકેલા દાની સોહામનું કહેવું છે કે, વુહાનમાં આવેલી લેબોરેટરીમાંથી આ વાઈરસ લીક થયા છે. વુહાનમાં આવેલી ધ વુહાન ઈન્સ્ટિટયૂટ ઓફ વાઈરોલોજિ એકમાત્ર લેબોરેટરી છે, જ્યાં ઘાતક વાઈરસ પર સંશોધન થઈ રહ્યું છે. દાનીના કહેવા મુજબ ભવિષ્યના યુદ્ધો માટે ચીન અહીં ઘાતક વાઈરસ તૈયાર કરતું હતું. પ રંતુ પોતાનો વાઈરસ પોતાને ભારે પડે એવી સ્થિતિ ઉભી થઈ છે. વાઈરસ લેબોરેટરીમાંથી લીક થઈ જતાં હવે સર્વત્ર રોગચાળો ફેલાઈ રહ્યો છે. ખેર વાત જે હોય તે પણ આજે કોરોનાને કારણે સમગ્ર વિશ્વમાં ચિંતા ફેલાયેલી છે. કોરોના વાયરસ વિશે સૌથી પહેલાં જાણકારી આપનારા ચીનના ડોકટર લી વેનલિયાંગે દોઢ માસ પહેલા આ બાબતે સરકારને સચેત કરી હતી. જો કે, તેમની વાત ગંભીરતાથી લેવાઈ નહીં. દરમિયાન તાજેતરમાં એટલે કે, ૩૦મી જાન્યુઆરીએ તે ડોકટર પણ આ વાયરસનો શિકાર બની ગયા હતા. તા. ૬ ફેબ્રુઆરીએ આ અંગે ચીની મીડિયામાં રિપોર્ટ આવ્યો હતો કે, ડો લી. વેનલિયાંગનું મોત થઈ ચૂક્યું છે. જો કે, સૌ પ્રથમ તબક્કે વૃહાનની સેન્ટ્રલ હોસ્પિટલે આ મીડિયા અહેવાલને નકારી કાઢ્યો હતો. તે પછી તા. ૭મી ફેબ્રુઆરીએ ડો. વેનલિયાંગને મૃત જાહેર કરાયા હતા. ડો. લી વેનલિયાંગની કહાની રસપ્રદ છે.

ચીનના એ આઠ ડોકટરોમાં તે સામેલ હતા જેઓએ કોરોના વાયરસ અંગે સૌથી પહેલા સરકારને જાણ કરી હતી. ડો. લીના ધ્યાનમાં ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં જ આ વાયરસના ૭ કિસ્સા સામે આવ્યા હતા. જેને આધારે ડોકટરે એવું કહ્યું હતુ કે, સાર્સ વાયરસ જેવું કંઈક ફેલાઈ રહ્યું છે. વર્ષ ૨૦૦૩માં પણ સાર્સથી આખા વિશ્વમાં ખતરો ઉભો થયો હતો. અને તે સાર્સ પણ ચીનથી જ ફેલાયો હતો. તા.૩૦ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ પણ ડો. લી વેનલિયાંગે પોતાના સાથી ડોકટરોને એક મેસેજ મોકલી કહ્યું હતુ કે, દર્દીઓની સારવાર વખતે ખૂબ જ સાવધાની રાખજો. આ મેસેજના ચાર પાંચ દિવસ પછી ચીનના પબ્લિક સિક્યોરિટી બ્યુરોએ ડો. લીને સમન્સ પાઠવી દીધું હતુ. આ સમન્સમાં ડો. લી પર ખોટી માહિતી ફેલાવવાનો આક્ષેપ પણ મુકાયો હતો. જે પછી કોરોનો વાયરસની સત્તાવાર જાહેરાત થઈ ત્યારે પ્રશાસને ડો. લીની માફી પણ માંગી લીધી હતી.

ડો. લી એક મહિનાથી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. દરમિયાન તેમણે ચીનની સોશિયલ મીડિયા સાઈટ વીબો ઉપર પણ કેટલીક પોસ્ટ મુકી હતી. આ પોસ્ટમાં તેમણે જાણકારી આપી હતી કે, તા. ૧૦મી જાન્યુઆરીએ તેમને કફ થયો હતો. બે દિવસમાં જ તેમને ફીવર આવ્યો અને ત્રીજા દિવસે ડો. લી હોસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા. તા. ૩૦ જાન્યુઆરીએ ડો. લીને પણ કોરોનો વાયરસનો ચેપ લાગ્યો છે તે બાબતની પૃષ્ટિ થઈ હતી. ડો. લી માત્ર ૩૪ વર્ષના હતા સંતાનમાં તેમને એક નાનો દિકરો છે અને તેમની પત્ની હાલ સગર્ભા છે. અચાનક ડો. લીના મોતથી તેમના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ડો. લીના મોતના સમાચાર ફેલાતા લોકોમાં ગુસ્સો વધ્યો છે. લોકોએ આ બાબતે સ્થાનિક તંત્રને જવાબદાર ઠેરવ્યું હતુ. ચીનના હજારો લોકો આજે પણ આ વાયરસની ચપેટમાં આવ્યા છે અને સારવાર લઈ રહ્યા છે. આમ ચીનમાં ડો. લી વેનલિયાંગે આપેલી ચેતવણીની અવગણના સરકારને ભારે પડી રહી છે. જો કે, દુનિયાના કેટલાક દેશો ચીનના વલણ સામે સવાલો કરી રહ્યા છે. રશિયાનો તો દાવો છે કે, આ વાઈરસ એ ચીનના દુશ્મનનોનું કાવતરું છે. દુશ્મન એટલે અમેરિકા જ એ પણ રશિયાએ સ્પષ્ટ કરી દીધું છે.




વાઈરસ પ્રસરવાની શરૂઆત થયાના દોઢ મહિના પહેલા ડોકટર લી. વેનલિયાંગે ચેતવણી આપી છતાં ચીની સરકારે તેને ગંભીરતાથી લીધી ન હતી

અમેરિકા અને રશિયા વચ્ચે ટ્રેડ વૉર ચાલે છે. ટ્રેડ વૉર તો લેટેસ્ટ જંગ છે, પણ એ પહેલાથી જ કરન્સી વૉર પણ ચાલે છે. અત્યારે અમેરિકી ડૉલર વૈશ્વિક ચલણ છે, તેના બદલે ચીની ચલણનો વિશ્વમાં ડંકો વાગે એ માટે ચીન પ્રયત્નશીલ છે. કોઈ પણ દેશ પોતાના હરિફને ખતમ કરવા માંગતો જ હોય છે. અમેરિકાએ પણ ચીનના અર્થતંત્રને ધીમું પાડવા વાઈરસ મોકલ્યો હશે એવી થિયરી ચાલી રહી છે. જો કે, તેમાં સચ્ચાઈ કેટલી તે તો સવાલ છે. હકીકત એ છે કે, ચીનનું અર્થતંત્ર ધીમું પડી રહ્યું છે. એટલે ચીનના હરિફોને લાભ મળી રહ્યો છે.

ચીન માટે એવુ કહેવાય છે કે, હાલતી-ચાલતી હોય એવી તમામ ચીજો ચીની પ્રજા ખાઈ શકે છે. એ પ્રજા કંઈ પણ કરી શકે. ચીની શાસકો થોડા દિવસ પહેલા કમ્યુનિસ્ટ પાર્ટીની મિટિંગમાં સ્વીકાર કરી ચૂક્યા છે કે, કોરોના અંગે ધ્યાન રાખવામાં અમારી હેલ્થ સિસ્ટમ નબળી સાબિત થઈ છે. એટલે એક વાત તો નક્કી છે કે, કોરાનાને કાબુમાં લેવામાં ચીની સરકાર ઉણી ઉતરી છે.

બીજી તરફ તાઈવાનની વેબસાઈટ પર ચીની કંપનીના નામે સમાચાર આવ્યા કે, મૃતકોની ખરી સંખ્યા તો ૨૫ હજાર જેટલી છે અને દોઢ લાખને ચેપ લાગ્યો છે. ટેન્સેન્ટ નામની વેબસાઈટ ચીની મલ્ટિમિડીયા કંપનીની છે, જેની સ્ક્રીન પર વાઈરસના આંકડા રજૂ કરતું મિટર તૈયાર કરવામાં આવ્યુ છે. એ મિટરમાં ઓછામાં ઓછુ ત્રણ વાર ૨૫ હજાર લોકો મૃત્યુ પામ્યા હોવાના આંકડા ચમક્યા હતા. જયારે ચીની સરકારે કોરોનાનો ચેપ લાગ્યો છે એવા બધાને મારી નાખવાની મંજૂરી સુપ્રીમ કોર્ટ પાસે માંગી હોવાની વાત વહેતી થઈ છે.

સ્વદેશ
FRIDAY 14 February 2020 II

## દિપિકા પદુકોણ પિરિયડ ડ્રામા ફિલ્મમાં દ્રોપદીનો અભિનય કરશે



મુંબઇ : બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી દિપિકા હવે દ્રોપદી ફિલ્મને લઇને આશાવાદી બનેલી છે. આ ફિલ્મમાં કામ કરવાની તક મળ્યા બાદ તે ભારે ખુશ અને ઉત્સુક દેખાઇ રહી છે. બોલિવુડની ડિમ્પલ ગર્લ દિપિકાનુ કહેવુ છે કે પિરિયડ ડ્રામા ફિલ્મમાં કામ કરવાની તક મળ્યા બાદ તે ભારે ખુશ છે. તે દ્રોપદીની ભૂમિકાને અદા કરવા માટે ભારે ખુશ છે. તેનુ કહેવુ છે કે ફિલ્મી કેરિયરમાં આ પ્રકારની ભૂમિકા કરવાની તક વર્ષોમાં મળે છે. સાથે સાથે ખુબ ઓછી સ્ટારને આ પ્રકારના મોટા રોલની ઓફર કરવામાં આવે છે. તે પોતે પણ ફિલ્મને લઇને ખુબ ઉત્સુક છે. તે રોલને લઇને ગર્વ અને સન્માનની ભાવના અનુભવ કરી રહી છે. તેનુ કહેવુ છે કે મહાભારત અમારી પૌરાણિક કથા અને સાંસ્કૃતિક પ્રભાવ છોડે છે. આને નવા દ્રષ્ટિકોણ સાથે રજૂ કરવાની બાબત પણ ખુબ ઉપયોગી છે. ફિલ્મ માટે કલાકારોની પસંદગી હજુ સુધી કરવામાં આવી નથી. ટુંક સમયમાં જ આની જાહેરાત કરવામાં આવનાર છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે ફિલ્મ નિર્માતા દ્વારા નોવેલના અધિકારો મેળવી લેવામાં આવ્યા છે. આ નોવેલ પરથી જ ફિલ્મની પટકથાને લખવામાં આવનાર છે.

# તાપસીની ફિલ્મ થપ્પડનું ટ્રેલર રિલીઝ થતા જ ચર્ચામાં

મુંબઈ : અભિનેત્રી તાપસી પન્નુને ચમકાવતી ફિલ્મ થપ્પડનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ફિલ્મ ડાયરેક્ટર અનુભવ સિંહાની ફિલ્મ થપ્પડમાં તાપસી સાથે પવેઈલ ગુલાટી છે. રામકપૂર, રત્ના પાઠક શાહ, દિયા મિર્ઝા અને તન્વી આઝમી પણ ફિલ્મમાં મહત્વના રોલમાં છે. આ ફિલ્મ ૨૮ ફેબ્રુઆરીએ રિલીઝ થઈ રહી છે. તાપસી પન્નુ સ્ટારર ફિલ્મ ‘થપ્પડ’નું ટ્રેલર રિલીઝ થયું છે. ‘મુલ્ક’ અને ‘આર્ટિકલ ૧૫’ ફેમ ડિરેક્ટર અનુભવ સિન્હાની આ ફિલ્મ પણ સમાજના વાઈફ બીટિંગ જેવા હાર્ડ હિટિંગ મુદ્દા પર જ છે. ફિલ્મમાં દિયા મિર્ઝા પણ સામેલ છે. ફિલ્મનું ટ્રેલર સોશિયલ મીડિયા પર રિલીઝ કરતાં તાપસીએ લખ્યું કે, ‘હાં બસ એક થપ્પડ... પર નહીં માર સકતા!’ ટ્રેલરમાં હેપી ફેમિલી પિક્ચરમાંથી તરત જ એ ઘટના દર્શાવાય છે જ્યારે તાપસીને તેનો પતિ એક સણસણતો તમાચો ચોડી દે છે. ત્યાર પછી તાપસી પતિ સામે કાનૂની જંગ છેડે છે અને લગ્ન જીવનમાં તેને જે અન્યાય થયો છે તેની વાત દુનિયા સામે રાખે છે. થપ્પડના ટ્રેલરની છેલ્લી લાઈન જ એ છે કે- “થપ્પડ કે બાદ મુઝે વો સારી ચીઝેં સાફ સાફ દિખને લગી જિસકો મેં મૂવ ઓન કરકે અનદેખા કરતે જા રહી થી.”






ટ્રેલર રિલીઝ થયા પછી બોલીવુડના ઘણા સ્ટાર્સે પ્રતિક્રિયા આપી છે. કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાનીએ પણ ટ્રેલર જોઈ ઈન્સ્ટાગ્રામ પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ‘તમે કેટલીવાર સાંભળ્યું છે કે મહિલાઓએ જ એડજસ્ટ કરવું પડે છે? કેટલા એવું વિચારે છે કે મારપીટ માત્ર ગરીબ મહિલાઓના પતિ જ કરે છે? કેટલા એવું માને છે કે ભણેલો માણસ ક્યારેય હાથ નથી ઉઠાવતો?

## હવે મારી તસ્વીરો વધુ જોવાઇ રહી છેઃ સારા અલી ખાન



મુંબઈઃ બોલીવુડ અભિનેત્રી સારા અલી ખાનની ફિલ્મ લવ આજકલ શુક્રવારથી રિલીઝ થઇ રહી છે. તેણે આ ફિલ્મનું કાર્તિક આર્યન સાથે મળી ખુબ પ્રમોશન કર્યુ છે. સારા તાજેતરમાં કરીના કપૂરના રેડિયો શો વ્હોટ વુમન વોન્ટ દુમાં ભાગ લેવા પહોંચી હતી. સારાએ જણાવ્યું હતું કે હવે પહેલા કરતા મારી તસ્વીરો વધુ જોવાય રહી છે. કાર્યક્રમમાં સારાએ પોતાના ભારેખમ શરીરને કઇ રીતે ઘટાડ્યું તે અંગે વાત કરી હતી. તે પહેલા ૯૬ કિલો વજનની હતી. તેણે વજન ઘટાડવા ખુબ મહેનત કરી છે. હવે તે ખુબ જ આકર્ષક દેખાઇ રહી છે. પરંતુ કરીનાએ કહ્યું હતું કે ઓછા વજનવાળી સારા હવે મને કંટાળાજનક લાગી રહી છે. કરીનાએ કહ્યું હતું કે સારા વજનદાર હતી ત્યારે વધુ દિલચશ્પ હતી કેમ કે ત્યારે તે ખુબ પિઝઝા ખાઇ શકતી હતી. હવેતે પિઝઝા ખાઇ શકતી નથી. સારાએ સામે કહ્યું હતું કે હું હવે પિઝઝા ખરીદવા માટે પૈસા કમાઇ શકુ છું. લોકો હવે મને ખુબ અલગ નજરે જોઇ રહ્યા છે. સારા જ્યારે વધુ વજન ધરાવતી હતી ત્યારે પણ ખુબ આત્મવિશ્વાસુ હતી. સારાએ એ પણ સ્વીકાયું હતું કે મારો વજન ઓછો થયા પછી મારી તસ્વીરો પર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

## બોયફ્રેન્ડ રોહન શ્રેષ્ઠ સાથે ખુશ છે



મુંબઇ : અભિનેત્રી શ્રદ્ધા કપુર અને ફરહાન અખ્તરના પ્રેમસંબંધોનો અંત આવી ગયો છે. બંને હાલમાં જુદા જુદા પાર્ટનર સાથે નજરે પડે છે. એકબાજુ શ્રદ્ધા કપુર હાલમાં ફોટોગ્રાફર બોયફ્રેન્ડ રોહન શ્રેષ્ઠની સાથે પ્રેમમાં છે. જ્યારે ફરહાન અખ્તર હાલના દિવસોમાં શિબાની દાંડેકરના પ્રેમમાં છે. પ્રાપ્ત માહિતી મુજબ શ્રદ્ધા કપુર હજુ પણ ફરહાન અખ્તર સાથે સંબંધના ગાળા દરમિયાન તેની સાથે શુ થયુ છે તે બાબતને ભુલી શકી નથી. જેથી તે રોહનને પણ સાવધાની રાખવા માટે તૈયાર છે.ફરહાન અખ્તર અને શ્રદ્ધા કપુર કોઇ સમય બંને એકબીજાના પ્રેમમાં હતા. જો કે તેમની વચ્ચે સંબંધોને લઈને ભારે હોબાળો થયો હતો. મળેલી માહિતી મુજબ એક કાર્યક્રમના ભાગરૂપે રોહન અને ફરહાન સાથે ફોટોશુટ કરનાર હતા. જો કે હવે જાણવા મળેલી માહિતી મુજબ રોહન આ પ્રોજેક્ટ કરી રહ્યો નથી. ફિલ્મોની વાત કરવામાં આવે તો શ્રદ્ધા કપુરની પાસે વધારે ફિલ્મ છે. વરૂણ ધવનની સાથે તે સ્ટ્રીટ ડાન્સર ફિલ્મમાં હાલમાં નજરે પડી હતી. તે હવે ટાઈગર શ્રોફ સાથે બાગી સીરિઝની નવી ફિલ્મમાં નજરે પડનાર છે. સ્ટ્રીટ ડાન્સરને બોક્સ ઓફિસ પર ખાસ સફળતા હાથ લાગી નથી. ફિલ્મના નિર્દેશક રેમો ડિસોઝા હતા. ફિલ્મમાં વરૂણધવન લંડનમાં અભ્યાસ કરનાર એક પંજાબી યુવકની ભૂમિકામાં દેખાયો હતો. જ્યારે શ્રદ્ધા કપુર પાકિસ્તાની યુવલતિની ભૂમિકા અદા કરી ગઈ છે. શ્રદ્ધા કપુર બોલિવુડ ફિલ્મ ઉદ્યોગને લઈને આશાવાદી છે. તેની પાસે નવી નવી ફિલ્મોની ઓફર પણ આવી રહી છે. તે પ્રભાસ સાથે મોટી ફિલ્મ સાહોમાં નજરે પડી હતી. જે બોક્સ ઓફિસ પર સુપર હિટ સાબિત થઈ હતી. ફિલ્મ બાદ તેની બોલબાલા વધી હતી. ટાઈગર સાથે તે એક્શન ફિલ્મમાં નજરે પડનાર છે.

## રણબીર કપુર પાસે ૨૦૨૧ સુધી સમય નથી



મુંબઇ : સંજુ ફિલ્મની રેકોર્ડ સફળતા બાદ હવે રણબીર કપુર સુપરસ્ટાર તરીકે ઉભરી આવ્યો છે. રણબીર કપુરની પાસે હાલમાં એટલી ફિલ્મો હાથમાં છે કે તે મોટા નિર્માતા નિર્દેશકોની ફિલ્મને પણ ફગાવી રહ્યો છે. હવે રણબીર કપુરે કરણ જોહરની ફિલ્મ ફગાવી દીધી છે. જેમાં રણવીર સિંહ, વિકી કોશલ કામ કરી રહ્યા છે. કરણ જોહરે મલ્ટીસ્ટારર ફિલ્મ માટે પહેલા વિકી કોશલની જગ્યાએ રણબીર સિંહના નામ પર વિચારણા કરી હતી. જો કે તેની પાસે સમય નહી હોવાના કારણે કરણ જોહરની ફિલ્મને ફગાવી દીધી છે.

રણબીરે આટલા મોટા નિર્માતા નિર્દેશકની સાથે ફિલ્મ કરવાનો ઈન્કાર કેમ કર્યો તેને લઈને પ્રશ્ન કરી રહેલા લોકો માટે જવાબ એ છે કે તેની પાસે સમયનો અભાવ છે. તે ૨૦૨૧ સુધી વ્યસ્ત સમય ધરાવે છે. ફિલ્મનુ શુટિંગ હાલમાં ચાલી રહ્યુ છે. ફિલ્મનુ નિર્દેશન કરણ જોહર પોતે કરી રહ્યા છે. આશરે બે વર્ષ બાદ કરણ જોહર કોઈ ફિલ્મનુ નિર્દેશન કરે છે. છેલ્લે રણબીર સાથે યે દિલ એ મુશ્કેલનુ નિર્દેશન કર્યુ હતુ. જેમાં એશની પણ ભૂમિકા હતી. રણબીર કપુરે પ્રોફશનલી રીતે ફિલ્મ ન કરવાનો નિર્ણય કર્યો છે. તેની પાસે હાલમાં બ્રહ્માસ્ત્ર, શમશેરા અને લવ રંજની એક ફિલ્મ પણ છે.

## સલમાન અને અક્ષયને સાથે ચમકાવવા પ્રયાસો





મુંબઇ : બોલિવુડના બે સૌથી મોટા સ્ટારને એક સાથે લઈને ફિલ્મ બનાવવા માટેની બાબત સરળ નથી. વિતેલા વર્ષોમાં તમામ ટોપ સ્ટાર સાથે કામ કરી ચુક્યા છે પરંતુ આજે તેમની ઈમેજ અલગ પ્રકારની બની ચુકી છે. જેથી સાથે રાખીને ફિલ્મ બનાવવા માટેની બાબત સરળ નથી. વિતેલા વર્ષોમાં તેમને સાથે લઈને ફિલ્મો બનાવનાર નિર્માતા નિર્દેશકો પણ હવે મુશ્કેલી અનુભવી રહ્યા છે. કારણકે તેમને સાથે લેવા માટે મજબુત સ્ટોરી અને રોલ બંને માટે જરૂરી હોય છે. આવી સ્થિતી અક્ષય કુમાર અને સલમાન ખાનને લઈને ફિલ્મ બનાવવા માટેની રહેલી છે. બંનેને સાથે લઈને ફિલ્મ બનાવવી મુશ્કેલ છે. અરહાદ સામજી બંનેને લઈને જુદા જુદા પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. જો કે સાથે લાવવા માટેના પ્રયાસ હાલ હાથ ધરવામાં આવ્યા છે. ફરહાદ સામજી સાજિદ નડિયાદવાળાની સાથે જોડી જમાવીને બે ફિલ્મો બનાવી રહ્યા છે. જે પૈકી એક અક્ષય કુમારની સાથે છે અને અન્ય સલમાન ખાનની સાથે છે. અક્ષય કુમારની ફિલ્મ બચ્ચન પાન્ડે છે. આવી જ રીતે સલમાન ખાનની સાથે તેમની કભી ઈદ કભી દિવાળી રહેલી છે. ફરહાદ સલમાન ખાન સાથે પ્રથમ વખત કામ કરી રહ્યા છે. તમામ લોકો જાણે છે કે જ્યારે ૫૪ વર્ષીય સલમાન ખાન હર દિલ જો પ્યાર કરેગાના શુટિંગમાં હતો ત્યારે સંઘર્ષના દિવસોમાં ફરહાદ એક સેટથી બીજા સેટ પર જતા હતા. સલમાન ખાન અને અક્ષય કુમારની સાથે ફિલ્મ કરીને તે ખુબ ખુશ છે. આગામી પ્રોજેક્ટને લઈને બંને કલાકારો ઉત્સુક છે.







## હોલિવુડની હલચલ

### જોની સાથે મારઝૂડ કર્યાનો એમ્બરે સ્વીકાર્યું



લોસએન્જલિસ : હોલીવુડ અભિનેતા જોની ડેપ અને તેની પત્ની એમ્બર હર્ડ વચ્ચેની લડાઈનો છૂટાછેડા બાદ પણ અંત આવ્યો નથી. ૨૦૧૬માં એમ્બર હર્ડે જોની ડેપ પર મારપીટનો આરોપ લગાવ્યો હતો. એ પછી બંનેના છૂટાછેડા થયા હતા. હવે ચાર વર્ષે એવા સમાચાર સામે આવ્યા છે કે, એમ્બર હર્ડ જોની ડેપની સાથે મારપીટ કરતી હતી. આ વાત ખુદ એમ્બર હર્ડે કબૂલી છે. સોશિયલ મીડિયામાં એમ્બર હર્ડની એક ઓડિયો ક્લીપ વાયરલ થઈ છે. જેમાં તે કબૂલી રહી છે કે, તે જોની ડેપ સાથે મારપીટ કરતી હતી. મને માફ કરી દે. હું તને ફેંટ મારવા માગતી નહોતી. હું તને તારા ચહેરા પર થપ્પડ મારવા માગતી હતી. પણ સારી મારી શકી નહીં. પણ તને ઈજા નહીં થઈ હોય ! મેં તને કોઈ નુકસાન પહોંચાડયું નથી. ખેર, હવે રહી રહીને એમ્બરને ડહાપણ આવ્યું છે. અગાઉ તેણે જોની ડેપ પર મારપીટનો આરોપ લગાવ્યો હતો. એક ઈન્ટરવ્યૂમાં એમ્બરે કબૂલ્યું હતું કે તે જોનીને અપશબ્દો પણ બોલતી હતી. ૨૦૧૧માં રજૂ થયેલી ફિલ્મ ધ રમ ડાયરીના સેટ પર જોની ડેપ અને એમ્બર હર્ડની મુલાકાત થઈ હતી. એ પછી બંને રિલેશનશીપમાં હતા. ૨૦૧૫માં બંનેએ લગ્ન કર્યા અને ૨૦૧૭માં છૂટાછેડા થયા હતા.

### માર્ગોટ રોબીને સ્ટંટ કરવું ખૂબ ગમે છે



લોસએન્જલિસ : હાલમાં જ એકશન ફિલ્મ કરીને ચમકેલી અભિનેત્રી માર્ગોટ રૉબીની ફિલ્મ બર્ડ્સ ઓફ પ્રે મેક્સિકોમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મમાં માર્ગોટે હાર્લેએ ક્વીનની ભૂમિકામાં અભિનય કર્યો છે. ફિલ્મમાં તેણે કેટલાક દિલધડક સ્ટંટ કર્યા છે. સ્ટંટ અંગે વાત કરતા માર્ગોટ રૉબી ખૂબ જ ઉત્સાહિત જોવા મળી. એક ઈન્ટરવ્યૂમાં માર્ગોટે કહ્યું કે, હું હાર્લે ક્વીનની સરખામણી તો ના કરી શકું ! એ વાત હું સારી રીતે જાણું છું. ફિલ્મમાં મેં અનેક સ્ટંટ કર્યા છે. આમ પણ સ્ટંટ કરવા મને ખૂબ જ ગમે છે. એટલે સ્ટંટ કરવાની ખૂબ મજા પડી. ૮૭ ઈલેવન જેવી ટીમ સાથે સ્ટંટ કરવાનો અનુભવ પણ યાદગાર રહ્યો. ખાસ કરીને રેને મનીમેકર સાથે બેકફ્લિપ જેવા સ્ટંટ કરવાની મજા આવી. રેને મનીમેકર ખૂબ જ સારા સ્ટંટ પરફોર્મર છે. એક્રોબેટ્સ સિવાય તેણે તમામ સ્ટંટ મારી પાસે કરાવ્યા. વેલ, સ્ટંટનો આ અનુભવ મને હંમેશા યાદ રહેશે.

### હું પણ શોષણનો શિકાર થઈ છું : કેટ મોસ



લોસએન્જલિસ : મોડલ કેટ મોસનુ કહેવુ છે કે તે કેમેરાની સામે ટોપલેસ થવાને લઈને હજુ પણ ખચકાટ અનુભવ કરે છે. અલબત્ત તે અનેક વખત કેમેરાની સામે ટોપલેસ થઇ ચુકી છે. સુપરમોડલ કેટ મોસના આ નિવેદનના કારણે ચાહકોમાં ભારે ચર્ચા છે. પોતાના મોડલિંગના દિવસોની યાદ કરતા કેસ મોસ કહે છે કે તે પણ વ્યાપક શોષણનો શિકાર થઇ છે. તેની સમક્ષ વારંવાર ટોપલેસ થઇને પોઝ આપવા માટે કહેવામાં આવતુ હતુ. જેના કારણે તે ભારે મુશ્કેલીનો અનુભવ કરતી હતી. કેટ મોસે હાલમાં જ મેગન કેલી ટુડેના શો દરમિયાન આ વાત કરી હતી. શો દરમિયાન વેબસાઈટ પેજસિક્સ ડોટ કોમના કહેવા મુજબ મેગન કેલે ટુડે દ્વારા કેટલાક વેધક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. જો કે કેટ મોસ યોગ્ય રીતે જવાબ આપતી નજરે પડી હતી. ૪૪ વર્ષીય કેટ મોસે કહ્યુ હતુ કે મોડલિંગ કેરિયરમાં તે કેટલાક વર્ષો સુધી સંઘર્ષ કરતી રહી હતી. તેનુ કહેવુ છે કે તે જ્યારે ટોપ મોડલ તરીકે હતી ત્યારે વારંવાર ટોપલેસ થઈને પોઝ આપવા માટે કહેવામાં આવતુ હતુ. તેનુ કહેવુ છે કે એ વખતે તે દબાણમાં પણ હતી. તે કોર્નિન નામની મહિલા ફોટોગ્રાફરની સાથે કામ કરી રહી હતી. તે તેના ટોપલેસ ફોટો પાડવાનુ પસંદ કરતી હતી. જો કે તે શરૂઆતમાં આ બિલકુલ પસંદ કરતી ન હતી. કેસ મોસ કેલ્વિન ક્લેનના ઓબ્શેન પરફ્યુમની જાહેરાતમાં ન્યુડ નજરે પડી હતી. આના પર તે કહે છે કે તે કેમેરાની સામે ન્યુડ થવાને લઈને બિલકુલ પણ વિશ્વાસમાં રહેતી નથી. તેને ન્યુડ સીન આપવા પસંદ નથી. વર્ષ ૧૯૯૦માં કેટ મોસ ફેશનની દુનિયામાં લોકપ્રિય થઇ ગઇ હતી. ગ્રેટર લંડનમાં જન્મેલી કેટ મોસ ૧૪ વર્ષની વયથી ફેશનની દુનિયામાં સક્રિય થયેલી છે. કેટ મોસ પોતાની ક્લોથિંગ રેંજ પણ ધરાવે છે. તે કેટલાક મ્યુઝિક પ્રોજેક્ટમાં સામેલ રહેલી છે.



# યુએન સિક્યુરીટી કાઉન્સીલની બેઠક કેનેડાને વૈશ્વિક ખેલાડી બનાવશે

## ટ્રુડોએ આફ્રિકામાં યુથોપિયન મહિલા ઉદ્યોગકારો અને નાઈજિરીયા, સોમાલિયા, મોરીશીયસ અને માડાગાસ્કરના નેતાઓ સાથે મુલાકાત કરી

- **વર્ષ ૨૦૧૦માં આફ્રિકન રાષ્ટ્રોના પુરતા મત નહીં મળતા કેનેડાએ સભ્યપદથી વંચિત રહેવું પડયું હતુ**

ટોરન્ટો : કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ રવિવારે કહ્યું હતું કે, તેઓ ઈચ્છે છે કે, યુનાઈટેડ નેશન્સની સિક્યુરીટી કાઉન્સીલમાં કેનેડાને સ્થાન મળે. કેમ કે, જો એમ થશે તો વિશ્વના મહત્વના મુદ્દાઓ પર થનારી ચર્ચામાં કેનેડા પણ ભાગ લઈ શકશે.

જસ્ટીન ટ્રુડોએ આફ્રિકામાં તેમના રોકાણ દરમિયાન એક આખો દિવસ યુથોપિયન મહિલા ઉદ્યોગકારો સાથે લંચ મીટીંગ અને નાઈજિરીયા, સોમાલિયા, મોરીશીયસ અને માડાગાસ્કરના નેતાઓ સાથે મુલાકાત કરી હતી.

શનિવારની રાત્રે તેમણે આફ્રિકન યુનિયન સમિટ દ્વારા યોજાયેલા ડીનર સમારંભમાં ભાગ લીધો હતો. એ અગાઉ તેમણે પાંચ અલગ અલગ ફોરમ પર વકતવ્ય રજૂ કર્યુ હતું.

ટ્રુડોએ કહ્યું હતું કે, તેમની આ મુલાકાતનો આશય કેનેડા અને આફ્રિકા વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવાનો છે. જેમાં વધુને વધુ વ્યાપારીક અને આર્થિક સંબંધોમાં પરસ્પર ભાગીદારી વધારવા પર ખાસ ધ્યાન અપાશે.

તેમણે યુએનની સિક્યુરીટી કાઉન્સીલના દસ અસ્થાયી બેઠકોના કેનેડાના સભ્યપદ અંગે આફ્રિકા તરફથી મળનારા સહયોગ બદલ આભાર પણ વ્યકત કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે, તેમના આ પ્રવાસનું એક કારણ એ પણ છે. આગામી જુન માસમાં આ બેઠકો માટે થનારા મતદાનમાં કેનેડાએ નોર્વે અને આયરલેન્ડ સામે ટકરાવું પડશે. કાઉન્સીલમાં આફ્રિકન રાષ્ટ્રોના ૫૪ સભ્યો છે. એટલે એમનો પ્રભાવ આ ચૂંટણી પર વધુ રહે છે. કારણ કે એનું પ્રમાણ કુલ મતોના ચોથા ભાગ જેટલું થાય છે.

વર્ષ ૨૦૧૦માં આફ્રિકન રાષ્ટ્રોના પુરતા મત નહીં મળવાને કારણે કેનેડાએ સભ્યપદથી વંચિત રહેવું પડયું હતું. તેમણે કહ્યું હતું કે યુએન સિક્યુરીટી કાઉન્સીલ એવું સ્થાન છે જયાં વિશ્વના મોટા મોટા મુદ્દાઓની ચર્ચા થાય છે અને આગળ વધી શકાય છે. આવા સ્થળે કેનેડાનો પણ અવાજ પહોંચે તો તે માત્ર કેનેડાવાસીઓ માટે જ નહીં પરંતુ વિશ્વના જે રાષ્ટ્રો કેનેડાના મૂલ્યોને, ચિંતાઓને અને દૂરંદેશીને સમજે છે એમને માટે પણ મહત્વનો છે.

# હોલ્ટન ગુજરાતી સિનિયર્સ સમાજ દ્વારા "વેલેન્ટાઈન ડે" ની ઉજવણી



- **સંગીત સંધ્યામાં વોઈસ ઓફ કિશોરદા વિજયભાઈ કાંકરેજે ફિલ્મીગીતોની રમઝટ જમાવી**

હોલ્ટન : વેલેન્ટાઈન ડે એટલે સમાજ અને જીવન સાથી તરીકે આપણા જીવનમાં આવતા સહુ પ્રત્યે પ્રેમ અભિવ્યક્તિનો દિવસ છે. મિલ્ટન સ્થિત ગ્રેસ એન્ગ્લીકન ચર્ચના રંજુબેન ખંડેરિયાની ટીમ દ્વારા સુશોભિત હોલમાં, હોલ્ટન ગુજરાતી સિનિયર્સ સમાજે તા.૯મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ભક્તિ – સંગીત અને ડાન્સના તાલે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. એચ.જી.એસ.એસ.ના પ્રમુખ મીનાબેન ભટ્ટે સર્વ સભ્યોને આવકારી વેલેન્ટાઈન ડે અને હિંદુ ધર્મના દેવાધિદેવ શિવજીની રાત્રિ ઉપાસના પર્વ શિવરાત્રી વિશે સવિસ્તાર જાણકારી આપી હતી.

બિહારી સ્થાનકિયાએ મહાભારતમાં કૃષ્ણ દ્વારા પતરાળ ઉઠાવવાના પ્રસંગને વર્ણવી, નાના-મોટા સહુ કાર્ય સેવા કાર્ય છે, પ્રેમ કાર્ય છે તેની સમજુતી આપી હતી.એચ.જી.એસ.એસ. સેક્રેટરી હસુબેન સ્થાનકિયાએ નવા સભ્યોને આવકાર્યા હતા.જીવન-શતક પુરા કરનાર વડીલ ઘેલાભાઈ મિસ્ત્રીનો હાર્દિક આભાર માન્યો હતો. જાન્યુઆરી માસમાં ઉજવેલા કાર્યક્રમોનો ચિતાર રજૂ કર્યા બાદ સભ્યોના પ્રશ્નોનુ સંતોષકારક સમાધાન કરાયું હતુ. ભુપેન્દ્રભાઈ મોદીએ મેમ્બરશીપ અને ડોનેશન માટે ઓનલાઈન પેમેન્ટ સગવડની જાણકારી આપી હતી. જે બાદ ફેબ્રુઆરીમાં જેમનો જન્મદિવસ હોય તે તમામ સભ્યોને શૂભેચ્છા પાઠવાઈ હતી. મિલ્ટનમાં ડાન્સ એકેડેમી ચલાવતા સેવાકાર્યોમાં અગ્રણી અલ્પા પંચાલે વેલેન્ટાઈન ડે ને ધ્યાનમાં રાખી, ફિલ્મી ગીત – ઓ હસીના – પર વડીલોને અનુકુળ સ્ટેપ સાથે અંગ કસરત કરાવી હતી. જે બાદસંગીત સંધ્યાનું પણ આયોજન કરાયું હતુ. જેમાં વોઈસ ઓફ કિશોરદા વિજયભાઈ કાંકરેજએ કરીયોકીને સહારે વડીલોના યુવાકાળના પ્રખ્યાત હિન્દી ફિલ્મના પ્રેમ- યુગલ ગીત ગાઈને સભ્યોને સંગીતના તાલે ઝૂમતા-નાચતા કરી દીધાં હતા.

# અલ્બર્ટાના વૈજ્ઞાનિકો દ્વારા ઉ વાયરસને મારી શકે એવા માસ્કનું સંશોધન કરાયું

- **માસ્ક વર્ષ ૨૦૨૧ સુધીમાં બજારમાં વેચાણ માટે આવશે : કોરોના સામે માસ્કનું ટેસ્ટીંગ બાકી**

ઓન્ટેરિયો : કેનેડાના સંશોધકો એવો ફેસ માસ્ક વિકસાવી રહ્યા છે જે કમસે કમ ત્રણ ફલુના વાયરસને ફેલાવા નહીં દે અને ગણતરીની મિનીટોમાં એનો નાશ કરી શકે. હાયો-જિક ચોઈ યુનિવર્સિટીના બાયોમેડિકલ એન્જિનિયર પ્રો. હયો જિક ચોઈએ કહ્યું હતું કે, 'આ નવો અને સુધારીત સર્જિકલ માસ્ક વિશ્વનો એવો માસ્ક હશે જે કદાચ કોરોના વાઈરસ સામે પણ કામ લાગી શકશે.

આ માસ્ક વર્ષ ૨૦૨૧ સુધીમાં બજારમાં વેચાણ માટે આવશે. એમની લેબોરેટરીએ હજુ સુધી કોરોના વાઈરસનો ટેસ્ટ કર્યો નથી. કેમ કે, એ ઘણું મુશ્કેલ છે. આમ છતાં આ માસ્ક એવી રીતે તૈયાર કરાયો છે કે, એ મોટા અને મજબૂત રોગકારક જીવાણુઓને તુલનાત્મક રીતે મારવાની ક્ષમતા ધરાવે છે.

મીડિયાના અહેવાલો મુજબ એમાં જે મહત્વનું તત્વ છે એ સોડીયમ કલોરાઈડ એટલે કે મીઠું છે. ચોઈની ટીમે આ માસ્કમાં એનો ઉપયોગ માસ્કના આવરણ માટે કર્યો છે.

તેમણે સર્જિકલ માસ્ક અને હેવી ડયુટી માસ્ક જેને એન ૯૫ નામ આપ્યું છે એ બનાવ્યા છે. જયારે આ દર્દી ખાંસી ખાય કે છીંક ખાય ત્યારે આ માસ્ક પહેર્યો હોય તો વાઈરસનો ફેલાવો થઈ શકતો નથી.

આ માસ્ક છંટકાવને રોકી શકે છે. જો કે એ પહેરનારને શ્વાસ લેવામાં થોડી મુશ્કેલી પડી શકે છે અને એ ખર્ચાળ પણ છે. હાલમાં જયારે આખી દુનિયામાં કોરોના વાઈરસને કારણે થયેલા મૃત્યુ અને એના ફેલાવાની ચર્ચા થઈ રહી છે ત્યારે આ પ્રકારના માસ્ક વિશેની જાણકારી આવે એ સારી બાબત ગણાય છે.

# કેનેડામાં મકાનના ભાવ વધ્યા : પહેલું ઘર ખરીદનારને પ્રોત્સાહન આપવામાં નિષ્ફળતા

- **સરકારી યોજનામાં એફોર્ડેબીલીટીનું ધ્યાન રાખવામાં ચૂક થઈ હોવાની શક્યતા**

મોન્ટ્રીયલ : ફેડરલ સરકારે પહેલું મકાન ખરીદનાર માટે જે પ્રોત્સાહન આપવાની લોકહિતની યોજના અમલમાં મુકી હતી તેની નિષ્ફળતાને કારણે જ કેનેડામાં મકાનના ભાવોમાં વધારો થયો હોવાનું બહાર આવ્યું છે. ગયા અઠવાડિયે જાહેર કરાયેલી વિગતો મુજબ કેનેડા મોર્ગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશન (સીએમએચસી)ને અંદાજે યોજનાના પ હેલા ત્રણ માસમાં ૩૦૦૦ અરજીઓ મળી હતી. અને ટોચની એજન્સીએ ૫૧ મિલીયન યુએસ ડોલરનું ભંડોળ ૨૦૧૯માં આપ્યું હતું. ત્રણ વર્ષમાં આ યોજના મુજબ ૧.૨૫ બિલીયન યુએસ ડોલરનું રોકાણ થવાનું હતું, તેની સામે આ મંજુર થયેલી રકમ ઘણી ઓછી ગણાય. આ યોજનામાં એફોર્ડેબીલીટીનું ધ્યાન રાખવામાં ચૂક થઈ હોય એમ લાગે છે. કેનેડાના મોટા શહેરો કેટલીક સમસ્યાઓનો સામનો કરી રહી હોવા છતાં આવા શહેરોમાંથી આવેલી અરજીઓ ઘણી ઓછી હતી. એમ બેટર ડવેલીંગ બ્લોગ પરના એન એનાલીસીસ ઓફ ધી ડેટામાં જણાવાયું હતું.

વધારામાં આ યોજના માત્ર કયુબેક અને અલ્બર્ટામાં જ સૌથી વધુ લોકપ્રિય થઈ હતી. જયાં એફોર્ડેબલ હાઉસિંગ ઓન્ટેરીયો અને બ્રિટીશ કોલંબિયાની સરખામણીમાં પહેલાથી જ વધુ છે.

ટોરન્ટોથી માત્ર ૧૪૮ અરજીઓ આવી હતી અને વેકુંવરથી ૪૫ અરજીઓ આવી હતી. સૌથી વધુ અરજીઓ મોન્ટ્રીયલ, એડમેન્ટન અને કેલગેરીથી આવી હતી. આવા કારણોથી જ ડોમિનીયન લીડીંગ સેન્ટર્સના અર્થશાસ્ત્રી શેરી કૂપરે આ યોજનાને ફલોપ ગણાવી હતી. વધુમાં તેમણે કહ્યું હતું કે કેનેડામાં મકાનોના ભાવ વધારાનું કારણ પણ આવી નિષ્ફળ યોજના જ છે.




TORQUE
Torque Contracting & Consulting
Commercial & Residential General Contracting Services
• Painting • Kitchen • Electrical
• Flooring • Basement • Plumbing
• Trimwork • Bathroom • HVAC
• Fully Insured/ WSIB
Hiten Mehta
President & Founder
647-283-8394 info.torquecc@gmail.com
@torquecc www.torquecc.com Torque_cc

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# ઓસ્કાર ૨૦૨૦: કોરિયન ફિલ્મ પેરાસાઈટને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ









લોસએન્જલસ : પ્રતિષ્ઠિત ઓસ્કાર એવોર્ડની જાહેરાત થઈ ચુકી છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. હોલિવૂડનો ખ્યાતનામ એવોર્ડ એટલે કે ઓસ્કાર એવોર્ડના ૯૨માં એવોર્ડની શરૂઆત થઈ હતી. અમેરિકાના લોસ એન્જલસના ‘કોડક થિયેટર’માં આ અવોર્ડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ‘ઓસ્કર અવોર્ડ્સ’માં વન બાય વન કેટેગરીના ઓસ્કર અવોર્ડ્સ જાહેર થયા હતા. ધારણા પ્રમાણે જ પેરાસાઈટે આ વર્ષે શ્રેષ્ઠ ફિલ્મ માટેનો એવોર્ડ જીતી લીધો હતો. આ એર્વોડમાં ૧૯૧૭ અને પેરેસાઈટનો દબદબો રહ્યો હતો. પેરેસાઈટ ફિલ્મે અમેરિકન ફિલ્મોને પાછળ રાખી ફિલ્મના ત્રણ મોટા એર્વોડ સ્ક્રિપ્ટ, ડાયરેક્શન અને બેસ્ટ ફિલ્મ પર કબ્જો જમાવ્યો હતો. આવું પહેલી વખત થઈ રહ્યું છે કે, એક નોન અંગ્રેજી ફિલ્મને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો હોય.

સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જુડી માટે રેની જેલવેગરને આપવામાં આવ્યો હતો. જ્યારે જોકર ફિલ્મમાં શાનદાર ભૂમિકા બદલ વોકિન ફિનિક્સે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીતી લીધો હતો. તેની સાથે સ્પર્ધામાં લિયોનાર્ડો ડી કેપ્રિયો પણ હતો પરંતુ વોકિને બાજી મારી હતી. વન્સ અપન એ ટાઈમ ઈન હોલિવુડમાં શાનદાર ભૂમિકા બદલ બ્રાડ પિટને સહાયક અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો. ટોય સ્ટોરી, હેયર વલ અને પેરાસાઈટે જુદી જુદી કેટેગરીમાં એવોર્ડ જીત્યા હતા. હોલિવુડના સૌથી મોટા એવોર્ડ શો ઓસ્કારનુ આયોજન કેલિફોર્નિયાના ડોલ્બી થિયેટરમાં યોજાયો હતો આ પ્રસંગે દુનિયાભરના ફિલ્મ જગતના લોકો હાજર રહ્યા હતા. આ ઉપરાંત ૨૨૫ દેશોમાં તેનુ પ્રસારણ કરવામાં આવ્યુ હતુ. ઓસ્કાર એવોર્ડ કાર્યક્રમને લઈને છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. પ્રથમ ઓસ્કાર એવોર્ડ કાર્યક્રમ ૧૬મી મે ૧૯૨૯ના દિવસે આયોજિત કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે ભારતીય સિનેમા ઈતિહાસ આ એવોર્ડ માટે કોઈ ખાસ રોલમાં નથી.

**શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ વોકિન ફિનિક્સને તો શ્રેષ્ઠ અભિનેત્રી તરીકેનો એવોર્ડ રેની જેલવેગરને મળ્યો હતો**

## ઓસ્કારનો ઈતિહાસ પલટનાર નિર્દેશકે કહ્યું-હું એવોર્ડના કટકા કરી નાખીશ

પોતાનું વિજેતા ભાષણ આપતી વખતે બોંગ શ્રેષ્ઠ દિગ્દર્શક માટે નિયુક્ત થયેલા દિગ્દર્શકો વિશે વાત કરવાનું ભૂલ્યા નહીં. આ બધાનો ઉલ્લેખ કરતા બોન્ગે કહ્યું, “જો ઓસ્કાર મને મંજૂરી આપે તો હું આ ટ્રોફીના પાંચ ટુકડા કાપીને તમને બધાને આપી દઉં. તમે બધા ખૂબ જ આદરણીય દિગ્દર્શકો છો. અને સરસ ફિલ્મો બનાવી છે. ઉલ્લેખનીય છે કે, ઓસ્કારના ઇતિહાસમાં આ પહેલીવાર છે કે જ્યારે કોઈ દક્ષિણ કોરિયન ફિલ્મને બેસ્ટ ફિલ્મનો ઓસ્કાર એવોર્ડ મળ્યો હોય.



## એવોર્ડ ગોઝ ટુ...

- બેસ્ટ એક્ટરઃ વોકિન ફીનિક્સ
- બેસ્ટ પિક્ચરઃ પેરાસાઈટ
- બેસ્ટ એક્ટ્રેસ સર્પોટિંગ રોલઃ લોરા ડર્ન
- બેસ્ટ એક્ટર સર્પોટિંગ રોલઃ બ્રાડ પિટ
- બેસ્ટ ડિરેક્ટરઃ બોન્ગ જૂન હો
- બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મઃ પેરાસાઈટ
- બેસ્ટ મેકઅપ એન્ડ હેર સ્ટાઈલિંગઃ બોમ્બશેલ
- બેસ્ટ ઓરિજિનલ સોન્ગઃ આઈ એમ ગોના લવ મી અગેઇન
- બેસ્ટ ઓરિજિનલ સ્કોરઃ જોકર
- બેસ્ટ વિઝ્યુઅલ ઈફેક્ટ્સઃ ૧૯૧૭
- બેસ્ટ સાઉન્ડ એડિટિંગઃ ફોર્ડ વર્સિસ ફરારી
- બેસ્ટ એનિમેટેડ ફિલ્મઃ ટોય સ્ટોરી ૪
- બેસ્ટ ફિલ્મ એડિટિંગઃ ફોર્ડ વર્સિસ ફેરારી
- બેસ્ટ સિનેમેટોગ્રાફીઃ ૧૯૧૭
- બેસ્ટ સાઉન્ડ મિક્સિંગઃ ૧૯૧૭
- બેસ્ટ ડોક્યુમેન્ટરીઃ અમેરિકન ફેક્ટરી
- બેસ્ટ ડોક્યુમેન્ટરી (શોર્ટ સબ્જેક્ટ): લર્નિંગ ટુ સ્કેટબોર્ડ ઈન અ વોરઝોન
- બેસ્ટ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મઃ ધ નેબર્સ વિન્ડો
- બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈનઃ વન્સ અપોન અ ટાઈમ ઈન હોલિવૂડ
- બેસ્ટ કોશ્ચ્યુમ ડિઝાઈનઃ લિટલ વિમેન
- બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મઃ હેર લવ
- બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લેઃ પેરાસાઈટ
- બેસ્ટ અડેપ્ટેડ સ્ક્રીનપ્લેઃ જોજો રેબિટ

SUPER VISA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
- Visitors to Canada Insurance
- RRSP ( Retirement Plan)
- TFSA
- RESP ( Education Plan)



Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available
(CALL FOR FREE EVALUATION)
HIREN MODI
Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
“ We help you secure your future”

PATEL CPA PROFESSIONAL CORPORATION
Income Tax Preparation
Personal | Self Employed | Corporate
Services Provided
- Incorporation all Provinces and Federal
- Accounting Financial Statements
- Personal Tax E-file
- GST/HST, Payroll, WSIB, EHT Filling
- CRA audits Representation

CPA
Accounting & Bookkeeping
Book a consult Today !
VRUNDA PATEL
CPA, CGA
Call and Book an Appointment Now!
(647) 285-4374
Patelcpapc@gmail.com

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
✔Mice
✔Rat
✔Cockroach
✔Bedbug
✔Animal Control
✔Bird Control
✔Wasps &
✔Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***
Written Guarantee And Discounted Rates
We speak English, Gujarati & Hindi
SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca
24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

# કોરાના વાયરસની અસરથી કઈ રીતે બચશો?

ચાઈનામાં ફેલાયેલ વાયરસ 'કોરોના' ખૂબ ચર્ચામાં છે અને આ વાયરસનું સંક્રમણ ભારતમાં થાય તેવી શક્યતાઓ પણ બતાવવામાં આવી રહી છે. સ્વાભાવિક છે કે, આ રોગથી બચવાનાં ઉપાયો વિશે આપણને માહિતી હોય તે અતિ આવશ્યક છે. આ વાયરસજન્ય રોગ જ્યારે સમગ્ર જનસમુદાય પર અસર કરે ત્યારે આયુર્વેદમાં તેને ''જનપદોધ્વંસજ વ્યાધિ'' કહેવામાં આવે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતાં દરેકને કોઈ પણ જાતના વાઈરસ ખૂબ ઝડપથી અસરગ્રસ્ત બનાવી લેતાં હોય છે

## શક્યતાઓ

નોનવેજ (દરીયાઇ) ખાવાથી આ વાયરસનું સંક્રમણ શરીરમાં થવાની શક્યતાઓ વધી જાય છે.

અસરગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવવાથી કે તેની સાથે હાથ મિલાવવાથી કે તેના શ્વાસોચ્છવાસ દ્વારા તે સ્વસ્થ વ્યક્તિને પણ અસરગ્રસ્ત બનાવે છે.

આ ઉપરાંત અસરગ્રસ્ત વ્યક્તિના છીંક, ઉધરસ કે લાળ દ્વારા પણ આ રોગ અન્યમાં સંક્રાત થઈ શકે છે. જે-તે જગ્યાએ હાથ અડકાવવાથી પણ આ વાયરસ ફેલાવાની શક્યતાઓ રહેલી છે.

## લક્ષણો

આયુર્વેદમાં કફ-વાત-જ્વર સાથે રોગનાં લક્ષણો સામ્યતા ધરાવે છે. (૧) ખૂબ શરદી-ઉધરસ થઈ જવા. (૨) નાકમાંથી પાણી પડયા કરવું. (૩) ગળામાં ખારાશ લાગવી. (૪) તાવ આવવો. (૫) માથાનો દુ:ખાવો થવો. (૬) દુર્બળતા કે અશક્તિ અનુભવાવી.

ઉપરોક્ત લક્ષણોની શરૂઆત લાગે તો તુરંત અનુભવી વૈદ્યનો સંપર્ક કરવો કારણ કે લક્ષણો વધે તો શરીરની અન્ય જઅજીસ પણ આ સાથે સંકળાઈ શકે છે, અને પરિસ્થિતિ વણસી શકે છે.

## સારવાર તથા ઉપાયો

(૧) આ રોગથી બચવા માટે આયુર્વેદમાં ષડંગપાનીય નો પ્રયોગ કરવાનું કહેલ છે. ષડંગપાનીય માં વપરાતા છ દ્રવ્યો (મુસ્તા, પર્પટ, ઉશીર, ચંદન, નાગરમોથ વગેરેનું ચૂર્ણ ૧૦ ગ્રામ જેટલું લઈ તેને ૧ લિટર પાણીમાં નાખી અડધું પાણી બળી જાય ત્યાં સુધી ઉકાળવું અને પછી ઠંડું કરીને તેને બોટલમાં ભરી રાખવું. આ જ પાણી જ્યારે પણ તરસ લાગે ત્યારે પીવાનો આગ્રહ રાખવો જોઈએ.

(૨) લક્ષ્મીવિલાસ રસની ૧-૧ ગોળી અને જો તાવ હોય તો સાથે મહાસુદર્શન ઘનવટી ૨-૨ ગોળી સવાર-સાંજ લેવી.

(૩) તુલસી, અરડુસી, મરી, સૂંઠ અને ગોળ નાખી તેનો ઉકાળો બનાવવો. આ ઉકાળો દિવસમાં ૨ વાર લેવો. સંશમની વટી ૨-૨ ગોળી દિવસમાં ૨ વાર લેવી.

(૪) નાકનાં બંને નસકોરામાં ગાયના ઘીનું નસ્ય ૨-૨ ટીપાં દિવસમાં ૨ વાર નાખવું જોઈએ. આ નસ્યથી બહારથી પ્રવેશતા કોઈપણ જાતના વાયરસ નાસામાર્ગેથી અંદર જતા અટકે છે. નસ્યની પ્રક્રિયા માટે ચત્તા સૂઈ ગરદન થોડી ઊંચી રાખી નાકનાં બંને નસકોરામાં ગાયનાં સુખોષ્ણ ઘી ના ૨-૨ ટીપાં ૨ વાર દિવસમાં નાખવા.

(૫) ઔષધોની વર્તિ બનાવી ધૂમવર્તિનો પ્રયોગ આયુર્વેદમાં બતાવેલો છે. જેમાં ધૂમાડાને નાકથી લઈ મોં દ્વારા બહાર કાઢવાનો હોય છે. જેથી વાયરસ શરીરની અંદરની સીસ્ટમને અસર કરતાં નથી.

(૬) ઘરની અંદર અને આસપાસ વાતાવરણને શુધ્ધ કરવા માટે ગુગળ-કપૂર અને નીમપત્રનો ધૂપ કરવો.

(૭) ત્રિકટુ ચૂર્ણ ૨ ગ્રામની માત્રામાં મધ સાથે લેવું.

(૮) તુલસી અને વાસાપત્રનો સ્વરસ મધ મેળવી દિવસમાં ૨ વાર લેવો. સૂંઠને ૨ લિટર પાણીમાં ઉકાળી ૧ લિટર બાકી રહે ત્યારે ગાળી આ પાણી દિવસભર ઉપયોગમાં લેવું જોઈએ.




નોંધ : જો વાઈરલ ફીવરના ચિન્હો કે વધુ પડતો તાવ આવતો હોય તો તુંરત ડૉક્ટરનો સંપર્ક કરવો. જેથી મહામારી વખતે ફેલાયેલા કોઈપણ લક્ષણથી તમે ઝડપથી બચી શકાય.

## સાવધાની

(૧) કોઈપણ પ્રકારનો ભય અને ક્રોધ શરીરની સમગ્ર ઈમ્યુન સીસ્ટમને બગાડે છે, જેથી સાવચેત રહેવું ભયભીત નહીં. ક્રોધ અને ભયથી દૂર રહેવું.

(૨) બપોરે નિંદ્રાનો ત્યાગ કરવો.

(૩) ઘરનું ભોજન જ લેવાનો આગ્રહ રાખવો બને તો મગ અને રોટલી શ્રેષ્ઠ આહાર આયુર્વેદમાં બતાવેલાં છે.

(૪) દહીં, છાશ, કેળા, લસ્સી, કોલ્ડડ્રીંક્સ, આઈસક્રીમ, ઠંડી આઈટમો વગેરે આહારમાં ન લેવી. વાસી આઈટમો ખોરાકમાં લેવાનું ટાળવું. શક્ય હોય ત્યાં સુધી ગરમ-ગરમ અને પૌષ્ટિક તથા ઘરનો આહાર જ ખોરાકમાં લેવો જોઈએ.

(૫) સુખોષ્ણ જળ દિવસભર પીવાનો આગ્રહ રાખવો જોઈએ. સ્વચ્છતા સંબંધી ખૂબ ધ્યાન રાખવું. ખાંસી કે છીંક ખાધા બાદ હાથ બરાબર સાફ રાખવા. બીમાર વ્યક્તિઓનાં સંપર્કમાં ન આવવું. આપણે બીમાર હોઈએ તો બહાર જવાનું ટાળવું.

(૬) ઘરની બહાર નીકળતી વખતે શ-૯૫ માસ્કનો ઉપયોગ કરવો. ઘરની ચીજો સાફ રાખવી. જે ચીજોનો વારંવાર ઉપયોગ થતો હોય તેને જીવાણુરહિત કરીને પછી જ વપરાશમાં લેવી.

(૭) પોતાની આંખ, નાક અને મોંને હાથ સ્વચ્છ કર્યા વગર સ્પર્શ કરવો નહીં. હાથને સાબુથી ૧૦ થી ૧૫ મિનિટ સુધી સાફ કરવા અને ત્યારબાદ કોરા કરી લેવા. ખાંસી કે છીંક આવવા પર મોંને રૂમાલથી ઢાંકી દેવા જોઈએ. સાવધાની છતાં વાઈરલ ફીવરના ચિહ્નો દેખાય તો અનુભવી વૈદ્ય કે ડૉક્ટરનો તુરંત સંપર્ક કરવો. જેથી મહામારી વખતે ફેલાયેલા કોઈપણ લક્ષણથી ઝડપથી બચી શકાય.




## THERE IS NO PLACE LIKE YOUR OWN HOME.

Let's get you there

**FREE ADMISSION**

# FIRST TIME HOME BUYER SEMINAR

**Saturday Feb 22, 2020**

**1.00 pm - 3.00 pm**

**Hilton Garden INN**

1870 Matheson Blvd,
Mississauga, ON L6W 083



### LEARN ABOUT FINDING A HOME :

- Buying Vs Renting
- Most important steps in the home buying process
- Pre-Construction vs Resale
- Common Home Buyer Mistakes
- First time home buyer rebate & RRSP Home Buyers Plan

### FINANCING A HOME :

- Understanding your credit score
- Mortgage Pre Approvals
- Making an offer and negotiations
- Home Inspections and Approvals
- CMHC Buyer Incentive Program

Reserve your spot NOW and and get a FREE Pre-approved for your home loan on the spot

SAVE MAX



**Keval Shah**
Broker Of Record

MORTGAGE BRIDGE CANADA
Bridge To All Your Financing Needs



**Kasturi Chatterjee**
Principal Broker

Hurry, only 15 seats left

To register, call us now at
+1 (647) 355-5111, +1 (647) 298-8841

# ૨૪મીએ ટ્રમ્પ-મોદી અમદાવાદમાં, મોટેરાનું કરશે ઉદ્‌ઘાટન

- ટ્રમ્પનો કાર્યક્રમ જાહેર : મોટેરામાં ૧૫૦ મિનિટ સુધી ઉપસ્થિત રહેશે
- મોદીના આમંત્રણ ઉપર પ્રથમ વખત ભારતની યાત્રાએ પહોંચનાર ટ્રમ્પ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે

અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ભારતની પ્રથમ ઐતિહાસિક યાત્રાએ આવી રહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કેમ છો કહેતા નજરે પડશે. અમેરિકી પ્રમુખની ૨૪મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી પોતાની ભારત યાત્રાના પ્રથમ તબક્કામાં ગુજરાત પહોંચશે. અમેરિકામાં થયેલા હાઉડી મોદીની જેમ જ ગુજરાતના અમદાવાદ શહેરમાં બનેલા દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં એક લાખ લોકોની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટ્રમ્પ અને તેમના પત્નિ મેલાનિયાનું ભવ્ય સ્વાગત કરશે. અમેરિકી પ્રમુખ અમદાવાદ પહોંચશે અને આશરે ૨૧૦ મિનિટ સુધી રોકાશે. મોદીના વતન રાજ્ય પહોંચી રહેલા ટ્રમ્પ કાર્યક્રમને લઈને ખુબ જ ઉત્સુક છે. મોદીની પ્રશંસા કરતા ટ્રમ્પે હાલમાં જ કહ્યું હતું કે, મોદી તેમના ખુબ સારા મિત્ર છે અને ખુબ શાનદાર વ્યક્તિ છે. તેઓ પોતે ભારત આવવા માટે ઈચ્છુક છે. ટ્રમ્પે કહ્યું હતું કે, મોદીએ કહ્યું છે કે, અમારે ત્યાં લાખો લોકો રહેશે. તેમનું માનવું છે કે, માત્ર એરપોર્ટથી લઈને ન્યુ સ્ટેડિયમ સુધી ૫૦થી ૭૦ લાખ લોકો રહેશે. દુનિયાના સૌથી મોટા સ્ટેડિયમ તરીકે આનું નિર્માણ થઈ રહ્યું છે જે હવે પૂર્ણ થઈ ચુક્યું છે. ટ્રમ્પની યાત્રાને ધ્યાનમાં લઈને અમદાવાદ વિમાની મથકથી લઈને સાબરમતી આશ્રમ સુધીના ૧૦ કિલોમીટર સુધીના માર્ગને જોરદારરીતે શણગારવામાં આવી રહ્યું છે. ટ્રમ્પ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે. મહાત્મા ગાંધી અહીં રોકાયા હતા અને દેશના સ્વતંત્રતા સંગ્રામનું કેન્દ્ર સાબરમતી આશ્રમ રહ્યું હતું.



## ડોનાલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદી કરશે સ્ટેડિયમનું ૨૪મીએ ઉદ્‌ઘાટન

અમદાવાદ: ડોનલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદી આગામી ૨૪ ફેબ્રુઆરીએ સાથે મળીને બપોરે ૪.૦૦ વાગ્યે મોટેરા ખાતે નવનિર્મિત વિશ્ર્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરવાના છે. ત્યાર બાદ જેમ તાજેતરમાં અમેરિકાની મુલાકાત દરમિયાન નરેન્દ્ર મોદીનો હાઉડી મોદી કાર્યક્રમ યોજાયો હતો તે તર્જ પર જ અમેરિકન પ્રમુખ માટે કેમ છો, ટ્રમ્પ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ટ્રમ્પ સ્ટેડિયમમાં ઉપસ્થિત એક લાખથી પણ વધુ લોકોને સંબોધન કરશે. આશરે બે કલાક ચાલનારા આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિની ઝાંખી પણ કરાવાશે તેવી ચર્ચા છે. સ્ટેડિયમનું ઉદ્ઘાટન કર્યા બાદ ડોનલ્ડ ટ્રમ્પ ઉપસ્થિત મેદનીનું સંબોધન કરશે. વડાપ્રધાન મોદી પણ ઉપસ્થિત એક લાખથી વધુ લોકોને સંબોધિત કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સરકારી તંત્ર કોઈ કસર છોડી રહ્યું નથી.

## મોટેરાની તો આખી સૂરત જ બદલાઇ ગઇ, ફૂટપાથ-રસ્તાઓ નવા બન્યા

૨૪-૨૫મી ફેબ્રુઆરીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતના બે દિવસીય પ્રવાસે આવી રહ્યાં છે.તેઓ અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમનું ઉદઘાટન પણ કરશે. ટ્રમ્પના આગમને પગલે આખીય સરકાર ઉંધા માથે છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનુ આખુય તંત્ર કામે લાગ્યું છે. મોટેરા સ્ટેડિયમની આસપાસના વિસ્તારમાં નવા માર્ગો-ફુટપાથ બની રહ્યાં છે.કરોડોના ખર્ચે તૈયારીઓ થઇ રહી છે જેના પગલે ખાસ કરીને મોટેરાવાસીઓ ખુશખુશાલ છે કેમકે, તેમનું કહેવું છેકે, જે કામો પાંચ વર્ષમાં થયાં નથી તે માત્ર પાંચ દિવસમાં થઇ ગયાં છે. ભલું થજો ડોનાલ્ડ ટ્રમ્પનું. ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદની મુલાકાતને પગલે કરોડોનો ખર્ચ થશે. એક અંદાજ મુજબ રૂા.૧૦૦ કરોડનો ખર્ચ થશે.

## મોટેરા સુધી પરિવાહન સેવા માટે હજારો બસને ફાળવાઇ

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતને લઇ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને ટ્રમ્પની મુલાકાત દરમ્યાન મોટેરા સ્ટેડિયમને ખીચોખીચ ભરેલુ દર્શાવવા અને એક લાખ લોકો એકસાથે ટ્રમ્પને કેમ છો કહી ભવ્ય સ્વાગતનું આયોજન ચાલી રહ્યું છે ત્યારે કાર્યક્રમને સફળ બનાવવા લોકોને સ્ટેડિયમ ખાતે લાવવા-લઇ જવા માટે તંત્ર દ્વારા હજારો બસો ફાળવવાનું આયોજન હાથ ધરાયું છે. જેમાં અમદાવાદ-ગાંધીનગર ઉપરાંત, અન્ય ડિવીઝનમાંથી મળી કુલ બે હજાર એસટી બસો ફાળવવાનું આયોજન હાથ ધરાયું છે.

## ગાંગુલી- સચિન પણ સમારોહને શોભાવશે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સત્કારમાં અમદાવાદના નવનિર્મિત સરદાર પટેલ સ્ટેડિયમ-મોટેરા ખાતે ભવ્યાતિભવ્ય સમારોહ 'કેમ છો ટ્રમ્પ' યોજાશે. આ સમારોહ સાથે જ મોટેરા સ્ટેડિયમનું પણ ઉદ્ઘાટન થશે અને તેમાં બીસીસીઆઇ પ્રમુખ સૌરવ ગાંગુલી સહિતના ભારતના દિગ્ગજ ક્રિકેટરોને પણ આમંત્રણ આપવામાં આવશે.

## સ્ટેડિયમ અને ગાંધી આશ્રમમાં કિલ્લેબંધી

અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ ટ્રમ્પની અમદાવાદની મુલાકતના પગલે મોટેરા સ્ટેડિયમ તથા ગાંધી આશ્રમમાં ૧૦ હજાર પોલીસનો બંદોબસ્ત ગોઠવીને કિલ્લેબંધી કરી દેવામાંઆવશે. ટ્રમ્પની જડબેસલાક સુરક્ષાને લઇને ગુજરાતમાં સમગ્ર તંત્ર અને પોલીસે તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે ખાસ કરીને મોટેરા સ્ટેડિયમમાં રાઉન્ડ ક્લોક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તેમજ બે દિવસ પહેલા સ્ટેડિયમ આસપાસની સોસાયટીઓના ધાબા પર હથિયારધારી પોલીસ ગોઠવવામાં આવશે.

# અંબાજીમાં પૂનમે એક લાખ ભક્તો ઉમટ્યા

- ત્રણ તોલા સોનાનું દાન આવ્યું, ૧૯૩ ગ્રામ ચાંદીની ભેટ ધરાવાઈ



અંબાજી- અંબાજીમાં રવિવારે મહાસુદ પૂનમે દર્શન માટે વહેલી સવારથી જ લાંબી લાંબી લાઈનો હતી. મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શન માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હોવાથી યાત્રિકો સરળતાથી દર્શન કરી શકતા હતા. અંબાજીમાં છેલ્લા કેટલાક દિવસોથી ભેજ, ઠંડા પવનોથી ગાત્રો થીજવી નાખતી ઠંડી હોવા છતાં યાત્રિકોની સંખ્યામાં કોઈ ફેર પડવા પામ્યો ન હતો. કેટલાક પગપાળા આવતા સંઘો દ્વારા વહેલી સવારથી જ માં ના શિખરે લાલ ધજાઓ ચઢાવવામાં આવી હતી. મંદિરને સંપુર્ણ સુવર્ણમય બનાવવાની સુવર્ણમય યોજનાના ભાગ અંતર્ગત ત્રણ તોલાથી વધુ સોનાનું દાન તથા ૧૯૩ ગ્રામ ચાંદી માતાજીને ભેટ ધરાવી હતી તેમ મંદિર ઈન્સ્પેક્ટર સતિષભાઈ ગઢવીએ જણાવ્યું હતું. આ ઉપરાંત મંદિર સંચાલિત અંબિકા ભોજનાલયમાં હજારો યાત્રિકોએ ભોજનરૂપી માતાજીનો પ્રસાદ આરોગવાનો લ્હાવો લીધો હતો અને ધન્યતા અનુભવી હતી તથા હાઈવે પર ટ્રાફિકની ગંભીર સમસ્યા રહી હતી.

# મુંબઈ બ્લાસ્ટ : મુનાફ હાલારી મુસાને ૯ દિવસના રિમાન્ડ પર

અમદાવાદ : મુંબઈમાં ૧૯૯૩ના બોમ્બ બ્લાસ્ટમાં સંડોવાયેલા અને ડોન દાઉદ ઈબ્રાહીમ તથા ટાઈગર મેમણના ખાસ સાગરીત મનાતા મુનાફ હાલારી મુસાને ભુજની કોર્ટના જજ સી.એમ. પવારે નવ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો છે. ૧૭૫ કરોડ રૂપિયાની કિંમતનું હેરાઈન પાકિસ્તાનના કરાંચીથી હાજી હસને મોકલ્યો હોવાનું તપાસમાં ખુલ્યુ છે. આ હેરોઈનનો જથ્થાની ડીલવરી જખૌના દરિયામાં કોને કરવા સહિતના મુદ્દે એટીએસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી દાઉદ ઈબ્રાહીમના સાગરિતો ઉપર ગુજરાત એટીએસ દ્વારા છેલ્લા સકંજો કસીને એક પછી એકની ધરપકડ કરીને તેની કમર તોડી રહ્યા છે. એટીએસ દ્વારા સતત વોચ અને ગોઠવીને સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરી દીધો છે. ત્યાં છેલ્લા ૨૭ વર્ષથી વોન્ટેડ અને ડ્રગ્સના સ્મગલિંગ, ભાંગફોડના એક મોટા ષડયંત્રકારને ઝડપી લેવામાં મોટી સફળતા મળી છે. એટીએસના અધિકારીએ મુનાફ અબ્દુલ મજીદ હાલારીને ભુજની કોર્ટમાં રજૂ કરીને ૧૪ દિવસના રિમાન્ડની માંગણ કરી હતી.જેમાં સરકારી વકીલ કલ્પેશ ગોસ્વામીએ કોર્ટેને પૂરતા તર્ક સાથે દલીલ રજૂ કરી હતી.

## સુરતમાં પ્રેમ પ્રકરણમાં ૧૭ વર્ષીય વિદ્યાર્થીની ચપ્પુના ઘા ઝીંકી કરપીણ હત્યા

સુરત : સુરતના ઉધના વિસ્તરમાં આવેલા નાગસેન નગરમાં રોહિત દશરથ આવિષ્કાર નામનો કિશોર બારમા ધોરણમાં અભ્યાસ કરતો હતો. તે કિશોર ગઈકાલે વિષ્ણુનગર-૧ પાસે ટ્યુશનમાં જતો હતો. ગતરોજ ટ્યુશનેથી છૂટ્યો ત્યારે મુકેશ પીંપળે નામના ૧૯ વર્ષનાં યુવાન ત્યાં આવી પોંહચ્યો હતો. જોકે, મુકેશની બહેન સાથે રોહિતને પ્રેમ સંબધ હતા. પોતાની બહેને રોહિતને સમજવા છતાંય તે ન માનતા મુકેશ રોહિત પર ચાપતી નજર રાખતો હતો. જોકે ગઈ કાલે મુકેશને મોકો મળતા પહેલા રોહિત સાથે બોલાચાલી શરૂ કરી ઝઘડો કર્યો હતો અને બાદમાં પોતાની પાસે રહેલા ચપ્પું કાઢીને રોહિતના માથા અને પેટમાં ચપ્પુનાં ઘા મારી ભાગી ગયો હતો. ોહિતને ઢળી પડેલો જોઈ આજુબાજુવાળા લોકો દોડી આવ્યાં હતા અને રોહિતને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટાલ લઈ ગયા હતા. જેમાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## બિનઅનામત વર્ગની માંગણી મુદ્દે મેરેથોન બેઠક : મડાગાંઠ યથાવત

અમદાવાદ : એલઆરડી ભરતીના મામલે અનામત પરિપત્ર મુદ્દે અનામત વર્ગ અને બિન અનામત વર્ગના લોકો વચ્ચે ખેંચતાણ વચ્ચે બિન અનામત વર્ગના પ્રતિનિધિઓની નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રદિપસિંહ જાડેજા તથા અન્યોની સાથે લાંબી મેરેથોન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રતિનિધિઓ તરફથી કરવામાં આવેલી તમામ રજૂઆતોને ગંભીરતાપૂર્વક સાંભળવામાં આવી હતી. હવે ફરી એકવાર મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે બેઠક યોજવામાં આવશે જેમાં અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. બેઠક બાદ મડાગાંઠ હજુ યથાવત રહી છે. આંદોલન પણ જારી છે. આવી સ્થિતિમાં આવતીકાલે યોજાનારી બેઠક ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ છે. બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે માહિતી આપતા કહ્યું હતું કે, પ્રતિનિધિઓની રજૂઆતને ગંભીરતાપૂર્વક સાંભળવામાં આવી છે. હવે મુખ્યમંત્રી સમક્ષ તમામ મુદ્દાઓ રજૂ કરવામાં આવશે. મુખ્યમંત્રીનો નિર્ણય અંતિમ રહેશે. સમાજના તમામ લોકોને ન્યાય મળે તેનો હેતુ રાખવામાં આવ્યો છે. સુમેળભર્યું વાતાવરણ રહે તેવી અમારી અપીલ છે. તા.૧-૮-૨૦૧૮નો વિવાદીત પરિપત્ર રદ નહી કરવા બિનઅનામત વર્ગના લોકોએ આજથી આંદોલન શરૂ કર્યું છે.

## ગુજરાતમાં પંચાયતોની ચૂંટણી પહેલા ભાજપ મને જેલમાં પૂરવા માગે છે: હાર્દિક પટેલ

અમદાવાદ: ગુજરાતમાં પંચાયતી ચૂંટણી આવી રહી હોવાથી ભાજપ મને જેલમાં બંધ કરવા માગે છે. હું ભાજપની સામે જનતાની લડાઈ લડતો રહીશ, એવું અમદાવાદના વસ્ત્રાપુર રાયોટિંગ કેસમાં ધરપકડ થાય તે પહેલા ભૂગર્ભમાં ઊતરી ગયેલા હાર્દિક પટેલે જણાવ્યું હતું. હાર્દિક પટેલે સોશિયલ મીડિયાના સહારે ગુજરાત સરકાર અને પોલીસ પર આક્ષેપ સાથે ટ્વીટ કરી લખ્યું કે, ચાર વર્ષ પહેલા ગુજરાત પોલીસે મારા પર ખોટો કેસ કર્યો હતો. લોકસભા ચૂંટણી સમયે મારા થયેલા કેસની યાદી અમદાવાદ પોલીસ કમિશનર પાસે માગી હતી, પરંતુ આ કેસ આ યાદીમાં નહોતા. ૧૫ દિવસ પહેલા મને હિરાસતમાં લેવા અચાનક પોલીસ મારા ઘરે આવી હતી, પરંતુ હું ઘરે નહોતો. જ્યારે બીજા ટ્વીટમાં લખ્યું કે, ખોટા કેસમાં મારા આગોતરા જામીનની પ્રક્રિયા હાઈ કોર્ટમાં ચાલી રહી છે. મારી સામે અનેક બિનજામીનપાત્ર વોરન્ટ પણ કાઢવામાં આવ્યા છે.

## દિલ્હી વિધાનસભા ૭૦ બેઠકોની ચૂંટણી

# દિલ્હીમાં ફરી આપની સરકાર, ભાજપને પછડાટ, કોંગ્રેસ સાફ

**• દિલ્હીનાં લોકોએ વિકાસ માટે અને લોકો માટે કામ કરતી આમઆદમી પાર્ટીને ખોબલે ખોબલે મત આપ્યા**

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકોની ચૂંટણીનાં પરિણામો મંગળવારે જાહેર થયા હતા. ચૂંટણી પરિણામોનાં છેલ્લામાં છેલ્લા વરતારા મુજબ આમઆદમી પાર્ટીનો ૬૨ સીટ પર જ્યારે ભાજપનો ફક્ત ૮ સીટ પર વિજય થયો હતો. ૨૦૧૫ની સરખામણીમાં આમઆદમી પાર્ટીને ૫ સીટોનું નુકસાન થયું હતું જ્યારે ભાજપને ૫ સીટોનો ફાયદો થયો હતો. કોંગ્રેસ એકપણ સીટ પર જીતી ન હતી આમ તેનાં સૂપડાં સાફ થઈ ગયા હતા. ૨૦૧૫માં આમઆદમી પાર્ટીનો ૬૭ અને ભાજપનો ૩ સીટ પર વિજય થયો હતો. દિલ્હીનાં લોકોએ વિકાસ માટે અને લોકો માટે કામ કરતી આમઆદમી પાર્ટીને ખોબલે ખોબલે મત આપ્યા હતા. ભાજપને શાહીનબાગ, સીએએ, એનઆરસીનાં મુદ્દા નડી ગયા જ્યારે કોંગ્રેસને નેતૃત્વનો અભાવ અને આક્રમક ચૂંટણી પ્રચારનો અભાવ નડી ગયા.આ અગાઉ કેજરીવાલ પહેલીવાર ૨૦૧૩માં ૪૮૯ દિવસ માટે દિલ્હીનાં સીએમ બન્યા હતા. તે પછી ૨૦૧૫માં ૬૭ બેઠકો જીતીને ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૫નાં રોજ બીજી વખત સત્તા સંભાળીને પાંચ વર્ષ સીએમ રહ્યા હતા.

## લોકોએ દેશને નવો રાહ ચિંધ્યો : કેજરીવાલ




### વિકાસ, આરોગ્ય, શિક્ષણ, રોજગારીને વોટ મળ્યા છે

આમઆદમી પાર્ટીની સારું શિક્ષણ, સ્કૂલોને આધુનિક બનાવવાની કામગીરી, સસ્તા દરે પાણી અને વીજળી, મહોલ્લા ક્લિનિક, આરોગ્ય અને રોજગારીને મહત્ત્વ, દિલ્હીને વિશ્વકક્ષાની રાજધાની બનાવવાની મહેનત રંગ લાવી હતી અને લોકોએ વિકાસની કેડી કંડારતી પાર્ટીને ફરી સત્તા સોંપવાનું નક્કી કર્યું હતું.

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યા પછી પાર્ટીની ઓફિસમાં જીતનો જશ્ન મનાવતી વખતે પાર્ટીના કન્વીનર અને દિલ્હીના સીએમ કેજરીવાલે કાર્યકરોને સંબોધન કર્યું હતું. કેજરીવાલે ભારત માતા કી જય, ઇન્કલાબ ઝિંદાબાદ, વંદે માતરમ્ના નારા લગાવ્યા હતા. તેમણે પાર્ટીની જીતને દેશની અને દિલ્હીની જીત ગણાવ્યા હતા. લોકોએ વિકાસને નામે ઢગલાબંધ આપીને પરિપક્વતા દર્શાવી તે માટે મતદારોનો આભાર માન્યો હતો. લોકોનો જનાદેશ માથે ચઢાવતા તેમણે કહ્યું કે દેશમાં 'કામની રાજનીતિ'નો ઉદય થયો છે. દિલ્હીવાસીઓએ દેશને એક નવી દિશા દર્શાવી છે. આજે હનુમાનજીનો દિવસ છે અને હનુમાનજીએ આપણી સૌ પર કૃપા વરસાવી છે. તેમણે હનુમાનજીનાં મંદિરે જઈને દર્શન કર્યા હતા. કેજરીવાલની હનુમાન ભક્તિ અન્ય તમામ પક્ષોને ભારે પડી હતી. તેમણે સોફ્ટ હિન્દુત્વનો મુદ્દો અપનાવ્યો હતો જે ચાલુ રાખશે તેવા સંકેતો આપ્યા હતા.

### કોંગ્રેસનો સફાયો

કોંગ્રેસે દિલ્હીમાં છેલ્લા ૭ વર્ષથી સત્તા ગુમાવી છે. ૨૦૧૫ની ચૂંટણીમાં તેને કોઈ સીટ મળી ન હતી. આ વખતે પાર્ટીએ ખાતુ ખોલાવ્યું ન હતું. વિકાસના એજન્ડાને કોરાણે મૂકવાનું ભાજપને ભારે પડી ગયું હતું. ભાજપનો હિન્દુવાદ, રાષ્ટ્રવાદ, નફરતની રાજનીતિ, શાહીનબાગનો મુદ્દો, સીએએ, એનઆરસી, પુલવામા, કલમ ૩૭૦, રામમંદિર, ટ્રિપલ તલાક જેવા મુદ્દા પણ ભાજપને જીતાડી શક્યા ન હતા. ૨૦૧૫ની સરખામણીમાં તેનો ફક્ત વધુ ૫ સીટો પર વિજય થયો હતો.

### પાર્ટીવાઈઝ વોટશેર

| પાર્ટી | વોટશેર | આરજેડી | ૦.૦૪% |
|---|---|---|---|
| જેડીયુ | ૦.૯૦% | સીપીઆઈ | ૦.૦૨% |
| બહુજન સ. પા. | ૦.૭૧% | એનસીપી | ૦.૦૨% |
| નોટા | ૦.૪૬% | સીપીઆઈએમ | ૦.૦૧% |
| એલજેપી | ૦.૩૫% | આરએલડી | ૦.૦૧% |
| શિવસેના | ૦.૨૦% | અન્ય | ૦.૯૧% |

**મનીષ સિસોદિયા ભારે રસાકસી પછી જીત્યા :** આમઆદમી પાર્ટીનાં ઉમેદવાર અને દિલ્હીનાં નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયાની આ વખતે પટપડગંજ સીટ પર કસોટી થઈ હતી. મત ગણતરીનાં ૧૩માં રાઉન્ડ સુધી તેઓ ભાજપનાં ઉમેદવાર રવીન્દ્ર નેગી સામે ૩,૦૦૦ મતથી જીત્યા હતા.

## કેજરીવાલની જીતનાં ૧૦ કારણો

- અરવિંદ કેજરીવાલે `દ્રછ ફેક્ટર અપનાવ્યું જેનો મતલબ એવો થાય કે ધેર ઇઝ નો ઓલ્ટરનેટિવ. આમ કેજરીવાલને ટીના ફેક્ટર ફળી ગયું.
- મુખ્યપ્રધાનનો ઉમેદવાર જાહેર કરવામાં ભાજપની નિષ્ફળતા એ કેજરીવાલની જીત આસાન બનાવી.
- આમઆદમી પાર્ટી સ્ઝ્ઙ્મમાં પરાજય પછી ૨૦૧૭થી તૈયારી કરતી હતી. ભાજપને હરાવવા આપ દ્વારા લાંબા સમયથી તૈયારી કરાઈ હતી.
- મફત વીજળી, મફત પાણી ૨૦૧૫ અને ૨૦૨૦માં ફાયદાનો સોદો સાબિત થયા. ગરીબોએ ફરી આપને મત આપ્યા.
- કેજરીવાલ સરકારે છેલ્લા છ મહિનામાં મહિલાઓને બસમાં મફત મુસાફરી, મહિલાઓ અને વિદ્યાર્થીઓને મેટ્રોમાં મફત મુસાફરી, ગરીબોનાં કાચા ઝૂંપડાને બદલે પાકા મકાન, ઘરે ઘરે રેશનિંગ પહોંચાડવાની જાહેરાતનો ફાયદો થયો.
- મહિલા સુરક્ષા માટે સીસીટીવી કેમેરા ગોઠવવાનું પગલું કામ કરી ગયું.
- મુસ્લિમ મતો ભાજપને હરાવનાર પાર્ટીને ગયા. કોંગ્રેસ ખાસ ચિત્રમાં ન હતી એટલે તેની મુસ્લિમ વોટબેન્કનાં મત આમઆદમી પાર્ટીને મળ્યા.
- આપના નેતાઓ ભાજપની ઉશ્કેરણી છતાં શાહીનબાગ ન ગયા તેનો સીધો ફાયદો થયો. કેજરીવાલ હનુમાન મંદિર દર્શને ગયા તેનો નેગેટીવ પ્રચાર નડી ગયો.
- ભાજપને વધુ પડતો આત્મવિશ્વાસ નડ્યો
- ટ્રિપલ તલાક, સીએએ, કલમ ૩૭૦, રામમંદિરના મુદ્દા લોકોને આકર્ષી ન શક્યા.

## ભાજપ કેમ હાર્યું? આ રહ્યા કારણો

દિલ્હીનાં પરિણામો ભાજપ માટે આંચકાજનક હતા. અનેક પ્રયાસો છતાં કુલ ૮ સીટ જીતીને સંતોષ માનવો પડયો હતો. પીએમ મોદીની જંગી રેલીઓ, કેન્દ્રનાં ગૃહ પ્રધાન અમિત શાહનાં ૧૧ રોડ શો અને ૩૯ સભાઓ છતાં મતોનું ધ્રુવીકરણ કરવામાં ભાજપને નિષ્ફળતા મળી હતી. દિલ્હીવાસીઓએ શાહનાં શાહીનબાગમાં કરંટ લગાવો અને પરવેશ વર્મા તેમજ અનુરાગ ઠાકુરનાં દેશ કે ગદ્દારો કોં.. ગોલી મારો ૫. જેવા નિવેદનોને જાકારો આપ્યો હતો.

ભાજપએ ચૂંટણીમાં સ્થાનિક મુદ્દાઓને કોરાણે મુક્યા હતા અને કલમ ૩૭૦, ટ્રિપલ તલાક, સીએએ, એનઆરસી, રાષ્ટ્રવાદ, હિન્દુવાદ, પુલવામા હુમલો, રામ મંદિર, શાહીનબાગ જેવા મુદ્દા ચગાવ્યા હતા જે તેને ભારે પડી ગયા હતા.શાહીનબાગમાં સીએએ વિરોધી દેખાવકારોને દેશદ્રોહી ચિતરવા ભાજપનાં તમામ નેતાઓએ એડીચોટીનાં પ્રયાસ કર્યા અને તેમની સામે કટ્ટર હિન્દુવાદ ઊભો કરવા પ્રયાસ કર્યો પણ દિલ્હીનાં હિન્દુ મતદારો પર આની કોઈ અસર થઈ ન હતી અને મતોનું ધ્રુવીકરણ થયું ન હતું.

ભાજપને નકારાત્મક ચૂંટણી પ્રચાર અને નફરત મોંઘી પડી હતી. પાર્ટી પાસે સકારાત્મક મુદ્દાનો અભાવ હતો. સ્ટાર પ્રચારકોએ કારણ વિના ભડકાઉ ભાષણો કર્યા હતા.

કેજરીવાલ અને નેતાઓએ પોઝિટીવ પ્રચાર કર્યો હતો કોઈએ પીએમ મોદી કે અન્ય નેતાઓ વિરુદ્ધ કોઈ નિવેદનો કર્યા ન હતા. ફક્ત દિલ્હીનાં વિકાસની વાતો કરી હતી.

## નરેશ યાદવના વિજય સરઘસ ઉપર ફાયરિંગ, એકનું મોત

નવી દિલ્હી : ૮ ફેબ્રુઆરીના રોજ દિલ્હીમાં થયેલ વિધાનસભા ચૂંટણીનું પરિણામ ગઈકાલે ૧૧ ફેબ્રુઆરીના રોજ આવ્યું હતું. જેના બાદ તરત જ મહારૌલી વિધાનસભાથી વિજયી થયેલા છઁ ધારાસભ્ય નરેશ યાદવ (દ્રટ્ઠીજિર રૂટ્ઠઙ્ઘટ્ઠદ્ગ) ના કાફલા પર ફાયરિંગ થયું હતું. બે હુમલાખોરોએ ધારાસભ્યના કાફલા પર ફાયરિંગ કર્યું હતું. અચાનક થયેલા આ હુમલામાં ધારાસભ્યના એક સમર્થકનું મોત થયું છે અને અન્ય એક સમર્થક ઘાયલ થયા છે. આ મામલામાં દિલ્હી પોલીસે માહિતી આપી કે, ફરાર બંને આરોપીઓમાંથી એક આરોપીની ધરપકડ કરી લેવાઈ છે. આ સમગ્ર મામલો આંતરિક દુશ્મનાવટનો હોવાનું કહેવાય છે. દિલ્હી પોલીસે સ્પષ્ટ કર્યું કે, આ મામલામાં ધારાસભ્યને નિશાન બનાવવામાં નહોતા આવ્યા. હુમલાખોરોએ ગાડીની એકદમ નજીક જઈને અશોક માનને જ ટાર્ગેટ કર્યા છે. અશોક માન અને હુમલાખોરના પરિવારની વચ્ચે જૂની દુશ્મનાવટનો મામલો હોવાનું સામે આવ્યું છે. હાલ, પોલીસ હુમલાખોર અને મૃતક બંનેના ક્રિમીનલ રેકોર્ડ ચકાસી રહી છે. આરોપઓના નામ કાલુ અને દેવ હોવાનું સામે આવ્યું છે. ઘટના મંગળવારે રાત્રે ૧૦.૩૦ કલાકે બની હતી.

## ૧૬મી ફેબ્રુઆરીએ કેજરીવાલ રામલીલા મેદાનમાં શપથ લેશે

નવી દિલ્હી : અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે ૧૬ ફેબ્રુઆરીએ અત્રેના રામલીલા મેદાનમાં ભવ્ય સમારંભમાં હોદ્દાના શપથ લેશે. આ કાર્યક્રમમાં જાહેર જનતાને આમત્રણ અપાયા છે, પરંતુ એક પણ રાજ્યના મુખ્યમંત્રીને બોલાવ્યા નથી, એમ આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયાએ કહ્યું હતું. અત્રે પત્રકારોને સબોધતા તેમણે કહ્યું હતું કે કેજરીવાલની સાથે તમામ કેબિનેટ મંત્રીએ પણ શપથ લેશે. શપથ સમારંભ સવારે દસ વાગે શરૂ થશે એમ કહી સિસોદિયાએ દિલ્હીની જનતાને આ કાર્યક્રમમાં આવવા આમંત્રણ આપ્યું હતું. પરંતુ નોંધપાત્ર બાબત એ હતી કે સમારંભમાં આવવા માટે એકપણ રાજ્યના મુખ્યમંત્રીને બોલાવ્યા નથી. મતદારોનો આભાર માનતા કેજરીવાલે કહ્યું હતું 'દિલ્હીવાસીઓને મારા હાર્દિક અભિનંદન. રાજકીય કાર્યકર્તાઓને તમે લોકોએ ખૂબ સન્માન આપ્યું હતું. શાહીનબાગ પર જ તેણે મોટા ભાગે પ્રચાર કેન્દ્રીત કર્યો હતો તેવા ભાજપ પર ટીકા કરતાં સિસોદિયાએ કહ્યું હતું કે લોકોએ નફરતના રાજકારણને નકાર્યો હતો. 'કેજરીવાલે કરેલા કામ એ વિકાસના મોડેલ છે.

# જો ગુનેગારોને અધિકારો હોય તો મને કેમ નહીં? : નિર્ભયાની માતાનાં ધરણાં

**• કોર્ટે ડેથ વોરંટ બહાર ન પાડતા નિર્ભયાના માતાના કોર્ટની બહાર દેખાવો**

નવી દિલ્હી : નિર્ભયાના અપરાધીઓને ફાંસીની સજા તો સંભળાવી દેવામાં આવી છે પણ અપરાધી તરીકે મળેલા કાયદાકીય અધિકારોને કારણે હજુસુધી ચારેય અપરાધીઓને ફાંસીના માચડે નથી લટકાવી શકાયા. આ સ્થિતિ વચ્ચે બુધવારે દિલ્હીની કોર્ટમાં સુનાવણી થઈ હતી જે દરમિયાન નિર્ભયાની માતા પણ કોર્ટમાં હાજર રહ્યા હતા, જોકે તેઓ ગુસ્સે ભરાયા હતા અને સાથે ભાવુક થઈ ગયા હતા.

તેમણે કહ્યું હતું કે ચારેય અપરાધીઓને ફાંસીએ લટકાવવા માટે ચોક્કસ તારીખ જાહેર કરવામાં આવે, જોકે તેમ ન થતા બાદમાં તેઓ કોર્ટની બહાર જ ધરણા પર બેસી ગયા હતા.

દિલ્હીની કોર્ટે અપરાધીને વકીલ ફાળવ્યો તે બાદ નિર્ભયાના માતા પિતાએ રોષ ઠાલવ્યો હતો અને બાદમાં તેઓ કોર્ટની બહાર જ ધરણા પર બેસી ગયા હતા. આ દરમિયાન નિર્ભયાની માતા આશા દેવીને પટિલાયા હાઉસ કોર્ટની બહાર ધરણા પ્રદર્શન માટે અન્ય કેટલીક સ્થાનિક મહિલાઓએ પણ સાથ આપ્યો હતો. મીડિયા સાથેની વાતચીતમાં નિર્ભયાની માતાએ કહ્યું હતું કે કોર્ટ કહે છે કે અપરાધીઓને પણ કાયદાએ કેટલાક અધિકારો આપ્યા છે, મારે કહેવું છે કે એક માતા તરીકે મને પણ કેટલાક અધિકારો મળ્યા છે.

નિર્ભયાની માતાએ આ નિવેદન અગાઉ કોર્ટમાં પણ આપ્યું હતું. તેમણે માગણી કરી છે કે વહેલી તકે ચારેય અપરાધીઓને ફાંસીએ લટકાવી દેવામાં આવે જોકે જજે કહ્યું હતું કે અપરાધીઓને પણ અધિકારો હોય છે જેનો ઉપયોગ તે કરી તે બાદ જ ફાંસી આપી શકાય.

# દિલ્હીમાં ૩૦ હજારની લેતીદેતીમાં મામો કંસ બન્યો, 5ની હત્યા કરી

નવી દિલ્હી : રાજધાની દિલ્હીના ભજનપુરા વિસ્તારમાં એક જ પરિવારના ૫ લોકોની હત્યાકાંડમાં સનસનીખેજ ખુલાસો થયો છે. આ હત્યાકાંડ આત્મહત્યા નહીં પણ હત્યા હોવાનું સામે આવ્યું છે. એક જ પરિવારના પાંચ લોકોની હત્યાના મામલે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યાં મુજબ ઘરના મોભી શંભુના મામા પ્રભુ ચૌધરીએ આ હત્યાકાંડને અંજામ આપ્યો છે. કહેવાય છે કે પૈસાની લેતીદેતીને લઈને પરિવારમાં વિવાદ હતો. ત્યારબાદ આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો. દિલ્હીના ભજનપુરામાં બુધવારે એક જ પરિવારમાંથી ૫ લોકોના મૃતદેહો મળી આવતા સનસનાટી મચી જવા પામી હતી. મૃતકોમાં પતિ-પત્ની અને ૩ બાળકો સામેલ હતાં. પોલીસે જણાવ્યું હતું કે મકાનનું તાળું બહારથી મારેલું હતું. મકાનમાંથી દુર્ગંધ આવતા પાડોશીઓએ પોલીસને સૂચના આપી હતી, ત્યારબાદ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. મૃતકોમાં ઈ રિક્ષા ચલાવનારા ઘરના મોભી શંભુ ચૌધરી, તેમની પત્ની સુનીતા અને બાળકો શિવમ, સચિન અને કોમલ સામેલ હતાં. શંભુ બિહારના સુપૌલ જિલ્લાના રહીશ હતાં. કહેવાય છે કે જે ઘરમાં લાશો મળી, ત્યાં તેઓ પાંચથી છ મહિનાથી રહેતા હતાં.

# આસામે એક-બે મહિનામાં ૬૧૪ મદરેસાને બંધ કરવાનો નિર્ણય કર્યો

ગુવાહાટી : આસામ સરકાર આગામી એક બે મહિનામાં ૬૧૪ સરકાર દ્વારા સહાય આપવામાં આવી રહેલા ૬૧૪ મદરેસા અને ૧૦૧ સંસ્કૃત સંસ્થાને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે ભાજપના નેતૃત્વવાળી સરકારે ૧૦૧ સંસ્કૃત સંસ્થાનોને બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

સાથે સાથે ભાજપ સરકારે કેટલાક મોટા નિર્ણય કર્યા છે. આસામના નાણાંપ્રધાન હેમંત બિસ્વાએ કહ્યુ છે કે રાજ્ય સરકારે લોકોના પૈસાનો ઉપયોગ ધાર્મિક શિક્ષણ પર ખર્ચ ન કરવાનો નિર્ણય કર્યો છે. બિસ્વાએ કહ્યુ છે કે અરબી અને ધાર્મિક પાઠ ભણાવવા માટેનુ કામ સરકારનુ નથી. એક ધર્મનિરપેક્ષ દેશમાં ધાર્મિક શિક્ષણને લઈને સરકાર દ્વારા નાણાં આપી શકાય નહી. જો સરકાર દ્વારા સંચાલિત મદરેસામાં ધાર્મિક બાબતોને ભણાવવાની મંજુરી આપવામાં આવે છે તો પછી ગીતા અથવા તો બાઈબલને પણ સરકારી ફંડથી ભણાવવામાં આવે તે જરૂરી છે. સરકારે કહ્યુ છે કે નિવૃતિ સુધી સરકાર શિક્ષકોને પગારની ચુકવણી કરવા માટે તૈયાર છે. સરકાર દર વર્ષે મદરેસ પર ત્રણથી ચાર કરોડ રૂપિયા ખર્ચ કરે છે.

# આગ્રા એક્સપ્રેસ હાઈવે પર ટ્રક અને બસ વચ્ચે અકસ્માત, ૧૪ના મોત, ૩૧ ઘાયલ



લખનઉ : ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદ જિલ્લામાં આગ્રા-લખનઉ એક્સપ્રેસવે પર અડધી રાત્રે ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કમ સે કમ ૧૩ લોકોના મોત થયા. એક્સપ્રેસ-વે પર ઉભેલી એક ટ્રકમાં ખાનગી બસની ટક્કરથી આ અકસ્માતમાં અંદાજે ૩૧ લોકો ઘાયલ થયા છે.

અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી અને ઘાયલોને સૈફઈના મિની પીજીઆઈમાં દાખલ કરાયા. મળતી માહિતી પ્રમાણે દિલ્હીથી મોતિહારી (બિહાર) જઈ રહેલ એક ખાનગી બસ જ્યારે ફિરોઝાબાદના ભદાન ગામની પહોંચી ત્યારે અચાનક બેકાબૂ થઈ ગઈ અને રસ્તા પર ઉભેલા ટ્રકને પાછળથી ટક્કર મારી દીધી. ટક્કર એટલી જોરદાર હતી કે બસનો કચ્ચરઘાણ વળી ગયો. ઘટનાની માહિતી મળતા જ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જિલ્લાધિકારી અને એસપીને સ્થળ પર પહોંચી ઝડપથી રાહત અને બચાવ કામ કરવાનો નિર્દેશ આપ્યો. હાલ મૃતકોની ઓળખ થઈ નથી. ઘાયલોના પરિવારવાળાઓએ અકસ્માતની માહિતી આપવામાં આવી રહી છે. જેસીબીની મદદથી બસને રસ્તા પરથી હટાવી દીધી છે.

# આંધ્રપ્રદેશમાં કોરોનાનો ચેપ લાગ્યો હોવાના ભયે આધેડે ફાંસો ખાઈ લીધો

હૈદરાબાદ : સમગ્ર વિશ્વમાં પ્રસરી રહેલા કોરોના વાઈરસે હવે લોકોના દિલોદિમાગ પર એવો ભય જમાવ્યો છે કે આત્મહત્યા સુધીનાં પગલાં લઈ રહ્યાં છે. આંધ્રપ્રદેશમાં પોતાને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હોવાના ભયથી ૫૦ વર્ષના એક આધેડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૃતક કે. બાલાકૃષ્ણનયાના પરિવારે જણાવ્યું હતું કે, તે બે સપ્તાહ કરતાં વધુ સમયથી બીમાર હતો. તે દરમિયાન તે સોશિયલ મીડિયા પર કોરોના વાઈરસ અંગેના વીડિયો જોતો હતો. આંધ્રપ્રદેશનો બાલાકૃષ્ણનયા ચેક અપ માટે તિરુપતિ સ્થિત રૂઈયા સરકારી હોસ્પિટલમાં ગયો હતો પરંતુ ત્યાંથી પરત ફર્યા પછી તે તદ્દન વિચિત્ર વર્તન કરવા લાગ્યો હતો. મંગળવારે અચાનક તેણે પરિવારને ઘરમાં પૂરી દીધો હતો અને ગામની બહાર તેની માતાની કબર પાસેના ઝાડ પર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

# બીજેપીએ ક્ષેત્રીય દળોને એનડીએમાં લાવવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા

**• વાયએસઆર કોંગ્રેસ પ્રમુખ જગન મોહન સાથે મોદીની દોઢ કલાક ચર્ચા : ડીએમકે સાથે મંત્રણા શરૂ થઈ**

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર મળ્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ ઝડપથી તેની નવી રણનિતી અમલી કરી દીધી છે. જેના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રિય નેતૃત્વ દ્વારા હવે ક્ષત્રીય પાર્ટીઓને એનડીએમાં લાવવા માટે પ્રયાસો શરૂ કરવામા ંઆવ્યા છે. પાર્ટીના સુત્રોએ કહ્યુ છે કે દિલ્હી ચૂંટણીના પરિણામ બાદ એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આમ આદમી પાર્ટીના અધ્યક્ષ અરવિન્દ કેજરીવાલના નેતૃત્વમાં કેટલાક ક્ષેત્રીય પક્ષો ભાજપની સામે સંગઠિત થઈ શકે છે. આને ધ્યાનમાં લઈને આ રણનિતી તૈયાર કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે વાયએસઆર કોંગ્રેસના અધ્યક્ષ અને આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન જગનમોહન રેડ્ડી સાથે આશરે દોઢ કલાક વાતચીત કરી હતી. આ પહેલા બે વખત તેઓ આવુ કરવાનો ઈન્કાર કરી ચુક્યા છે. આવી સ્થિતીમાં એવી અટકળો ચાલી રહી છે કે ભારતીય જનતા પાર્ટીએ આંધ્રપ્રદેશમાં રેડ્ડીની પાર્ટી અને તમિળનાડુમાં ડીએમકેની સાથે વાતચીત જારી રાખી છે. ક્ષેત્રીય દળોને એનડીએ સરકારમાં સામેલ થવાની લાલચ આપવામાં આવી રહી છે. રાજકીય નિષ્ણાંતો કહી રહ્યા છે કે ભાજપ અને વાયએસઆર કોંગ્રેસ જો એક સાથે આવે છે તો આના કારણે બે પાર્ટીને સીધો ફાયદો થઈ શકે છે.

# એકતરફી પ્રેમમાં શિક્ષિકાને જીવતી સળગાવનારને ફાંસી આપવા લોકોની મીંગ

નાગપુર : મહારાષ્ટ્રના વર્ધા જિલ્લાના દરોદા ગામની રહીશ અંકિતા મહિલા કોલેજમાં અધ્યાપિકા હતી. બસમાંથી ઊતરતાં જ ત્યાં હાજર એકતરફી પ્રેમમાં પાગલ આરોપી વિકેશ પોતાની સ્કૂટીમાંથી પેટ્રોલ કાઢી તેના પર નાખીને આગ ચાંપી દીધી હતી અને નાસી છૂટયો હતો. અંકિતા પર પાણી નાખવામાં આવ્યું ત્યાં સુધીમાં ૪૦ ટકા દાઝી ચૂકી હતી. આરોપી વિકેશના લગ્ન થઈ ગયા છતાં અંકિતા સાથે લગ્ન કરવા માંગતો હતો. વિકેશ ચાર મહિનાની બાળકીનો પિતા છે. ઘટનામાં ૪૦ ટકા દાઝી ગયેલી અંકિતા વેન્ટિલેટર પર હતી. તેને દેખાવાનું પણ બંધ થઈ ગયું હતું. પોલીસે આરોપી વિકેશ નાગરાલે (૨૭)ની ધરપકડ કરી છે. ઘટનાથી નારાજ લોકોએ સોમવારે નાગપુર-હૈદરાબાદ જૂના હાઈવે પર રસ્તા રોકો આંદોલન કર્યું હતું. લોકોએ આરોપીને મૃત્યુદંડની સજાની માગણી સાથે દેખાવો કર્યા હતા.

# CAAનો વિરોધ: દિલ્હીમાં પ્રદર્શનકારી-પોલીસ વચ્ચે ઘર્ષણ

**• કેન્દ્ર સરકાર અને ભાજપની વિરૂદ્ધમાં સૂત્રોચ્ચાર, કાયદો પાછો ખેંચવાની માગણી સાથે સંસદ તરફ કૂચ કરી રહેલાં પ્રદર્શનકારીઓને પોલીસે અટકાવ્યા**



નવી દિલ્હી : નાગરિકતા કાનૂન અને એનઆરસીના વિરોધમાં દિલ્હીમાં મહારેલી યોજાઈ હતી. પ્રદર્શનકારીઓએ સૂત્રોચ્ચાર કરીને કાયદો પાછો ખેંચવાની માગણી કરી હતી. સંસદ તરફ જતા પ્રદર્શનકારીઓને પોલીસે અટકાવ્યા હતા. જામિયાના વિદ્યાર્થીઓ આ રેલીમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. દિલ્હીમાં જામિયાના વિદ્યાર્થીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓ સહિત નાગરિકો મોટી સંખ્યામાં નાગરિકતા કાનૂનની વિરોધમાં થયેલી રેલીમાં જોડાયા હતા. ભગત સિંહ, ચંદ્રશેખર આઝાદ સહિતના ક્રાંતિકારીઓની તસવીરો સાથે રાખીને પ્રદર્શનકારીઓએ આ કાયદો પાછો ખેંચવાની માગણી કરી હતી. જબ હમ નહીં ડરે ગોરે સે, તો અબ હમ ક્યોં ડરે ઔરો સે, કાગઝ નહીં દિખાયેગેં... જેવાં સૂત્રોચ્ચાર થયા હતા. પોલીસે કહ્યું હતું કે પ્રદર્શનકારીઓએ પ્રદર્શન માટે કોઈ જ પરવાનગી લીધી ન હતી, છતાં પોલીસે તેમને શાંતિપૂર્ણ પ્રદર્શન માટે અટકાવ્યા ન હતા, પરંતુ સંસદ તરફ કૂચ કરતા હોવાથી આખરે પ્રદર્શનકારીઓને આગળ વધતા રોકવામાં આવ્યા હતા. વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા લોકોએ ટોલ્સટોય રોડ અને બારાખંબા રોડ ઉપર રેલી યોજી હતી અને જંતરમંતરે પ્રદર્શનો કર્યા હતા. નાગરિકતા કાયદાને કાળો કાયદો ગણાવીને પ્રદર્શનકારીઓએ માગણી કરી હતી કે સરકાર આ કાયદો પાછો ખેંચે.

## કાનપુરમાં પણ સીએએનાં વિરોધ, પોલીસ બળપ્રયોગથી પ્રદર્શન અટકાવ્યું

કાનપુરનાં મોહમ્મદ અલી પાર્કમાં નાગરિક્તા સુધારા કાયદાનાં વિરૂધ્ધમાં ચાલી રહેલા ધરણામાંથી મહિલાઓને બળપુર્વક હટાવવામાં આવવાનાં કારણે વિરોધ પ્રદર્શનો શરૂ થઇ ગયા છે. સોમવાર સવારે હજારોની સંખ્યામાં લોકો એકઠા થયા અને સુત્રોચ્ચાર કરવા લાગ્યા, ઘટના સ્થળે પહોંચેલા જીલ્લા અધિકારી અને ડીઆઇજી સહિતનાં પોલીસ કર્મીઓએ ઘટના સ્થળને ચારે તરફથી ઘેરી લીધું, હાલ સ્થિતિ ચિંતાજનક બની છે. સ્થાનિક પ્રભાવશાળી લોકો અને પોલીસ તંત્રની મદદથી શનિવારે મોહમ્મદ અલી પાર્કમાં છેલ્લા ૩૪ દિવસોથી ચાલી રહેલા મહિલાઓનાં ધરણાઓને સમાપ્ત કરાવવામાં આવ્યા. ધરણા સમાપ્ત થયાનાં થોડા કલાકો બાદ ફરી મહિલાઓ અનિશ્ચિત કાળ માટે ધરણા પર બેસી ગઇ,રવિવાર રાત સુંધી તેમને સમજાવવાનાં પ્રયાસો કરાયા, પ્રયત્નો નિષ્ફળ જતા હઠાગ્રહ કરતી મહિલાઓને બળપુર્વક ત્યાંથી હટાવી દેવામાં આવી હતી.

# રામ મંદિરનું ગર્ભગૃહ સોનાનું બનશે

લખનઉ : અયોધ્યામા રામ મંદિરના નિર્માણ માટે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર નામનુ ટ્રસ્ટ બનાવ્યા બાદ લોકોને આશા જાગી છે કે રામ મંદિરનું નિર્માણ કાર્ય જલ્દી જ શરૂ થઈ જશે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રામ જન્મભૂમિના મંદિરનું ગર્ભગૃહ સોનાથી બનેલુ હશે. જે મંદિરની શોભા વધારશે. રામ મંદિરના ગર્ભગૃહને સોનાથી બનાવવાની જવાબદારી પટનાના સુપ્રસિદ્ધ મહાવીર મંદિરે લીધી છે. એક વાર ફરી એવું બન્યુ છે કે, ભગવાન રામની સેવા માટે મહાવીર હનુમાન આગળ આવ્યા છે. પટનાના આ પ્રસિદ્ધ મહાવીર સ્થાનના ન્યાસ સમિતિના પ્રમુખે જણાવ્યુ કે રામ મંદિરના ગર્ભગૃહ માટે બધુ જ સોનુ ટ્રસ્ટ આપશે. બીજી તરફ આ મંદિરના ભવ્ય અને દિવ્ય સ્વરૂપ માટે શ્રીરામ જન્મભૂમિ પુનરૂદ્ધાર સમિતિ અને રામાલય ન્યાસએ પણ મંદિરને હેમ



મંડિત, સોના તેમજ રત્ન જડેલા આભૂષણો માટે દેશવ્યાપી અભિયાન ચલાવવાનુ જાહેર કર્યુ છે. રામ મંદિરના નિર્માણ માટેના ટ્રસ્ટ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની પહેલી બેઠક ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના રોજ દિલ્હીમા થશે. ટ્રસ્ટની આ બેઠકમા મુખ્ય સભ્યો તેમજ બીજા સભ્યોની પસંદગી અને રામ મંદિરના નિર્માણ માટેની તારીખને પણ જાહેર કરવામા આવે તેવી સંભાવના છે.

## દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા તખ્તો તૈયાર

કેન્દ્ર સરકાર હવે યુનિફોર્મ સિવિલ કોડ પર કામ કરી રહી છે, ભાજપે જે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો તેમાં રામ મંદિર ઉપરાંત આર્ટિકલ ૩૭૦ અને યુનિફોર્મ સિવિલ કોડનો પણ સમાવેશ થાય છે. હાલ બે મહત્વના મુદ્દા ૩૭૦ અને રામ મંદિરનો વિવાદ પુરો થઇ ગયો છે તેથી હવે સરકાર યુનિફોર્મ સિવિલ કોડ પર કામ કરી રહી હોવાના અહેવાલો છે. યૂનિફોર્મ સિવિલ કોડનો મતલબ છે દેશમાં દરેક નાગરિક માટે એક સમાન કાયદો લાગુ પાડવો, પછી તે નાગરિક કોઇ પણ ધર્મ કે જાતિનો કેમ ન હોય. હાલ દેશમાં અલગ અલગ ધર્મો માટે અલગ અલગ પર્સનલ લો છે. યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરી દેવાથી દરેક ધર્મના નાગરિકો માટે એક સમાન કાયદો હશે.


કલાસીફાઈડ / Classified

HELP WANTED IN MOTEL
(IN HAMILTON)
હાઉસ કીપીંગ માટે કપલની જરૂર છે.
રહેવાની સગવડ આપવામાં આવશે
-: ફોન કરો :-
કિશોર પટેલ - 905-517-2707


## અયોધ્યામાં પ્રાચીન નક્શા અનુસાર જ રામ મંદિર બનશે

રામ મંદિર નિર્માણ માટે ૨૫ વર્ષથી કોતરકામ કરેલા પથ્થરોની શિલ્પકારીનો ઉપયોગ કરવામાં આવશે સાથે જ શ્રીરામ શિલાઓનો પણ મંદિરમાં ઉપયોગ કરવામાં આવશે. અયોધ્યામાં રામલલાનું નવુ મંદિર પ્રાચીન નક્શા અને મૉડલ અનુસાર જ બનશે. મંદિર ગુજરાતના આર્કિટેક્ચર નિષ્ણાંત ચંદ્રકાંત સોમપુરાના બનાવેલા ડિઝાઈન અને મૉડલ પર બનશે.

# લખનઉની કોર્ટમાં દેશી બોંબ બ્લાસ્ટ, અનેક વકીલો ઘાયલ

- બે જૂથની વચ્ચે સંઘર્ષના લીધે દેશી બોંબ ઝીંકાયા, હવામા તમંચા લહેરાવાયા

લખનઉ : ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌની વજીરગંજ કચેરીમાં આજે દેશી બોંબ બ્લાસ્ટ થતાં ખળભળાટ મચી ગયો હતો. આ બ્લાસ્ટમાં અનેક લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા વકીલોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કોર્ટ સંકુલમાં બે જીવિત બોંબ પણ મળી આવ્યા હતા. ઘટનાની માહિતી મળતાની સાથે જ વહીવટીતંત્ર અને સરકારની ઉંઘ હરામ થઈ ગઈ હતી. હોદ્દેદાર સંજીવ લોધીના ચેમ્બરની સામે ત્રણ દેશી બોંબ ઝીકવામાં આવ્યા હતા. એક બોંબ બ્લાસ્ટ થયો હતો. દેશી બોંબથી બાર એસોસિએશનના હોદ્દેદાર લોધી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો જો કે તેઓ સહેજમાં બચી ગયા હતા. જિલ્લા કોર્ટમાં વકીલ સંજીવને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસનું કહેવું છે કે, આ બ્લાસ્ટ બે ગ્રુપ વચ્ચે સંઘર્ષના ભાગરુપે કરવામાં આવ્યો હતો. એકાએક બ્લાસ્ટના અવાજથી કોર્ટ સંકુલમાં અફડાતફડીમચી ગઈ હતી. ઉંડી તપાસ પણ ચાલી રહી છે.

# ઉમેદવારોના ગુનેગારી અંગેના ઈતિહાસને જનતા સમક્ષ રજૂ કરવા સુપ્રીમનો આદેશ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે આજે એક ઐતિહાસિક અને મહત્વપૂર્ણ આદેશમાં રાજકીય પક્ષોને પોતાના ઉમેદવારોના અપરાધિક રેકોર્ડ પ્રજાની સમક્ષ રજૂ કરવા માટે આજે આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે આઆદેશનેરાજનીતિનાઅપરાધિકરણની સામે એક મોટા નિર્ણય તરીકે ગણવામાં આવે છે. રાજનીતિને અપરાધીઓના સકંજામાંથી મુક્ત કરાવવાની દિશામાં મોટી પહેલ તરીકે આને ગણવામાં આવે છે. રાજકીય પક્ષોને કહેવામાં આવ્યું છે કે, તે ચૂંટણી મેદાનમાં ઉતરનાર ઉમેદવારોના ક્રિમિનલ રેકોર્ડને પ્રજાની સમક્ષ રજૂ કરે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, ઉમેદવારોના અપરાધિક રેકોર્ડને સાઈટ ઉપર અપલોડ કરવાની જરૂર રહેશે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આ આદેશને નહીં પાળનાર રાજકીય પક્ષો સામે તિરસ્કારની કાર્યવાહી કરવામાં આવશે. ભાજપના નેતા અને સુપ્રીમ કોર્ટના વકીલ અશ્વિની ઉપાધ્યાય તરફથી દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટ દ્વારા આ મુજબનો આદેશ કરવામાં આવ્યો હતો. ઉમેદવારોના અપરાધિક રેકોર્ડને અખબારો, વેબસાઈટો અને સોશિયલ મિડિયા સમક્ષ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. જસ્ટિસ આરએફ નરિમન અને જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ્ટની બનેલ બેંચે કહ્યું હતું કે, સ્વચ્છ ઈમેજ ધરાવતા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાના બદલે ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારોને ટિકિટ આપવા માટેના કારણો પણ રાજકીય પક્ષોને આપવા પડશે. ચૂંટણી પંચે રજૂઆત કરતા કહ્યું હતું કે, રાજકીય પક્ષોને ઉમેદવારોની પસંદગી કરતી વેળા સ્પષ્ટીકરણની સાથે વેબસાઈટ ઉપર ઉમેદવારોની વિશ્વસનીયતા, સિદ્ધિ અને ફોજદારી રેકોર્ડ જમા કરાવવાના રહેશે.

# દેશભરના ગદ્દાર જેવા નિવેદનથી દિલ્હીમાં નુકસાન થયું : અમિત શાહ

નવી દિલ્હી : દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ આજે પ્રથમ વખત જાહેરમાં આવ્યા હતા અને દિલ્હી ચૂંટણીમાં હારને લઈને પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભાજપના કેટલાક નેતાઓની જીભ લપસી ગઈ હતી અને વિવાદાસ્પદ નિવેદન કર્યા હતા. ચૂંટણી પંચે તેમના પ્રચાર પર પ્રતિબંધ મુક્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે, આવા નિવેદનના કારણે પાર્ટીને નુકસાન થયું છે. દિલ્હીમાં સરકાર બનાવવાનું સપનું રોળાઈ ગયું છે. તમામ લોકો જાણે છે કે, પ્રચાર દરમિયાન ભાજપ નેતા અને નાણા રાજ્યમંત્રી અનુરાગ ઠાકુરે દેશના ગદ્દારો જેવા નિવેદન કરીને હોબાળો મચાવી દીધો હતો. જો કે તેમણે કહ્યું હતું કે, ભાજપ નેતાઓના નિવેદનને જે રીતે જોરશોરથી દર્શાવવામાં આવ્યા હતા.

# પરાજય પછી કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ અને આરોપ-પ્રત્યારોપ

- સોનિયા ગાંધીએ ચાકો, સુભાષ ચોપડાનું રાજીનામું સ્વીકાર્યુ

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ફરી એક વખત પોતાનું ખાતુ ખોલવામાં નિષ્ફળ રહેલી કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસના નેતાઓ કારમી હાર માટે એકબીજાને જવાબદાર ઠેરવી રહ્યાં છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ દિલ્હીના કોંગ્રેસ ઈનચાર્જ પી સી ચાકોનું રાજીનામું સ્વીકારી લીધું છે અને તેમના સ્થાને શક્તિસિંહ ગોહિલને દિલ્હીના ઈનચાર્જ બનાવ્યા છે. ઉલ્લેખનીય છે કે ગોહિલ હાલમાં બિહાર કોંગ્રેસ ઈનચાર્જ પણ છે. દિલ્હીમાં કોંગ્રેસના કારમા પરાજયને પગલે દિલ્હી કોંગ્રેસ ઈનચાર્જ પી સી ચાકો અને દિલ્હી કોંગ્રેસ પ્રમુખ સુભાષ ચોપરાએ રાજીનામું આપી દીધું હતું. સોનિયા ગાંધીએ બંનેના રાજીનામા સ્વીકારી લીધા છે. જો કે આ દરમિયાન કોંગ્રેસે પક્ષમાં આંતરિક ખેંચતાણ હોવાના અહેવાલોને ફગાવી દીધા છે અને પોતાના નેતાઓને હાર માટે એકબીજાને જવાબદાર ઠેરવવાને બદલે આત્મનિરીક્ષણ કરવાની સલાહ આપી છે. એઆઈસીસી દિલ્હીના ઈનચાર્જ પી સી ચાકોના નિવેદનથી હોબાળો થયો છે. તેમણે દિલ્હીમાં કોંગ્રેસના નબળા દેખાવ માટે પરોક્ષ રીતે સ્વર્ગસ્થ શીલા દિક્ષિતને જવાબદાર ઠેરવતા વિવાદ સર્જાયો છે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસે ૨૦૧૩થી જ દિલ્હીમાં પકડ ગુમાવી છે.

# નવી દિલ્લીના કોંગ્રેસ અધ્યક્ષ બાદ હવે કોંગ્રેસ પ્રભારીનું પણ રાજીનામુ

નવી દિલ્હી : દિલ્હીમાં સતત બીજી વખત શૂન્ય પર સમેટાઈ જનાર કોંગ્રેસ પાર્ટીમાં ભારે ઉથલ પાથલ મચી છે. કારમી હાર બાદ દિલ્હી કોંગ્રેસ પ્રભારી પદેથી પી. સી. ચાકોએ રાજીનામુ આપી દીધુ છે. આ પહેલા પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ સુભાષ ચોપડા પણ રાજીનામુ આપી ચુક્યા છે. જોકે પીસી ચાકોએ આશ્ચર્યજનક નિવેદન આપતા કહ્યુ હતુ કે, ૨૦૧૩માં શિલા દિક્ષિતના સમયથી કોંગ્રેસની દિલ્હીમાં પડતીની શરૂઆત થઈ હતી. એક નવી પાર્ટીએ તેમના સમયમાં કોંગ્રેસની પુરી વોટ બેન્ક છીનવી લીધી હતી. જે હજી અમે પાછી મેળવી શક્યા નથી. ઉલ્લેખનીય છે કે, ૧૫ વર્ષ દિલ્હીમાં રાજ કરનાર કોંગ્રેસને સમ ખાવા પુરતી એક પણ બેઠક મળી નથી. એટલુ જ નહી ૬૬માંથી ૬૩ કોંગ્રસી ઉમેદવારો તો આ ચૂંટણીમાં ડિપોઝીટ પણ બચાવી શક્યા નથી.

અનુસંધાન પેજ નંબર 04

## દિલ્હીમાં 'આમ આદમી પાર્ટી'નો ડંકો...

દિલ્હીમાં કેજરીવાલ સરકારે મહોલ્લા ક્લિનિક ખોલીને આરોગ્ય સેવા સામાન્ય જનતા સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. ૪૦૦થી વધુ ક્લિનિક દિલ્હીમાં કામ કરે છે. આ ઉપરાંત ૨૦૦ યુનિટ સુધીની મફત વીજળી, ૨૦ હજાર લીટર સુધીનું પાણી ફ્રી.. વગેરે સુવિધાઓ લોકો સુધી પહોંચી ચૂકી છે. એટલે જ ચૂંટણી પહેલા કેજરીવાલે એક ઈન્ટવ્યુંમાં સ્પષ્ટ કહ્યું હતુ કે, અમારા મત અમારા કામને જ આપજો. જો અમે કામ ન કર્યું હોય તો મત ન આપશો. કેજરીવાલને પોતાના કામ પર અને વિપક્ષની નીતિ પર વિશ્વાસ હતો. માટે તેમણે ભાજપને મુખ્યમંત્રી પદના દાવેદાર જાહેર કરવાની ચેલેન્જ પણ આપી હતી. આમ આદમીની સત્તા સો ટકા શુદ્ધ છે, એવુ ય નથી. પણ એટલું ચોક્કસ છે કે, તેણે નક્કર કામ કરવાનો પ્રયાસ કર્યો છે. અને એ પ્રયાસમાં જ લોકોને વિશ્વાસ પડયો છે. એટલે જ મોદી અને અમીત શાહ જેવા નેતાઓ અને ભાજપ જેવા મોટા પક્ષના પડકારો વચ્ચે પણ તે દિલ્હીની સત્તા ટકાવી રાખવામાં સફળ રહ્યા છે.

### ક્રોસવર્ડનો ઉકેલ

**આડી ચાવી :** (૧) પાઘલડી (૪) કવછટ (૬) લટ (૭) પાલો (૮) નાકું (૯) મલ (૧૦) ડખો (૧૨) સામું (૧૩) વર (૧૪) અંગદ (૧૫) મહિ (૧૬) શાખ (૧૭) કાજ (૧૮) દરવાન (૨૦) બદનામ (૨૨) સદર (૨૩) જૂઠ (૨૫) લવાદ (૨૭) કાબો (૨૮) કરપ (૨૯) દામ (૩૦) ખાસ (૩૧) હરીફાઈ (૩૨) ઝરમર

**ઊભી ચાવી :** (૧) પાલક (૨) ઘટ (૩) ડીચકું (૪) કલોલ (૫) છગડગ (૭) પામર (૮) નામું (૧૧) ખોદણી (૧૨) સાહિર (૧૩) વખ (૧૪) અંજના (૧૫) મદલોલ (૧૬) શાન (૧૭) કાદર (૧૯) વાલિદ (૨૦) બદબો (૨૧) મજૂર (૨૨) સકામ (૨૪) ઠપકો (૨૬) વાબારી (૨૮) કસમ (૨૯) દાઈ (૩૦) ખાર


સીટીઝનશીપ, PR કાર્ડ અને ઇમિગ્રેશન સર્વિસ

તમારા બધા પી.આર. કાર્ડ નવીનકરણ માટે ખોવાયેલ અથવા ચોરાયેલા, સિટીઝનશિપ એપ્લીકેશન્સ એકસપ્રેસ એન્ટ્રી, વિઝિટર વિઝાને સુપર વિઝા એપ્લીકેશન, ઇન્વીટેશન, લેટર્સ, સ્ટુડન્ટ, સ્પાઉસલ સ્પોન્સરશીપ, પેરેંટલ સ્પોન્સરશિપ, વર્ક પરમિટ એપ્લીકેશન્સ.

એક પ્રોફેસનલ કેર અને યોગ્યતા દ્વારા પ્રોફેશનલ ઇમિગ્રેશન કન્સલ્ટિંગ ફર્મ.

ઘરબેઠા સેવા આપવામાં આવશે.

ખૂબ સ્પર્ધાત્મક અને આકર્ષક દરો.

અમે અંગ્રેજી, ગુજરાતી, પંજાબી અને અરેબીક બોલીએ છીએ.

ACCESS2CANADA
Since 20 Years
Easy Access Consultant Inc.

સંપર્ક કરો અલી : 437-225-1070
Office Tel No.289-8853411
Email : alidaredia@hotmail.com

HEAD OFFICE : 214 - 1945 Dundas Street East, Mississauga, ON L4X2T8, Canada.
BRANCH : 1500 Meyerside Drive, Mississauga-Ontario, L5T 1V4; Canada



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**તા.૧૪-૦૨-૨૦૨૦ થી તા. ૨૦-૦૨-૨૦૨૦**

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



## મેષ (અ,લ,ઈ)

કાર્યક્ષેત્રે જેટલો પુરુષાર્થ વધારશો તેટલા પ્રમાણમાં પણ સફળતા ન મળે ત્યારે મનોબળ ટકાવી રાખવું. નવા રોકાણો બાબતે થોભો અને રાહ જુઓની નીતી અપનાવવી પડે. જીવનસાથીની મુલાકાતને હ્રદય મન પ્રફુલ્લિત બને. ધાર્યું થવામાં વિલંબ સર્જાય. કષ્ટદાયક યાત્રા જેમ તેમ કરીને પૂરી કરી શકશો. સ્થાયી પ્રોપર્ટી ખરીદ વેચાણ બાબતે ઉતાવળીયા નિર્ણયો કરવા નહીં. નોકરીયાત વર્ગને કામનો બોજા વધુ આવી જવાથી થાક અનુભવશો. આવકના સાધનો વધારવા માટે વધુ જહેમત ઉઠાવવી પડે.



## વૃષભ (બ,વ,ઉ)

મનોબળની કસોટી થાય. કાર્યક્ષેત્રે શ્રેષ્ઠ પ્રગતિ જળવાઈ રહેશે. સમાજસેવાના કાર્યો કરી શકશો. આકસ્મિક ઈજામાંથી આસાનીથી ઉગરી જવાય. હ્રદયની બિમારીમાં રાહત જણાય. પરિવારમાં વ્યક્તિ વિશેષની પ્રગતિથી આનંદ થાય. નિર્ધારશક્તિ દૃઢ બનશે. પૂર્વે કરેલા આયોજનોમાં સફળતાનું પ્રમાણ નહીંવત રહેશે. દામ્પત્યજીવનમાં એકબીજાની અનુકૂળતા જળવાઈ રહેશે. હરીફો પર વિજય મેળવવામાં નાકામ્યાબ નિવડશો. મૂડી રોકાણ વિશે ચિંતા રહે.



## મિથુન (ક,છ,ઘ)

જાહેર સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરી શકશો. પરિવારમાં મહત્વની કામગીરી થતાં મન પ્રસન્ન રહેશે. સંશોધનાત્મક અભિગમ વધે. દામ્પત્યજીવનમાં નિખાલસ રચનાત્મક ભૂમિકા નહીં ભજવી શકાય. જીવનસાથી પ્રત્યે સ્નેહ વધે. ઘરને આધુનિક બનાવી શકશો. અભ્યાસમાં મધ્યમસ્તરીય પ્રગતિ, ખેતી જમીન મકાન અંગેના કાર્યો ગૂંચવણભર્યા રહેશે. ધાર્મિક પ્રવૃત્તિઓ રુંધાશે. કાયદાકીય બાબતમાં વિજયના માર્ગે આવશો. ઉઘરાણી મેળવવામાં કંઈક અંશે સફળ થશો.



## કર્ક (ડ,હ)

આપ જેટલું કામ કરશો તો તેટલો વધુ આનંદ પ્રાપ્ત કરી શકશો. સહકર્મચારી વર્ગથી લાભ પ્રાપ્ત થાય. મિત્રો સ્નેહીઓ વધુ સહાયભૂત થઈ શકશે. પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ પ્રાપ્ત કરી શકશો. મનનો બોજા હળવો કરવા માટે એકાંતિપ્રય વાતાવરણના શોખીન બનશો. ભૂતકાળમાં કરેલા સ્થાવર મિલ્કતના સોદા પાર પડે. સાચા સ્વજનો સાથે લાગણીભર્યા સંબંધો જળવાઈ રહેશે. દામ્પત્યજીવનમાં તંગદીલીભરી શાંતિનું વાતાવરણ રહે.



## સિંહ (મ,ટ)

સપ્તાહ દરમ્યાન ચિંતાકારક પરિસ્થિતિમાંથી માર્ગ મેળવવો મુશ્કેલ બને. કોઈની સાથે વધુ પડતી ચર્ચાવિચારણા કરવી યોગ્ય નથી. ઉતાવળીયા નિર્ણયો હાનિકર્તા બને. સંતાન સાથે વૈચારિક મતભેદની સ્થિતિ સર્જાય. લોકોપયોગી કાર્યોમાં વિશેષ રૂચી રહેશે. વિદ્યાર્થીઓ પોતાની વ્યવહારકુશળતાથી આગળ અભ્યાસમાં રૂચી વધારશે. વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે પણ થોડી રાહ જુઓની નીતી અપનાવવી પડે દામ્પત્યજીવનને કલુષિત વાતાવરણમાંથી ઉગારી શકશો.



## કન્યા (પ,ઠ,ણ)

સપ્તાહમાં ધીરજ રાખીને કામ કરશો તો અચૂક સફલતાના શિખરો સર કરી શકશો. મહત્વાકાંક્ષી નિર્ણયો લાભદાયી બને. આયોજનબદ્ધ કાર્યો કરી વિકાસશીલ આયોજનોને પાર પાડી શકશો. જમીન મકાનને લગતા કામકાજમાં પડેલા અવરોધ મિત્રોની મદદથી દૂર કરી શકશો. આ સમયમાં મનોબળ મજબૂત બનશે. આવડતમાં વધારો થાય. જીવનસાથીનું પ્રોત્સાહક વલણ લાભદાયી બની રહેશે. સ્થાવર મિલ્કતની ખરીદી થાય. પણ સહીસિક્કાની બાબતમાં વિશેષ કાળજી રાખવી.



## તુલા (ર,ત)

કામકાજમાં સફળતા મળવાથી આનંદ ઉત્સાહમાં વધારો થાય. આવકની સાથે સાથે ખર્ચનું પ્રમાણ પણ જળવાઈ રહેશે. યશ કિર્તી વધે. પરોપકારના કાર્યો થાય. વિદેશ સ્થિત મિત્રો લાભદાયી નિવડે. ઘરમાં શુભ પ્રસંગ સરળતાથી પાર પડે. બહારગામથી આનંદદાયક સમાચાર મળે. નવી સ્થાવર મિલ્કત વસાવી શકશો. જીવનસાથીનું મિલન પ્રોત્સાહજનક નીવડશે. દારક પદોર્થથી ખાસ સાચવવું. તમારી વાત સાંભળીને પ્રસન્નતા અનુભવશે. ભૂતકાળના કરેલા રોકાણોથી લાભ થાય.



## વૃશ્ચિક (ન,ય)

આ સપ્તાહમાં માનસિક અને શારિરીક સ્વસ્થતા જળવાઈ રહેશે. ભાઈ-બહેન, સગા સંબંધીઓ સાથેના સંબંધોમાં મધુરતા આવે. પરિવારમાં સુમેળભર્યુ વાતાવરણ જળવાઈ રહેશે. જીવનસાથીની તમન્ના પૂર્ણ કરી શકશો. મુંઝવણ અને સમસ્યાઓનો ઉકેલ મળતાં મનમાં આનંદ અનુભવશો. વડીલના સાથ સહકારથી વિશેષ લાભ પ્રાપ્ત કરી શકશો. નાણાંકીય રીતે આ સપ્તાહ મિશ્રફળદાયી બની રહેશે. યાત્રા પ્રવાસથી મન પ્રફુલ્લિત રહેશે. સમાજસેવાના કાર્યો કરી શકશો.



## ધન (ધ,ભ,ફ,ઢ)

આપને નાની મોટી કોઈપણ કામગીરીમાં મુશ્કેલી અનુભવવી પડે. જે કામ સરળતાથી થઈ શકતું હોય તે કામમાં પણ અવરોધ આવે. મનોબળ જાળવી રાખવું હિતાવહ રહેશે. મકાન જમીનના કે અન્ય કામકાજમાં રૂકાવટ આવે છતાં.... સપ્તાહના અંત ભાગમા બધુ સારી રીતે પાર પડે. નોકરી ધંધામાં ઉતાવળીયા કોઈ નિર્ણય લેવા નહીં. વિદ્યાર્થીઓને અભ્યાસ પ્રત્યે બેદરકારી રાખવી નહીં. વાહન અકસ્માતથી સાચવવું. દામ્પત્યજીવનમાં ઉતાર ચડાવ જાવા મળે. મિત્રોની સંખ્યામાં વધારો થાય.



## મકર (ખ,જ)

ભાગીદારીના ધંધામાં પ્રગતિ જળવાઈ રહેશે. પણ ધંધાની પ્રગતિમાં નુકશાનનું પ્રમાણ વધુ રહેવાથી ભાગીદારી કરવી જાઈએ નહીં. આધ્યાત્મિક ધાર્મિક વલણ અનુકૂળ રહેશે. સંગીતના ચાહક બનશો. દામ્પત્યજીવનમાં ફુલગુલાબી વાતાવરણ રહે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં સફળતા મળે સંતાનના સ્વાસ્થ્ય બાબતે ચિંતીત રહેશો. મિત્રોની મદદ મળી રહેશે. મોજશોખ પાછળ ખર્ચનું પ્રમાણ વધુ રહેવાથી નાણાંકીય કટોકટી સહન કરવી પડે. નોકરીમાં બઢતી સાથે બદલી થાય.



## કુંભ (ગ,સ,શ,ષ)

સપ્તાહ દરમ્યાન આયોજનપૂર્વક કરેલા કાર્યોમાં સફળતા મળે. ધંધાકીય ક્ષેત્રે અગત્યના આયોજનો થાય. પરિવારમાં સુમેળ અને શાંતિ વધે. બીજાના વિશ્વાસે ચાલવાથી હાનિ સહન કરવી પડે. સંતાનના સ્વાસ્થ્ય અંગે ચિંતા રહે. માનસિક ચિંતામાં રાહત જણાય. શુભ માંગલિક પ્રસંગોથી મન પ્રસન્ન રહેશે. સગા સંબંધીઓનો સહકાર લાભદાયી બની રહેશે. યાત્રા પ્રવાસનું આયોજન આ સપ્તાહમાં મુલત્વી રાખવું. પેટ આંતરડા સંબંધી બિમારીમાં રાહત જણાય.



## મીન (દ,ચ,ઝ,થ)

આપના આ સપ્તાહમાં નવીન આયોજન બાબતે અનુડકૂળ યોગો બને છે. કાર્યક્ષેત્રના વિસ્સૃતીકરણ બાબતે અનુડકૂળ યોગો બને છે. યાત્રા પ્રવાસ બાબતે અનુડકૂળ યોગો બને છે.નોકરી ધંધામાં લાભ મળવા કરતાં બિનજરૂરી ચિંતા, ઉપાધી આવી જાય. કામનું પ્રમાણ વધુ રહેશે. કાર્યક્ષેત્રે વધુ પુરુષાર્થ કરવો પડે. ધારવા પ્રમાણેની આપની ગણતરી ઉંધી પડતા વધુ ચિંતામાં મૂકાઈ જશો. વાતચીત સફળ થાય. કામની કદર ન થવાથી કામ કરવા પ્રત્યે આપનો ઉત્સાહ ઓસરાઈ જશે.

# શિવરાત્રીએ શિવલિંગ પર ચઢાવો બિલિપત્રો



જ્યોતિષશાસ્ત્ર અનુસાર મહાશિવરાત્રિ એક એવો દિવસ છે જે દિવસે ભોળાનાથ તેમની પૂજા કરનારને તમામ પ્રકારના સુખ આપે છે. ભોળાનાથ આમ તો સદૈવ ભક્તોના દુઃખ દૂર કરવા તત્પર રહે છે. તેમની સાચા હૃદયથી પૂજા કરવી જોઈએ. જો કે શાસ્ત્રમાં કહેવાય છે કે કશું આપ્યા વગર કશું મળતું નથી. તેથી ભોળાનાથને વિશેષ પૂજા-અર્ચના થકી કોઈને કોઈ ચીજ અર્પણ કરવામાં આવે છે. તે માત્ર એક લોટો પાણી રેડવાથી પણ પ્રસન્ન થઈ જાય છે. પણ જો તેમને પસંદ હોય તેવી ચીજોથી તેમની પૂજા કરવામાં આવે તો તેનું અવશ્ય વિશેષ શુભ ફળ મળે છે. ભગવાન શિવની પૂજામાં બિલિપત્રનો ઉપયોગ થાય છે. શિવને બિલિપત્ર પ્રિય છે. તેને અર્પણ કરવાથી ત્રણ જન્મ સુધી શુભ ફળ મળે છે. આમછતાં બિલિપત્ર સિવાય પણ એવી કેટલીક ચીજો છે જે શિવને અતિ પ્રિય છે. શાસ્ત્રોમાં આ વિશે ઉલ્લેખ છે કે તે અર્પણ કરવાથી અલગ અલગ મનોકામના પૂર્ણ થાય છે.

જો તમે સંતાન સુખ ઈચ્છતાં હોય તો શિવલિંગ પર વાંસની તાજી કૂંપણો અર્પિત કરવી જોઈએ. આમ કરવાથી સંતાન પ્રાપ્તિની મનોકામના પૂર્ણ થાય છે. હિંદૂ ધર્મગ્રંથ શિવપુરાણમાં જણાવાયું છે કે આ સિવાય આંકડાના ફૂલ કે પાન ચઢાવવાથી પણ શિવ તરત જ પ્રસન્ન થઈ જાય છે. ભગવાન શિવને આંકડાના ફૂલ પણ પ્રિય છે.

પરિવારના લાંબા આયુષ્ય માટે શિવજી પર દૂર્વા ચઢાવવી જોઈએ. શાસ્ત્રોનું માનીએ તો દૂર્વામાં અમૃતનો વાસ છે. મહાશિવરાત્રિના દિવસે શિવજીને ભાંગના પાન ચઢાવવાથી પણ તે પ્રસન્ન થાય છે. તેમને ભાંગ અતિ પ્રિય છે. એ સિવાય ભગવાન શંકરને મહાશિવરાત્રિના દિવસે ધતૂરો અર્પિત કરવાથી જીવનના તમામ કષ્ટો દૂર થઈ જાય છે.

એ સિવાય પીપળાના પાન ચઢાવવાથી પણ ભગવાન શિવની પૂજા કરવાનું વિધાન છે. મહાશિવરાત્રિના દિવસે બ્રહ્મ મુહૂર્તમાં અપામાર્ગના પાન શિવજીને અર્પણ કરવાથી મનુષ્ય ભોગ અને મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે.

ભગવાન શિવને શમીના પાન ચઢાવવાથી પણ જીવનની તમામ સમસ્યાઓનો અંત આવી જાય છે. મહાશિવરાત્રિના દિવસે બિલિ ચઢાવવાથી ધન કે આવકમાં આવતી મુશ્કેલીઓ કે લગ્નમાં થતો વિલંબ દૂર થઈ જાય છે.

# સૌથી વધુ પ્રભાવ ધરાવતો સાત મુખી રૂદ્રાક્ષ છે અત્યંત ચમત્કારી

રૂદ્રાક્ષને મહાદેવનું સાક્ષાત પ્રતિક માનવામાં આવે છે. રૂદ્રાક્ષ દરેક પ્રકારનું સુખ તેમજ સમૃદ્ધિ પ્રદાન કરે છે. રૂદ્રાક્ષ અલગ અલગ પ્રકારના હોય છે અને તેનું મહત્વ પણ અલગ અલગ હોય છે. આ રૂદ્રાક્ષમાંથી સૌથી વધારે અસરકારક હોય છે સાત મુખી રૂદ્રાક્ષ. સાત મુખી રૂદ્રાક્ષ ધારણ કરવાથી દરેક ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત થાય છે તવ્યવસાયી વર્ગ માટે તો સાતમુખી રૂદ્રાક્ષ ધારણ કરવો અત્યંત લાભકારક સિદ્ધ થાય છે. આ રૂદ્રાક્ષ જે ધારણ કરે છે તેના પર ભગવાન ગણેશ અને માતા લક્ષ્મીની કૃપા સદા માટે બની રહે છે. નોકરી કરતાં લોકો આ રૂદ્રાક્ષ ધારણ કરે તો તેમની ઉત્તરોત્તર પ્રગતિ નિશ્ચિત થઈ જાય છે. જેમને સ્નાયુ સંબંધિત રોગ હોય છે તેમના માટે પણ આ રૂદ્રાક્ષ ફાયદાકારક છે. શનિની પનોતી, ઢૈયા, સાડાસતી ચાલતી હોય ત્યારે પણ આ રૂદ્રાક્ષ ધારણ કરવો ફાયદાકારક છે. કોઈપણ માસની સુદ પક્ષની તેરસથી પૂનમ સુધીના ત્રણ દિવસ દરમિયાન ગંગાજળમાં દૂધ ઉમેરી તે પાણી સાતમુખી રૂદ્રાક્ષ પર છાંટવું. ત્યારપછી ચોખા, દુર્વા, બીલીપત્ર, ધતુરો ચડાવી અને તેની પૂજા કરવી. ત્યારપછી ૧૦૮ વાર ફરીથી મંત્રજાપ કરવો. અને પછી રૂદ્રાક્ષને હાથ અથવા ગળામાં ધારણ કરવો.

# કેવું પરિણામ મળે જ્યારે કુંડળીમાં રાહુ-કેતુ સાથે મંગળનો સંયોગ બને?

મંગળ ગ્રહ સાથે જ્યારે બીજા ગ્રહની યુતિ થાય ત્યારે તેની અસર લોકોના જીવન પર પડે છે. મંગળ ગ્રહ આમ પણ જેમની કુંડળીમાં હોય તેમને સામાન્ય જાતક કરતા વધારે અસર થાય છે. જ્યારે ગ્રહોનો શુભ સંયોગ બને ત્યારે મંગળ પદ, પ્રતિષ્ઠા, અપાર સંપત્તિ અને સુખ અપાવે છે. જ્યારે મંગળ ગ્રહ બીજા ગ્રહ સાથે અશુભ યોગ બનાવે ત્યારે જીવનમાં કોઈ કારણ વગર જ અસહ્ય મુશ્કેલીઓ અને તકલીફ આવે. કોઈ રસ્તો ન સુજે અને જીવનમાં મુશ્કેલીઓ મનને વિચલીત કરી દે.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર રાહુ અને કેતુ સાથે મંગળ નો સંબંધ મોટી ઘટનાઓ માટે કારણ બને છે. લાલગ્રહથી રાહુ-કેતુનો સંબંધ કેટલીક વાર ખુબજ ખરાબ પરિણામ લાવે છે. જો તમારી કુંડળીમાં મંગળ રાહુ કે કેતુ સાથે મળીને કોઈ વિચિત્ર યોગ બનાવે છે તો તમારે સાવધાન રહેવાની જરૂર છે.

આ બંને ગ્રહોની જો યુતિ થાય તો સામાન્ય રીતે નકારાત્મક પરિણામ જ મળે છે. આ સંબંધથી હવાઈ યાત્રા, ઈલેક્ટ્રોનિક્સ અને રસોડા સાથે જોડાયેલી મોટી દુર્ઘટનાનો યોગ બને છે. જો કુંડળીમાં આ યોગ હોય તો જાતકે કાળભૈરવની સાધના કરવી જોઈએ. મંગળ અને કેતુનો સંબંધ વ્યક્તિને ખુબજ પરાક્રમી અને સાહસીક બનાવે છે. મોટા મોટા યોદ્ધાઓ અને શુરવીરોની કુંડળીમાં આ યોગ જોવા મળે છે. જો આ યોગમાં શનિનો સાથ હોય તો શૌર્ય મેળવીને વીરગતિને પ્રાપ્ત કરે છે.

## વુમન વર્લ્ડ

### તાઈવાનની ૬૩ વર્ષની હોટેસ્ટ આન્ટી




તાઈવાનની ચેન મેઈફન નામની એક એક્ટ્રેસ હાલમાં જ ટીવી પર નવા વર્ષની ઉજવણીના એક શોમાં દેખાઈ હતી. ૬૩ વર્ષની આ અભિનેત્રીએ તેની સુંદરતાને એટલી હદે જાળવી રાખી છે કે કોઈ તેની વય ૩૦ કરતાં વધુ હોય એ માનવા જ તૈયાર નથી. ટીવી કાર્યક્રમ સંચાલકે તેની ઓળખ તાઈવાનની હોટેસ્ટ આન્ટી તરીકે આપીહતી. પોતાની સુંદરતાનું રહસ્ય છતું કરતાં ચેન મેઈફને કહ્યુ હતં કે, ૪૦ વર્ષ પહેલા મને બ્યુટીક્વીનનો ખિતાબ મળ્યા બાદ મેં મારી સુંદરતાને જાળવવાનો નિર્ધાર કર્યો હતો. સવારના પહોરમાં હું આદુનો સૂપ પીઉં છું. જે મારી ત્વચાને ચમકીલી રાખે છે. જમ્યા પછી મીઠું ખાવાની ઈચ્છા થાય તો આઈસક્રીમને બદલે ડુરિયાન નામના ટ્રોપિકલ ફળને ફ્રિજમાં મૂકીને ઠંડુ થયા પછી ખાઉં છું.

### ૧૧ વર્ષની રિયાએ ૧ મિનિટમાં ૨૧ વાર નિરાલંબ પૂર્ણ ચક્રાસન કરી રેકોર્ડ બનાવ્યો




ઉત્તર ભારતની ૧૧ વર્ષની એક છોકરીની શરીરની લવચિકતા ભલભલાને અચંબિત કરી દે એવી છે. ઉત્તરાખંડના નૈનીતાલના ગૌલાપુર ગામની રિયા પલાડિયાએ એક અદભૂત રેકોર્ડ કર્યો છે. ૨૦ જાન્યુઆરીએ એક મિનિટમાં ૨૧ નિરાલંબ પૂર્ણ ચક્રાસન (ઊભા રહીને ઉલટી દિશામાં વળીને આખા સુઈ જવાના યોગનો પ્રકાર) કર્યા છે. આ અગાઉનો રેકોર્ડ એક મિનિટમાં ૧૫ નિરાલંબ આસનોનો હતો. યોગમાં આસનોમાં આ પ્રકારનો યોગ ખૂબ જ કપરો મનાય છે. જો કે રિયાના ટ્રેઈનરે અમિતે જણાવ્યું કે, હું ખુશ છું કે તેણે આ આસ કર્યું, પરંતુ તેને જિમ્નેસ્ટિક્સનો શોખ હોવાની તેને માટે આ આસન કપરું નહોતું. હવે રિયા ઓલિમ્પિક્સમાં ગોલ્ડમેડલ હાંસલ કરવા માટે મહેનત કરશે.

### દેશની પહેલી ટ્રાન્સજેન્ડર પત્રકારે લગ્ન કર્યા



લગ્ન એ જીવનનો સૌથી રોમાંચક પ્રસંગ છે. એક સમય હતો જ્યારે ટ્રાન્સજેન્ડરનું નામ સાંભળીને નાકનું ટીંકનું ચઢાવવામાં આવત્ હતું, પરંત બદલાતા જમાના સાથે હવે ટ્રાન્સજેન્ડરને પણ સમાજમાં માન-સન્માન મળતું થયું છે. રાજ્ય સરકાર દ્વારા સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ કરાયેલી જોગવાઈ હેઠળ ટ્રાન્સજેન્ડરના લગ્નનો આ ચોથો બનાવ છે. પત્રકાર હિદી સાદિયા અને અર્થવ મોહન લગ્નગ્રંથિથી જોડાયાં છે. હિદી સાદિયા ટ્રાન્સજેન્ડર અને મેકઅપ આર્ટિસ્ટની દીકરી છે, જ્યારે અર્થવ મોહન ટ્રાન્સજેન્ડર યુગલ ઈશાન કે. શાન અને સૂર્યાનો દત્તક પુત્ર છે. હિદી સાદિયા દેશના પ્રથમ ટ્રાન્સજેન્ડર જર્નાલિસ્ટ છે, તેણે ત્રિવેન્દ્રમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જર્નાલિઝમથી ઈલેક્ટોરનિક મીડિયામાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરીને ગયા વર્ષે ૩૧ જાન્યુઆરીથી જર્નાલિસ્ટ તરીકેની તેની કરીઅરની શરૂઆત મલયાલમ ભાષાના કેરાલી ન્યૂઝ ચેનલથી કરી હતી. એ ચંદ્રયાન-૨ના લોન્ચિંગનું રિપોર્ટિંગ કરતી વખતે લોકોના ધ્યાનમાં આવી હતી..

## બીમારીઓથી બચવું હોય તો ભોજનમાં સામેલ કરો નારિયેળ



જો તમે સ્વસ્થ જીવનની ઝંખના કરો છો તો આજથી જ ભોજનમાં નાળીયેળ તેલ સામેલ કરો. નાળીયેળનું તેલ સ્વાસ્થ્ય માટે ખુબ જ ફાયદેમંદ છે. ભોજનમાં નાળીયેળ તેલને સામેલ કરવાથી તમને હૃદયથી લઈને પાચન તંત્ર સુધીની ઘણી બીમારીમાંથી છૂટકારો મળશે.

નાળીયેળનું તેલ શરીરની રોગપ્રતિકાર શક્તિને મજબૂત કરે છે અને શરદી-ઉધરસ ઉપરાંત ઘણીય બીમારીથી દૂર રાખે છે. નાળીયેળ તેલથી દાંત અને હાડકા મજબૂત થાય છે. આવો જાણીએ ભોજનમાં નાળીયેળના તેલના ઉપયોગથી શું ફાયદો થાય છે. ભોજનમાં નાળીયેળ તેલનો ઉપયોગ કરવાથી જો તમારી ફાંદ બહાર નહીં આવે. નાળીયેલના તેલથી મેટાબોલિક રેટ વધે છે અને મેટાબોલિઝ્મની હાજરી શરીરમાં વધારે હોવાથી ચરબી ઝડપથી બર્ન થાય છે. જો તમે વજન ઘટાડવા માગતા હોય તો ફેટ બર્ન થવી જરૂરી છે. ભોજનમાં નાળીયેળના તેલનો ઉપયોગ કરવાથી પાચન તંત્ર મજબૂત થાય છે. નાળીયેળ તેલથી શરીરની રોગ પ્રતિકાર શક્તિ વધે છે અને રોગની સામે રક્ષણ મળે છે. નાળીયેલ તેલ શરીરના બેક્ટેરિયાથી લડે છે અને પેટમાં ઈન્ફેક્શન નથી થતું. ભોજનમાં નાળીયેળ તેલનો ઉપયોગ કરવાથી તમારા દાંત અને હાડકા મજબૂત થાય છે. ભોજનમાં નાળીયેળ તેલનો ઉપયોગથી શરીરમાં મેગ્નેશિયમ અને કેલ્શિયમની માત્રા વધે છે. કેલ્શિયમથી હાડકા મજબૂત થાય છે. નાળીયેળ તેલમાં એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી વાયરલ ગુણ હોય છે. ભોજનમાં નાળીયેળ તેલના ઉપયોગથી રોગ પ્રતિકારક શક્તી વધે છે. નાળીયેળ તેલ શરીરમાં રહેલા ખરાબ બેક્ટેરીયને મારી નાખે છે. એવામાં જો ડાયેટમાં નાળીયેળ તેલનો ઉપયોગ કરવામાં આવે તો શ્વાસના રોગમાંથી પણ બચી શકાય છે.

### બનાના કૂકીઝ



સામગ્રીઃ ૧/૨ કપ માખણ, ૧/૨ કપ ખાંડ, ૧ કપ મેંદો, ૧/૨ ચમચી વેનિલા એસેન્સ, ૧ પાકું કેળું, ૧/૨ ચમચી બેકિંગ પાઉડર, ૧/૪ ચમચી મીઠું.

રીતઃ માખણ અને ખાંડને ફીણી લો. કેળું મેશ કરો. મેંદામાં મીઠું અને બેકિંગ પાઉડર ભેળવીને ચાળી લો. માખણ અને ખાંડના મિશ્રણવાળું કેળું ભેળવીને ફીણી લો. વેનિલા એસેન્સ અને મેંદો મેળવીને મુલાયમ બનાવો. થોડીવાર ફ્રિજમાં રાખી મૂકો. એક ગ્રીસ કરેલી ટ્રે પર ગોળ પેંડા બનાવીને મૂકો અને હળવેથી દબાવી દો. પ્રીહીટેડ ઓવનમાં ૧૮૦ ડિગ્રી સેલ્સિયસ પર ૧૦-૧૨ મિનિટ સુધી બેક કરો.

### બનાના સેવ



સામગ્રીઃ ૧/૪ કપ ચોખાનો લોટ, ૧/૨ કપ ચણાનો લોટ, ૧ કાચું કેળું બાફેલું, ૧ ચમચી આદુંલસણની પેસ્ટ, ૧ ચમચી લીલાં મરચાંની પેસ્ટ, ૧/૧ ચમચી લીંબુનો રસ, ૧ ચમચી તેલ, ૧/૨ ચમચી બેકિંગ પાઉડર, મીઠું સ્વાદ અનુસાર, તળવા માટે તેલ.

રીત : ચોખાનો લોટ, ચણાનો લોટ, મીઠું અને બેકિંગ પાઉડર ચાળી લો. તેમાં છાલ ઉતારેલાં બાફેલાં કેળાંને ગ્રેટ કરો. આદુંલસણની પેસ્ટ, લીલાં મરચાંની પેસ્ટ, લીંબુનો રસ અને તેલ નાખીને લોટ બાંધો. કઢાઈમાં તેલ ગરમ કરો. સેવ પાડવાના સંચાથી પાતળી સેવ તળી લો. ચટપટી સેવ તૈયાર છે.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ | |
| ૬ | | ■ | | ■ | ૭ | | ■ | | ■ |
| | ■ | ૮ | | ■ | ૯ | | ■ | ૧૦ | ૧૧ |
| ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ | ૧૪ | | |
| ૧૫ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | |
| ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | | | ૨૧ | ■ |
| | ■ | | ■ | ૨૨ | | | ■ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | | |
| ■ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | ■ | |
| ૩૧ | | | | ■ | ૩૨ | | | | ■ |

**આડી ચાવી :**

(૧) તારી વાંકી રે..... નું ફૂંમતું રે..... (૪)
(૪) મહેનત, વૈતરું (૪)
(૬) થોડા વાળની સેર (૪)
(૭) ઢોરને ખાવાનાં પાંદડાં (૨)
(૮) સોયનું કાણું (૨)
(૯) પહેલવાન (૨)
(૧૦) ઝઘડો, વાંધો (૨)
(૧૨) સામે આવેલું (૨)
(૧૩) ઉત્તમ, પતિ (૨)
(૧૪) વાલીનો પુત્ર (૩)
(૧૫) પૃથ્વી (૨)
(૧૬) આંટ, વટ, વિશ્વાસ (૨)
(૧૭) કારણ, પ્રયોજન (૨)
(૧૮) દ્વારપાળ (૪)
(૨૦) બદનામી પામેલું (૪)
(૨૨) મુખ્ય, વડું, શ્રેષ્ઠ (૩)
(૨૩) જૂઠું, અસત્ય (૨)
(૨૫) પંચ, પંચાતિયો (૩)
(૨૭) કાબેલ, પક્કો (૨)
(૨૮) દાબ, ધાક (૩)
(૨૯) માળા, મૂલ્ય. (૨)
(૩૦) અંગત, વિશિષ્ટ (૨)
(૩૧) શત્રુતા, સ્પર્ધા (૪)
(૩૨) વરસાદની ફરફર (૪)

**ઊભી ચાવી :**

(૧) એક ભાજી (૩)
(૨) ઘટાડો, ઘડો (૨)
(૩) ટેરવું, ડીંટું (૩)
(૪) આનંદ, મોજું (૩)
(૫) અસ્થિર, ઢચુપચુ (૪)
(૭) કંગાલ, તુચ્છ (૩)
(૮) ઈતિહાસ, વર્ણન (૨)
(૧૧) ખણખોદ, નિંદા (૩)
(૧૨) જાદુગર (૩)
(૧૩) ઝેર, વિષ (૨)
(૧૪) હનુમાનનાં માતા (૩)
(૧૫) મદમાતું, મદમસ્ત (૪)
(૧૬) છટા, ભપકો (૨)
(૧૭) શક્તિમાન (૩)
(૧૯) પિતા, બાપ (૩)
(૨૦) દુર્ગંધ (૩)
(૨૧) શ્રમજીવી (૩)
(૨૨) કામનાવાળું (૩)
(૨૪) ઉપાલંભ (૩)
(૨૬) જાળિયું, બાકું (૩)
(૨૮) સોગન (૩)
(૨૯) દાયણ, સુયાણી (૨)
(૩૦) અદેખાઈ, વેર (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૫

# મધુરી હવે શહેરના રંગમાં રંગાઈ ગઈ હતી

ફાગણની હજુ તો શરૂઆત હતી.

પણ ધારવા કરતા ઉનાળો વહેલો શરૂ થયો હોત. વગડાનાં કેસૂડાં હજુ માંડ રંગ ધારણ કરી રહ્યાં હતાં, પણ બપોરે વૈશાખ જેવી આકરી બની જતી પવનની ઝપાટે ઊડતી ધૂળથી ભરાઈ જતી. આંખને ટમટમાવતો ટપાલી ગોપાલદાસ શેઠની ડેલીએ પહોંચ્યો ત્યારે હંમેશની જેમ આજે પણ એના દ્વાર બંધ હતાં.

એણે સાંકળ ખખડાવી.

થોડીવાર બાદ 'શ્રીકૃષ્ણ શરણં મમ્'ના રટણ સાથે ગોપાલદાસે બારણું ખોલ્યું.

ટપાલી સામે સ્મિત કરી ગોપાલદાસે કવર હાથમાં લીધું. ડેલીનાં દ્વાર બંધ કરી હજુ પણ નરી આંખે વાંચી શકતી નજરે પરિચિત અક્ષરોથી પામી લીધું : 'મધુરીનો પત્ર છે.'

મધુરી એમની દીકરી હતી.

એકની એક દીકરી એને પરણાવ્યા બાદ શહેરમાં એના પતિ સાથે રહેતી હતી.

પરસાળમાં પડેલી આરામખુરશીમાં આડા પડી નિરાંતે એમણે કવર ખોલ્યું. મધુરીએ લખ્યું હતું :

'પૂજ્ય પિતાશ્રી,

કુશળ હશો. મારો આ પત્ર વાંચી તમને આશ્ચર્ય થશે, પણ મારું મન ખૂબ જ અકળાયેલું રહે છે. પિતાજી, થાય છે કે થોડા દિવસ ત્યાં આવી જાઉં.

– મધુરી

– બસ, આટલો ટૂંકો જ પત્ર હતો.

ગોપાલદાસે ત્રણ-ચાર વાર એને વાંચી નાખ્યો. એનું એકેએક વાક્ય સમજવા એમણે કોશિશ કરી અને જેમ વધારે વાર વાંચતા ગયા, તેમ તેમ વધુ ને વધુ ચિંતામાં ડૂબતા ગયા : 'દીકરીને પરણવાયે હજુ તો માંડ વર્ષ થવા આવ્યું છે. રૂપાળી છે, હોંશિયાર છે, દેખાવડો, કમાતો પતિ છે. રહેવા શહેરમાં સુંદર બંગલો છે. તો હવે આ એકાએક શાની વિમાસણ !'

ગોપાલદાસ વિધુર હતા.

પણ વેપારધંધો ઘણો તેજ હતો. સંતાનમાં આ એક દીકરી. બાકી અંગત જીવન અત્યંત ધર્મપરાયણ રોજ સવારે ચાર વાગ્યે ઊઠતા. પ્રાતઃકર્મ પતાવીને દોઢ કલાકથી પણ વધુ સમય પ્રભુની સેવા-પૂજામાં ગાળતા. સૂર્યને અર્ઘ્ય આપ્યા સિવાય આરોગતા નહીં.

દિવસ દરમિયાન 'શ્રીકૃષ્ણ શરણં મમ્'નું રટણ ચાલુ રહેતું. સાંજે માળા ફેરવ્યા વિના કદી સૂતા નહીં. મધુરીનો પત્ર વાંચ્યા બાદ એમણે વળતો પત્ર લખવાને બદલે સામે પગલે દીકરીને મળી આવવાનો નિર્ણય કર્યો. રાત્રે તૈયારી કરી લીધી.

થેલીમાં વસ્ત્રો ભરી પેચવાળા ઢાંકણાવાળો પાણીનો લોટો ભરી લીધો.

ગામના પાદરમાંથી વહેલી સવારે ઊપડતી બસમાં બેસી તેઓ શહેરમાં પહોંચ્યા.

સવારે નવ વાગ્યે તો બસે એમને શહેરમાં પહોંચાડી દીધા.

દીકરીને ઘેર પહોંચતાં સુધીમાં એમના મન સમક્ષ જાતજાતના વિચારો પસાર થઈ ગયા : 'મધુરીને એવું તે શું દુઃખ હશે ? કોઈ બીમારી હશે ? ના ના. એણે જે રીતે લખ્યું છે એ પરથી તો લાગે છે કે કદાચ એના પતિ સાથે બોલવું પડ્યું હોય. એમ ના હોય તો આવું પણ બને છે કે, કાયમ ગામમાં રહેલી-ઉછરેલી છોકરી શહેરના વાતાવરણથી કંટાળી પણ ગઈ હોય. શહેરના નવા રીતરિવાજો સાથે એને બહુ મેળ ના પણ ખાતો હોય. ગાંડી છોકરી છે.'

ગોપાલદાસ જાણે કે દીકરીની નાદાનિયત પર હસી રહ્યા.

બંગલે પહોંચ્યાં ત્યાં સુધીમાં સવારના સાડા નવ થઈ ચૂક્યા હતા.

બારણાં બંધ હતાં.

એમણે બટન દબાવ્યું.

થોડીવાર બાદ એક નોકરે બારણું ખોલ્યું : 'કોનું કામ છે ?'

નોકર ગોપાલદાસને ઓળખતો નહોતો. વળી ટૂંકું ધોતિયું, ઉપર રેશમી ઝભ્ભો, કપાળમાં વૈષ્ણવપંથી ચાંલ્લો ને હાથમાં થેલી તથા લોટાવાળા આ મહેમાન ઘર ભૂલ્યા હોય એમ એ ગોપાલદાસ તરફ જોઈ રહ્યો.

ગોપાલદાસે ફરી એની અજ્ઞાનતા પર સ્મિત કરતાં કહ્યું : 'સાહેબને કહો કે મહેમાન આવ્યા છે.'

તેઓ અંદર પ્રવેશ્યા.

નોકરી ફરી બારણું બંધ કરતાં કહ્યું : 'સાહેબ તો ડિસ્પેન્સરી પર ગયા

છે.'

'તો બે'નને... ખબર આપ.' વળી એમણે વિચાર બદલાતાં જાતે જ બૂમ મારી : 'મધુ... મધુ બેટા.'

'એ... કાકા !' નોકરે એમને રોકતાં કહ્યું : 'આમ બૂમો ના પાડો...

બે'ન સૂઈ રહ્યાં છે.'

'સૂઈ રહ્યાં છે ?' ગોપાલદાસે ચિંતિત સ્વરે પૂછ્યું : 'બીમાર છે ?'

નોકરે ફરી કંટાળો વ્યક્ત કરતાં કહ્યું : 'એ તો રોજ મોડાં ઊઠે છે. એમને ઉઠાડવા જવાની મનાઈ છે.'

ગોપાલદાસ સ્તબ્ધ બનીને સાંભળી જ રહ્યા. નોકરની વાત એમના માન્યામાં જ આવતી નહોતી. ગામડે તો પ્રાતઃકાળે રોજ વહેલી ઊઠવાવાળી મધુરી આમ સાડા નવ સુધી ઘોર્યા કરે એ વાત એમના ગળે ઊતરતી નહોતી : 'પણ હશે ! બિચારી માનસિક વ્યાધિમાં હશે. એકલી ઘેર કરે પણ શું ?' એમ વિચારીને એમણે મન મનાવ્યું.

ગોપાલદાસ ઊભા થયા.

એમણે પૂછ્યું : 'બે'ન ક્યાં છે ?'

'એમના બેડરૂમમાં.'

'કઈ તરફ ?'

'કાકા, તમે બેસો. હમણાં ઊઠશે એટલે એમને ખબર આપીશ.'

ગોપાલદાસે વિચાર્યું કે, આ નોકરને હવે ઓળખ આપવી જ પડશે,

'ભાઈ, તારા સાહેબનો હું સસરો છું... મધુ મારી દીકરી છે, મને બતાવ કે એ ક્યાં છે ?'

મને-કમને નોકરે આંગળી ચીંધી.

બેડરૂમના અધખુલ્લા બારણાં તરફ આગળ ધસતાં ગોપાલદાસે બૂમ મારી : 'બેટા મધુ ! જો કોણ આવ્યું છે ?'

બારણું ખોલતાં તેઓ અંદર પ્રવેશ્યા.

મધુરી હજુ હમણાં જ આળશ મરડીને બેઠી થઈ રહી હતી.

પણ ગોપાલદાસ બારણામાં જ ઊભા રહી ગયા.




**એમણે જોયું તો તેમના જમાઈ પ્રશાંત નાહી-ધોઈને એક સ્વચ્છ અબોટિયું પહેરીને પ્રભુની આરતી ઉતારી રહ્યા હતા. ગોપાલદાસ આ દૃશ્ય જોઈને આભા જ બની ગયા. આ વાત એમના માન્યામાં આવતી નહોતી. ભણેલો-ગણેલો અને સારું કમાતો તબીબ પણ પોતાના ધર્મને જાળવીને અડીખમ ઊભો રહેલો જોઈને એમનું હૈયું પુલકિત થઈ ગયું. ઘડીભર એમના મનમાં ઘણુંબધું પસાર થઈ ગયું.**

પારદર્શક નાઈટીમાં ઉપવસ્ત્ર-વિહીન તનને અજવાળતી મધુરીને જોઈ તેઓ થંભી ગયા. આંખ એક પલકારો કરીને બંધ થઈ ગઈ.

મધુ આશ્ચર્યોદ્‌ગાર કાઢી બેઠી થઈ ગઈ : 'બાપુજી ! તમે ? તમે ક્યારે

આવ્યા ?'

પણ દીકરી સામે નજર રાખ્યા વિના જ ગોપાલદાસ બોલ્યા : 'હમણાં જ બેટા... તારા નોકરને કહેને કે એ મને બાથરૂમ બતાવે, મારે હાથ-પગ ધોવા છે.' એ બહાને બહાર નીકળી ગયા.

હાથ-પગ ધોઈ-લૂછી એમણે છાપાં વાંચ્યાં.

થોડોક સમય પસાર થતાં નોકરે કહ્યું : 'ચાલો, ડાઈનિંગ ટેબલ પર,

બહેન ત્યાં આવશે.'

ગોપાલદાસ સૂચનાને અનુસરી રહ્યા.

ટેબલ પર બેઠા બાદ થોડીવારમાં નાઈટી ઉતારીને એણે સાડી લપેટી લીધી હતી.

'જલદી બ્રેકફાસ્ટ લાવ.' મધુરીએ બૂમ પાડી.

નોકર ચા અને નાસ્તો લઈ આવ્યો.

ગોપાલદાસ ઘડીભર પ્લેટ સામે જોઈ રહ્યા. એમને કશીક આશંકા થતાં પૂછ્યું : 'આ શું છે, બેટા ?'

'બાપુજી, એ ઓમલેટ છે.'

ગોપાલદાસ ફાટી આંખે મધુરી સામે તાકી રહ્યા. આજ લગી બહારની હોટલનું પાણી પણ ન પીનારની દીકરી પોતાના બાપ સામે બેસીને જ ઈંડાહાર કરતી હોય એ દૃશ્ય એમના માન્યામાં આવતું નહોતું. એક વજ્રઘાત બાદ એમણે આવેગને અંકુશમાં લીધો. એક પળ આંખ બંધ કરી : 'શ્રીકૃષ્ણ શરણં મમ્'નું રટણ કર્યું અને ઊભા થતાં ઉચ્ચાર્યું : 'તું નાસ્તો કરી લે, હું તો ઘેરથી પતાવીને જ આવ્યો છું.'

ગોપાલદાસ ડ્રોઈંગરૂમ તરફ ચાલ્યા ગયા. સોફા પર પોતાની જાતને પટકતાં તેઓ વિચારી રહ્યા : 'શું આ એ જ મધુરી છે ? આટલું બધું પરિવર્તન શાને ? એને પરણાવી એ પહેલાં કેવી હતી ને આજે કેવી થઈ ગઈ છે ? ઘેર તો ભરભાંખળે એ ઊઠી જતી. રોજ સવારે પ્રભુને દીવો કરી, અગરબત્તી જલાવી પૂજા કરતી. કંઈ ઊંચા સાદે બોલે પણ નહીં. એવી શરમાળ આટલી બેશરમ બનીને છેક બપોર સુધી ઘોર્યા કરે છે ! એનાં વસ્ત્રોનું ઠેકાણું નથી અને આહાર પણ ?'

'બાપુજી !'

મધુરીએ એમની વિચારધારા અટકાવી.

'હશે ! આમ કરવાની એના પતિએ કદાચ ફરજ પણ પાડી હોય !'

મનોમન વિચારતાં એ બોલ્યા : 'આવ બેટા... બેસ.'

મધુરી એમની પાસે બેઠી.

ગોપાલદાસે પૂછ્યું : 'પ્રશાંત વહેલા દવાખાને જાય છે ?'

'હા...' એણે ટૂંકો જવાબ આપ્યો અને પૂછ્યું ; 'મારો પત્ર મળ્યો હતો ?'

'હા... એટલા માટે તો હું દોડતો આવ્યો.'

'પણ મેં તમને આવવા ક્યાં કહ્યું હતું ? મને તો આ વાતાવરણમાંથી

બહાર આવવું હતું.'

ગોપાલદાસ થોડીક વાર સુધી વિચારી રહ્યા. એમને લાગ્યું કે, 'આ છોકરીને અમુક રીતે જ જીવવા માટે ફરજ પાડવામાં આવતી હોય એવી પોતાની આશંકા હવે પાકી થતી જાય છે.'

એમણે ચર્ચા ટાળી. પણ મનમાં વિચારોનું ઘમસાણ ચાલુ જ રહ્યું.

છેક સાંજ લગી અવનવી વાતો ચાલુ જ રહી.

મધુરીની વાતો પરથી ગોપાલદાસને આછો-પાતળો ખ્યાલ આવ્યો કે,

એને આખો દિવસ ઘરમાં ગોંધાઈ રહેવું પડે છે. પ્રશાંત ખૂબ જ વ્યસ્ત રહે છે.

રાત્રે અગિયાર-બાર પહેલા સૂવાનું કદી બનતું નથી અને પ્રશાંત કેટલાક નિયંત્રણો લાદવા કોશિશ કર્યા કરે છે.

એવામાં છેક રાત્રે પ્રશાંતનો ફોન આવ્યો કે, 'આજે એક દર્દીની સ્થિતિ ખૂબ જ ગંભીર હોઈ રાત્રે આવવામાં મોડું થશે.'

મધુરી ખીજવાઈ ગઈ.

એણે ફોન પછાડીને મૂકી દીધો.

દરમિયાન બીજે ક્યાંક એક-બે ફોન જોડ્યાં : 'હા, આજેય એમને મોડું થવાનું છે. ચાલોને કોઈ સારું પિક્ચર જોઈ આવીએ.'

મધુરી પોતાના ખંડમાં ચાલી ગઈ.

થોડીક વાર બાદ તૈયાર થઈને બહાર આવી. એણે કહ્યું : 'બાપુજી, તમે સૂઈ જજો, હું મારી બહેનપણીઓ સાથે પિક્ચરમાં જાઉં છું.'

'તારી બહેનપણીઓ સાવ નવરી છે ?'

'ના, ના... એમની સાથે એમના પતિ પણ છે.' મધુરી ચાલી ગઈ.

ગોપાલદાસને મધુરીનું અંગો ઊપસાવતું વસ્ત્ર પરિધાન અને આ રીતે

બહાર ચાલ્યા જવાનું ગમ્યું નહીં.

જાતજાતના વિચારોએ ચઢેલું એમનું મન ઊંઘમાં ચાલ્યું ગયું ત્યાં સુધીમાં બેઉમાંથી એકેય પાછું આવ્યું નહોતું. અલબત્ત, એક નિર્ણય એમણે લઈ લીધો હતો કે, પ્રશાંત કે મધુરી વચ્ચે ગમે તે વિખવાદ હોય, પણ પોતાને અહીં ઝાઝું રહેવાનું ગોઠશે નહીં. સવારે વહેલા ઊઠવાના નિર્ણય સાથે તેઓ ઊંઘી ગયા.

ગોપાલદાસ સવારે જાગ્યા ત્યારે કોઈ ઘંટડીનો રણકાર એમના કાનને

સ્પર્શી ગયો. પથારીમાંથી બેઠા થઈ એમણે ટેવ મુજબ 'શ્રીકૃષ્ણ શરણં મમ્'નું રટણ કર્યું. ખંડમાંથી બહાર આવતાં એમણે ઘડિયાળમાં જોયું તો હજુ સવારના સાડા પાંચ થયા હતા.

ઘંટડીના રણકારની દિશામાં તેમના પગ વળ્યા.

માત્ર એક જ ખંડમાં બત્તી બળતી હતી.

એમણે જોયું તો તેમના જમાઈ પ્રશાંત નાહી-ધોઈને એક સ્વચ્છ અબોટિયું પહેરીને પ્રભુની આરતી ઉતારી રહ્યા હતા. ગોપાલદાસ આ દૃશ્ય જોઈને આભા જ બની ગયા. આ વાત એમના માન્યામાં આવતી નહોતી. ભણેલો-ગણેલો અને સારું કમાતો તબીબ પણ પોતાના ધર્મને જાળવીને અડીખમ ઊભો રહેલો જોઈને એમનું હૈયું પુલકિત થઈ ગયું. ઘડીભર એમના મનમાં ઘણુંબધું પસાર થઈ ગયું.

મધુરી શહેરમાં આવી શહેરના રંગે રંગાઈ ગઈ હતી અને જમાઈ પ્રશાંત શહેરમાં રહેતા હોવા છતાં, વ્યવસાયમાં વ્યસ્ત રહેતા હોવા છતાં જિંદગીનાં મૂલ્યોને જાળવી રહ્યા હતા. પ્રશાંતે આરતી પૂરી કરી.

એણે પાછળ જોયું તો સસરા ઊભા હતા. એ બોલી ઊઠ્યો : 'બાપુજી, તમે ?'

ગોપાલદાસની આંખમાં હર્ષાશ્રુ હતાં.

એમણે ઝાઝી વાત કરી નહીં. થોડીક જ વારમાં તૈયાર થઈને એમણે પ્રશાંતની રજા માગી.

'આપ આવ્યા શું ને જાવ છો શું ?'

'બસ બેટા, ઘેર ઘણું કામ છે, પેઢી સૂની મુકાય એમ નથી.'

'મધુરીને તો મળતા જાવ... એને હું ઉઠાડું...'

'ના, એને મેં મળી લીધું છે.'

ગોપાલદાસ ચાલ્યા ગયા... થોડીક ખિન્નતા લઈને અને થોડીક ખુશી લઈને.


**દેવેન્દ્ર પટેલ**

**સંપર્ક**

+91 98792 07102

# થાઈલેન્ડમાં લશ્કરી જવાનનો અંધાધૂંધ ગોળીબાર : ૧૭ને મોતને ઘાટ ઉતાર્યા

બેંગકોંગ : થાઈલેન્ડ જેવા ટચુકડા દેશમાં પહેલા કદી પણ ન હોય તેવી એક ઘટનામાં એક લશ્કરી સૈનિકે દેશના નોર્થ ઈસ્ટના શહેર નાખોનમાં અંધાધૂંધ ગોળીબાર કરીને ઓછામાં ઓછા ૧૭ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. આરોપી સૈનિકે આ ઘટનાનું લાઈવ સ્ટ્રીમિંગ પણ કર્યું હતું. પોલીસના પ્રવક્તાએ જણાવ્યું કે ગનમેનને મશીનગનમાંથી નિર્દોષ લોકો પર અંધાધૂંધ ગોળીઓ છોડી હતી જેમાં ૧૭ લોકોના મોત થયા હતા. તેમણે કહ્યું કે ઘણા લોકોને ગંભીર ઈજા થઈ હોવાથી મરનાર લોકોની સંખ્યા વધી શકે છે. ઘટના પાછળનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો જેમાં લોકોને ભાગતા અને સૈનિક ઓટોમેટિક ગન વડે ગોળીઓ છોડી રહેલો દેખાતો હતો. પોલીસે જણાવ્યું કે આ સૈનિકે સૌથી પહેલા લશ્કરી મથકમાં તેના કમાન્ડર અને બે જવાનોની હત્યા કરી



નાખી ત્યાર બાદ ટર્મિનલ ૨૧ શોપિંગ મોલમાં ઘૂસી ગયો હતો અને થોડા લોકોને બંધક બનાવી લીધા હતા ત્યાર તેમને છોડી મૂકીને ફરી ગોળીબાર કરવા લાગ્યો હતો. ગોળીબાર કર્યા બાદ હુમલાખોર સૈનિક ફરાર થઈ ગયો હતો. થાઈલેન્ડમાં ગન મેળવવી સૌથી સરળ છે પરંતુ સૈનિક દ્વારા નાગરિકોને નિશાન બનાવાયા હોય તેવી આ પહેલી ઘટના છે.

# ૪.૮ ટ્રિલિયન ડોલરનું અંદાજપત્ર રજૂ કરવા ડોનાલ્ડ ટ્રમ્પની કવાયત

- **૨૦૨૧માં સરકારની ખાધ વધીને ૧ ટ્રિલિયન ડોલર થવાની શક્યતા**

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ૨૦૨૦માં ૪.૮ ટ્રિલિયન ડોલરનું બજેટ રજૂ કરવાની જોગવાઈ છે. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર આ વર્ષનું બજેટ છેલ્લા ૧૫ વર્ષનું સૌથી સંતુલિત બજેટ રજૂ કરશે.

૨૦૨૧માં સરકારની ખાધ વધીને એક ટ્રિલિયન ડોલરને પાર થઈ જશે. આ દરમિયાન નેન્સી પોલેસીએ જણાવ્યુ છે કે બજેટ અંગેના ટ્રમ્પના નિવેદનો પુરવાર કરે છે કે તેમની સરકાર સારા આરોગ્ય, નાણાકીય સુરક્ષા અને મહેનત કરનારા અમેરિકાના લોકોના કલ્યાણ માટે કેટલી ઓછી ચિંતિત છે. અમેરિકનોને ગુણવત્તા સભર હેલ્થકેર સુવિધાની આપવાની યોજના ડોનાલ્ડ ટ્રમ્પના સમયમાં ક્યારય પણ સુરક્ષિત રહેશે નહીં. વાસ્તવિકતા એ છે કે ટ્રમ્પ, ડેમોક્રેટના અંકુશવાળા હાઉસને અમેરિકન સરકારની વધતી નાણાકીય ખાધ અંગે કોઈ ચિંતા નથી. અધિકારીઓના જણાવ્યા અનુસાર ટ્રમ્પે નાસાનું બજેટ ૩ અબજ ડોલર વધારીને ૨૫ અબડ ડોલર કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકા-મેક્સિકો સરહદની દિવાલ માટે બે અબજ ડોલર ફાળવવામાં આવશે.

# પ્રત્યાર્પણ અંગેના ચુકાદામાં ખામી વિજય માલ્યાના વકીલોનો દાવો

લંડન : ૯૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપ ભારતમાં પ્રત્યાર્પણનો સામનો કરી રહેલા દારૂના ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા આજે લંડનની રોયલ કોર્ટ ઓફ જસ્ટિસમાં હાજર થયો હતો.

કોર્ટમાં આજે ભારતમાં પ્રત્યાર્પણની વિરૂદ્ધ માલ્યાએ કરેલી અપીલની આજે સુનાવણી હતી. સુનાવણી દરમિયાન માલ્યાના વકીલોએ દાવો કર્યો હતો કે પ્રત્યાર્પણ અંગેના મેજિસ્ટ્રેટના આદેશમાં અનેક ભૂલો છે. કિંગફીશર એરલાઈન્સના પૂર્વ વડા ૬૪ વર્ષીય માલ્યાની એપ્રિલ, ૨૦૧૭માં લંડનમાં ધરપકડ કરવામાં આવી હતી.જો કે ત્યારબાદ તેમને જામીન પર મુકત કરી દેવામાં આવ્યા હતાં. તેઓ હાલમાં જામીન પર બહાર છે. માલ્યાના વકીલોએ ન્યાયમૂર્તિ સ્ટીફન ઈર્વિન અને ન્યાયમૂર્તિ લેઅંગને જણાવ્યું હતું કે ડિસેમ્બર, ૨૦૧૮માં ચીફ મેજિસ્ટ્રેટ એમ્મા અર્બુથનોટે પ્રત્યાર્પણના સમર્થનમાં આપેલા ચુકાદામાં અનેક ખામીઓ રહેલી છે. માલ્યાના વકીલ કલેર મોન્ટ્ગોમેરીએ જણાવ્યું હતું કે જ્યારે માલ્યાએ બેંકો પાસેથી લોન લીધી ત્યારે તેમનો ઈરાદો બેંકો સાથે છેતરપિંડી કરવાનો ન હતો. વકીલે વધુમાં જણાવ્યું છે કે ન્યાયમૂર્તિ એમ્મા અર્બુથનોટે તમામ પુરાવાઓની ચકાસણી કર્યા વગર જ ચુકાદો આપી દીધો હતો.

## ૫૦,૦૦૦ કરોડ પરત મેળવવા UAEની ભારતીય બેંકો સામે પગલાં લેશે

મુંબઈ : ભારતે સિવિલ કેસોમાં અમીરાતની અદાલતોના ચુકાદાનો અહીં અમલ કરવાનું ઠરાવ્યા બાદ અંદાજે ૫૦,૦૦૦ કરોડ રૂપિયા પરત મેળવવા માટે ભારતીય ડિફોલ્ટરો સામે યુએઈની ૯ બેન્કો કાયદાકીય પગલાં ભરશે. આ બાબતના જાણકાર બે વ્યક્તિઓના જણાવ્યા પ્રમાણે દુબઈ કે આબુધાબી સ્થિત ભારતીય કંપનીઓની પેટા કંપનીઓ દ્વારા કોર્પોરેટ લોન અંગેના એ કેસો છે, ત્યારે વ્યક્તિગત ધોરણે પગલાં લેવાનું આયોજન છે. યુએઈ સ્થિત એમીરેટ્સ બેન્ક અને આબુધાબી કોમર્શિયલ બેન્ક સહિતની આ બેન્કો છે.

## એમેઝોનના સીઈઓ બેઝોસે ગર્લફ્રેન્ડ માટે ૧,૧૭૨ કરોડ રૂપિયાનું ઘર ખરીદ્યું



લોસ એન્જલસ : દુનિયાના સૌથી મોટા અમીર અને એમેઝોનના સીઈઓ જેફ બેઝોસે ભાવી પત્ની અને ગર્લફ્રેન્ડ લોરેન સાંચેજ માટે લોસ એન્જલસના બેવર્લી હિલ્સ શહેરમાં અંદાજે રૂ. ૧,૧૭૨ કરોડ રૂપિયા) નું ઘર ખરીદ્યું છે. જેફ બેઝોસે મીડિયા કારોબારી ડેવિડ ગેફેનની વાર્નર એસ્ટેટ મેન્સનની ખરીદી કરી છે.

# ગરમીની અસર સેક્સલાઈફ ઉપર પણ પડે છે




ગ્લોબલ વોર્મિંગની અસર દેખાવાની. કહેવાય છે કે આ તો હજી શરૂઆત છે. ઉનાળો ભારત અને સવિશેષ ગુજરાત માટે ભયાનક રીતે અકળાવનારો રહે છે. તાપમાન ૪૫થી ૪૮ ડિગ્રી સુધી પહોંચે છે અને અનેક મરણો પણ થાય છે. અસહ્ય ગરમી, ઉકળાટ, તાપ તથા બફારાથી શરીરના અંગો પર થતી અસરો આપણે નિહાળી અને અનુભવી રહ્યા છીએ. તેની ચર્ચા પણ થઈ રહી છે. પણ વ્યાપક ગરમીની સેક્સઉપર થતી અંગત અંગત અસરોની ચર્ચા હજુ જાહેરમાં થઈ નથી.

આ અંગે મેં પરિચિતો, દર્દીઓ અને તેમના સ્વજનોને પૂછીને મેળવેલી માહિતીઓનો સૂર કંઈક આ પ્રમાણે છે. આવી ખતરનાક ગરમીએ ઘણાખરા સામાન્ય લોકોની સેક્સલાઈફ બગાડી છે. અથવા કહો કે તેને ટેમ્પરરીલી પૂરી કરી નાખી છે. તેમાંય લગ્નસરામાં હજુ નવા સવા પરણેલાઓને, તત્કાળ જ જોવા મળેલ ગરમીનું મોજું કેવી તકલીફો આપે છે તે તેઓ પોતે જ જાણે!

માત્ર વૈભવી જીવન જીવતા અને બેડરૂમમાં એરકન્ડીશનરની સુવિધા ધરાવતા શ્રીમંતોને બાદ કરીએ તો મોટેભાગના નોકરિયાતો, શ્રમિકો, કારિગરો તથા લોઅર મીડલ ક્લાસના લોકોની સેક્સલાઈફને ઉનાળો તહસનહસ કરી નાખે છે. જો કે ગરમીથી થતી અન્ય સમસ્યાઓને ઉકેલવાની પ્રાયોરિટી વધુ મહત્ત્વની હોવાથી કોઈ આમઆદમી તેની કથળેલી સેક્સલાઈફની ફરિયાદ ન કરે એ વાત અલગ છે.

લોકોને કેવી કેવી તકલીફ પડી શકે છે તે જાણવા જેવું છે. ઉકળાટમાં કેટલાક અગાશી યા ધાબા ઉપર સહકુટુંબ સૂવા જવું પડતું હોય છે. આથી મર્યાદાભંગની બીકથી તથા અન્યોની આસપાસની દેખીતી હાજરીથી ઘણાએ સેક્સથી અળઘા રહેવું પડે છે. વલી કેટલાક લોકોને અગાશી, ટેરેસ કે ધાબાની સવલત હોતી નથી. તો તેઓએ ફળિયામાં ખુલ્લામાં સૂઈ રહેવું પડે છે. જેઓ પાકા મકાનોના શયનખંડોમાં સૂએ છે તેઓએ પણ આવા ઉકળાટભર્યા ઉષ્ણ, તપતા વાતાવરણમાં બારીઓ, ખુલ્લી રાખવી પડતી હોય છે. આથી તેમની પ્રાઈવસી, અનિવાર્યપણે ઝૂંટવાઈ જતી હોય છે.

ઉકળાટને કારણે ઊભી થતી સમસ્યાઓના અનેક પાસાઓ છે. શરીર ઉપરથી પરસેવાના રેલા નીતરતા હોય, આખું બદન ચીકાશથી લીંબાઈ ગયું હોય, દેહના ખૂણખૂણેથી દુર્ગંધ વછૂટતી હોય તેવે વખતે બે વ્યક્તિઓ કઈ રીતે સ્પર્શ, નિકટતા, સામીપ્ય તથા મિલનનો આનંદ લૂંટી શકે? આવા વખતે સ્પર્શ એ ઉત્કટતાનો યા રોમાંચનો નહીં બલકે અકળામણ તથા અણગમાનો અનુભવ કરાવે છે.

(ક્રમશઃ આવતા અંકે)

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**

**પ્રશ્ન : હું ૨૧ વર્ષની છું. મારાં સ્તનોને કારણે પરેશાન છું. મારા બેડોળ સ્તનના કારણે જાડી લાગું છું. મારાં સ્તનો શિથિલ થઈ ગયા છે અને વધતા પણ જાય છે. લગ્ન પછી તો એ એનાથી પણ વધી જશે. હું શું કરું?**

ઉત્તરઃ યોગ્ય સમયે યોગ્ય માપની બ્રા ના પહેરવાના કારણે સ્તન બેડોળ બની જઈ લટકી પડે છે. તમે યોગ્ય માપની બ્રા પહેરો અને મનમાંથી એ વહેમ કાઢી નાખો કે સ્તનના કારણે તમે જાડા લાગો છો. લગ્ન બાદ બાળકને સ્તનપાન કરાવવાથી સ્તનનો આકાર જરૂર ઘટશે. માટે એ બાબતની ચિંતા ના કરશો કે લગ્ન પછી સ્તન વધુ વધી જશે.




**પ્રશ્નઃ હું ૨૫ વર્ષની પરિણીતા છું. મારા લગ્નને એક વર્ષ થઈ ગયું છે. હું જલદી મા બનવા માગું છું જ્યારે મારા પતિ પોતાના વ્યવસાયને જ સર્વસ્વ માને છે. રાતદિવસ એમાં જ વ્યસ્ત રહે છે. ઘણો સારો વ્યવસાય છે. પણ એ વધુ આગળ જવા માગે છે. ઘરે આવીને ખાઈપીને સૂઈ જાય છે. સેક્સમાં એમને કોઈ રસ નથી. મારી ઇચ્છા હોય તો યંત્રવત્ પતાવી દે છે. ઘણીવાર મારે એમની સાથે ઝઘડો થઈ જાય છે. હું ક્યારેય મા બની શકીશ?**

ઉત્તરઃ તમારા પતિ યુવાન છે. વ્યવસાયને વધુ વિકસાવવા માટે એમના મનમાં જે ઉત્સાહ અને લગન છે એ ઘણી સારી બાબત છે. તમારે એમાં એમને સહકાર આપવો જોઈએ. એના બદલે તમે એમની સાથે ઝઘડો છો, આજે દરેક વ્યવસાયમાં ઘણી હરીફાઈ હોય છે. માટે જો તે સંઘર્ષ કરી રહ્યા હોય તો તમે સ્વાર્થી ન બનો. પતિની જેટલી પણ નિકટતા મળે એની ભરપૂર મજા માણો. સંતાન મેળવવા માટેની તમારી ચિંતા પણ યોગ્ય નથી. હજુ તમારા લગ્નને માત્ર એક વર્ષ થયું છે. ઉતાવળ ન કરો. જો થોડા વધુ સમય સુધી તમે ગર્ભધારણ ન કરી શકો તો નવરાશ હોય ત્યારે તમારા પતિની કોઈ ડોક્ટર પાસે તપાસ કરાવી સારવાર કરાવી શકો છો.

**પ્રશ્નઃ હું ૨૯ વર્ષની અપરિણીત સ્ત્રી છું. મારા યોનિમાર્ગની આસપાસની મોટા ડાઘ દેખાય છે અને ખંજવાળ પણ આવે છે. ચામડીના રોગના ડોક્ટરની સલાહ પ્રમાણે મેં મલમ લગાવી જોયો, પરંતુ ત્વચાનો રંગ એવો ને એવો જ છે. રાતે મારે બાથરૂમ જવા ઊઠવું પડે છે, પણ બાથરૂમમાં જાઉં ત્યારે પેશાબ નથી થતો. હું આ પ્રોબ્લેમથી કંટાળી ગઈ છું. પ્લીઝ, મને આનો ઉપાય બતાવશો.**

જવાબઃ તમે પેથોલોજિકલ લેબોરેટરીમાં યુરિન ટેસ્ટ કરાવી લો. એના રિપોર્ટમાં પસ સેલ્સ આવે તો તમારે મૂત્રમાર્ગના ઈન્ફ્કશનની સારવાર લેવી જરૂરી છે. આની સારવાર બાદ બાથરૂમમાં નડતી સમસ્યા આપોઆપ દૂર થઈ જશે. કાળા ડાઘ માટે કોઈ સારા ડર્મેટોલોજિસ્ટ ને મળો અને તેમને કહો કે આ ડાઘની સાથે ખંજવાળ પણ આવે છે. આ સિમ્પલ પ્રોબ્લેમ છે અને સારવાર દ્વારા એનો આસાનીથી ઉપચાર થઈ શકે છે.

**પ્રશ્નઃ હું ૨૭ વર્ષની છું. મને બે મહિનાનો દીકરો છે. મારી પ્રસૂતિ સિઝેરિયનથી થઈ છે. સુવાવડ પછી મારું પેટ વધી ગયું છે. ડોક્ટરનું કહેવું છે કે પાંચ- છ મહિના પછી ગર્ભાશય સંકોચાઈ જતા પેટ બરાબર થઈ જશે. પેટ ઓછું થાય એ બાબતે સલાહ આપશો.**

જવાબઃ પાંચ-છ મહિના પછી પેટ ઊતરી જશે એની કોઈ ગેરંટી નથી. સુવાવડ પછી ઘણી મહિલાઓને આ સમસ્યા પરેશાન કરે છે. આ સમસ્યામાંથી છુટકારો મેળવવાનો માર્ગ છે ડાયટ અને વ્યાયામ. તમારે આહાર પર નિયંત્રણ રાખવું જરૂરી છે. આ ઉપરાંત પેટ ઓછું થાય એ માટેના કેટલાક વ્યાયામ કરો. હજુ તમારી સુવાવડને બે મહિના જ થયા હોવાથી તેમજ પુત્રને સ્તનપાન કરાવતા હોવાથી આડેધડ વ્યાયામ કે ડાયટ કરતાં નહીં. તમારા ગાયનેકની સલાહ લઈ આહારનો ચાર્ટ નક્કી કરો. કોઈ નિષ્ણાતની સલાહ અને દેખરેખ હેઠળ તેમણે સૂચવેલા વ્યાયામ કરો.



## કોહલીની બ્રાન્ડ વેલ્યુ બોલીવુડ કલાકારોથી પણ વધુ

મુંબઈ: ટીમ ઇન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીની બ્રાન્ડ વેલ્યુ બોલીવુડ કલાકારોથી પણ વધુ છે. વિરાટ કોહલી ક્રિકેટના મેદાન પર પોતાની બેટિંગતી ઘણા રેકોર્ડ ધ્વસ્ત કર્યા છે. ત્યાં જ તે મેદાનની બહાર પણ પોતાની કમાણીથી નવો ક્રિર્તીમાન રચ્યો છે. વિરાટ કોહલીની બ્રાન્ડ વેલ્યુ વર્ષ ૨૦૧૯માં ૩૯ ટકા અને હવે ૨૩૭.૫ મિલિયન ડોલર એટલે કે ૧૬૯૧ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.



# વન-ડે રેન્કિંગમાં જસપ્રીત બુમરાહનો નં-૧નો તાજ છીનવાયો, બેટિંગમાં કોહલી ટોચના સ્થાને યથાવત્



## બેટિંગમાં રોહિત શર્મા બીજા તથા ઓલરાઉન્ડર્સમાં રવીન્દ્ર જાડેજા સાતમા ક્રમાંકે

દુબઈ : ભારતીય ટીમના પેસ બોલર જસપ્રીત બુમરાહને ન્યૂઝીલેન્ડ સામે તાજેતરમાં રમાયેલી વન-ડે શ્રોણીમાં ખરાબ પ્રદર્શનના કારણે તેના રેન્કિંગમાં નુકસાન થયું છે. આઈસીસીની વન-ડે બોલર્સની યાદીમાં ૪૫ પોઈન્ટના નુકસાન સાથે બુમરાહને પોતાનો નંબર-૧નો તાજ ગુમાવવો પડ્યો છે. ન્યૂઝીલેન્ડ સામેની પૂરી શ્રોણીમાં તે એક પણ વિકેટ હાંસલ કરી શક્યો નહોતો. ન્યૂઝીલેન્ડના ટ્રેન્ટ બાઉલ્ટે બુમરાહને પ્રથમ સ્થાનેથી હટાવીને ટોચનો ક્રમ હાંસલ કરી લીધો હતો. બુમરાહ ૭૧૯ રેટિંગ પોઈન્ટ સાથે બીજા તથા બાઉલ્ટ ૭૨૭ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. ન્યૂઝીલેન્ડ સામે બુમરાહે ત્રણ વન-ડેમાં કુલ ૩૦ ઓવર બોલિંગ કરીને ૧૬૭ રન આપ્યા હતા અને તે વિકેટથી વંચિત રહ્યો હતો.

ટોપ-૧૦ બેટ્સમેનોમાં ભારતીય સુકાની વિરાટ કોહલીએ નંબર-૧નું સ્થાન જાળવી રાખ્યું હતું. ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે શ્રોણીમાં પણ તેનો દેખાવ સામાન્ય થયો હોવા છતાં તેને રેન્કિંગમાં કોઈ ફરક પડ્યો નહોતો. ભારતીય બેટ્સમેન રોહિત શર્મા બીજા ક્રમાંકે છે. કોહલીએ ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ વન-ડેમાં માત્ર ૭૫ રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડના રોઝ ટેલરને ભારત સામે સારી બેટિંગ કરવાનો ફાયદો થયો છે અને તે એક સ્થાન આગળ આવીને ચોથા ક્રમાંકે પહોંચી ગયો છે.

ઓલરાઉન્ડર્સ વન-ડે રેન્કિંગમાં ભારતના રવીન્દ્ર જાડેજાએ ત્રણ સ્થાનની છલાંગ લગાવી છે અને તે સાતમા ક્રમાંકે પહોંચી ગયો છે. તેણે ન્યૂઝીલેન્ડ સામેની બીજી વન-ડેમાં ૫૫ રનની ઈનિંગ્સ રમી હતી. આ યાદીમાં જાડેજા સિવાય અન્ય કોઈ ભારતીય ખેલાડી નથી. અફઘાનિસ્તાનનો મોહમ્મદ નબી પ્રથમ તથા ઈંગ્લેન્ડનો બેન સ્ટોક્સ બીજા ક્રમાંકે છે. પાકિસ્તાનનો ઈમદ વસીમ ત્રીજા ક્રમે છે.

## છેલ્લી છ ટેસ્ટમાં બાંગ્લાદેશનો પાંચમી વખત ઇનિંગ્સથી પરાજય

રાવલપિંડી: મેન ઓફ ધ મેચ બનેલા નસીમ શાહ તથા યાસિર શાહે ઝડપેલી ચાર–ચાર વિકેટની મદદથી પાકિસ્તાને અહીં રમાયેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના ચોથા દિવસે સોમવારે બાંગ્લાદેશને એક ઇનિંગ્સ અને ૪૪ રનથી પરાજય આપ્યો હતો. આ વિજય સાથે પાકિસ્તાને બે ટેસ્ટ મેચની શ્રોણીમાં ૧–૦ની લીડ મેળવી લીધી હતી. બંને ટીમો વચ્ચે હવે બીજી અને અંતિમ ટેસ્ટ પાંચમીથી નવમી એપ્રિલ સુધી કરાચી ખાતે રમાશે. આ ટેસ્ટ પહેલાં બંને ટીમો ત્રીજી એપ્રિલે એકમાત્ર વન–ડે ઇન્ટરનેશનલ રમશે. બાંગ્લાદેશને છ ટેસ્ટ મેચમાં પાંચમી વખત ઇનિંગ્સથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. વિદેશની ધરતી પર બાંગ્લાદેશને આઠ ટેસ્ટમાં સાતમી વખત ઇનિંગ્સ પરાજય મળ્યો છે. પાકિસ્તાને ટોસ જીતીને ફિલ્ડિંગ કરી હતી અને બાંગ્લાદેશને પ્રથમ દાવમાં ૨૩૩ રનના સ્કોરે સમેટી નાખ્યું હતું. પાકિસ્તાને ૪૪૫ રન બનાવીને ૨૧૨ રનની લીડ મેળવી હતી. બાંગ્લાદેશની ટીમ બીજા દાવમાં કોઇ વિશેષ પ્રદર્શન કરી શકી નહોતી અને તે ૧૬૮ રનના સ્કોરે ઓલઆઉટ થઇ ગઇ હતી.

## પાક.-બાંગ્લાદેશ ટેસ્ટ : નસીમ શાહ હેટ્રિક લેનાર સૌથી યુવા બોલર બન્યો

રાવલપિંડી : પાકિસ્તાનનો યુવા બોલર નસીમ શાહ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઓછી ઉંમરમાં હેટ્રિક લેનાર બોલર બન્યો છે. રવિવારે બાંગ્લાદેશની સામે રમાઈ રહેલી ટેસ્ટ મેચના ત્રીજા દિવસમાં નસીમે આ સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે ૧૬ વર્ષ ૩૫૯ દિવસની ઉંમરમાં હેટ્રિક લીધી છે. નસીમે બાંગ્લાદેશની બીજી ઈનિંગની ૪૧ મી ઓવરના ચોથા બોલમાં શાંતોને એલબીડબ્લ્યુ કર્યો હતો. એમ્પાયરે તેને નોટઆઉટ જાહેર કર્યો હતો. ત્યાર બાદ પાકિસ્તાને રિવ્યૂનો નિર્ણય લીધો હતો. ત્રીજા એમ્પાયરે જોયું કે બોલ વિકેટ સાથે ટકરાઈ રહ્યો છે અને ત્યાર બાદ નિર્ણય પાકિસ્તાની ટીમના પક્ષમાં ગયો હતો. બીજા બોલમાં નસીમે તાઈઝુલ ઈસ્લામને આઉટ કરી દીધો હતો. તાઈઝુલને નાઈટ વોચમેન તરીકે મોકલાયો હતો. પાકિસ્તાન વતી ટેસ્ટ મેચમાં હેટ્રિક લેનાર નસીમ ચોથો બોલર છે.

# બાંગ્લાદેશનું 'ડર્ટી' સેલિબ્રેશન: બાંગ્લાદેશના ૩ અને ભારતના બે ખેલાડી સસ્પેન્શન હેઠળ

પોફેસ્ટ્રુમ (સાઉથ આફ્રિકા) : આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપમાં રવિવારે બાંગ્લાદેશે ભારતને હરાવીને પ્રથમ વખત ટ્રોફી જીતી લીધી હતી. જોકે વિજય બાદ બાંગ્લાદેશી ખેલાડીઓએ જે રીતે ડર્ટી સેલિબ્રેશન કર્યું તે ક્રિકેટના સમર્થકોને સહેજ પણ પસંદ આવ્યું નથી. જોશમાં બાંગ્લાદેશી ખેલાડીઓ હોશ ગુમાવી બેઠા હતા અને પાછળથી સુકાની અકબર અલીને માફી માગવી પડી હતી. હવે બાંગ્લાદેશી ક્રિકેટરોના ડર્ટી સેલિબ્રેશનથી આઈસીસી લાલઘૂમ થયું છે અને ખેલાડી સામે આકરાં પગલાં ભરે તેવી સંભાવના છે. ભારતની અંડર-૧૯ ટીમના મેનેજરે જણાવ્યું હતું કે આઈસીસીએ બાંગ્લાદેશના સેલિબ્રેશનને ઘણી ગંભીરતાથી લીધું છે.

આઈસીસીએ જણાવ્યું હતું કે પાંચ ક્રિકેટર ખેલાડીઓ તથા સહાયક સ્ટાફ માટેની આચારસંહિતાના લેવલ-૩નું ઉલ્લંઘન કરવા બદલ દોષિત જાહેર કરવામાં આવ્યા છે. તેમની ઉપર નિયમ ૨.૨૧ તથા બિશ્નોઈ ઉપર ૨.૫ના ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો છે. તમામે સજા સ્વીકાર કરી લીધી છે અને તમામ ચારથી ૧૦ મેચના સસ્પેન્સ હેઠળ આવી ગયા છે. આકાશ ઉપર આઠ સસ્પેન્શન પોઈન્ટ લગાડવામાં આવ્યા છે જે છ ડિમેરિટ પોઈન્ટ સમાન છે અને તે બે વર્ષ સુધી તેના રેકોર્ડમાં રહેશે. બિશ્નોઈ ઉપર પાંચ સસ્પેન્શન પોઈન્ટ લગાડવામાં આવ્યા છે. અન્ય એક મામલે બિશ્નોઈના ખાતામાં વધુ બે સસ્પેન્શન પોઈન્ટ નોંધાયા છે જેના કારણે તેના કુલ સાત ડિમેરિટ પોઈન્ટ થયા છે અને તે પણ બે વર્ષ સુધી રેકોર્ડમાં રહેશે. બાંગ્લાદેશના તૌહિદ પર ૧૦ સસ્પેન્શન પોઈન્ટ (છ ડિમેરિટ), શમીમ ઉપર છ ડિમેરિટ પોઈન્ટ તથા હસન ઉપર પાંચ ડિમેરિટ પોઈન્ટ લગાડવામાં આવ્યા છે. તમામ આરોપ ફિલ્ડ અમ્પાયર સૈમ, એડ્રિયન હોલ્ડસ્ટોક, થર્ડ અમ્પાયર રવીન્દ્ર વિમલાસિરિ તથા ચોથા અમ્પાયર પેટ્રિક બોંગની દ્વારા લગાવવામાં આવ્યા છે. એક સસ્પેન્શન પોઈન્ટ એટલે ખેલાડીને એક વન-ડે અથવા ટી૨૦ મેચમાં બહાર રહેવું પડશે. આ અંડર-૧૯ તથા એ-ટીમ દ્વારા રમતી વખતે લાગુ કરવામાં આવશે.

## પરિવાર માટે સમય ફાળવવા ડેવિડ વોર્નર ટી-૨૦ ક્રિકેટને અલવિદા કરશે



સિડની : ઓસ્ટ્રેલિયાનો સ્ફોટક ઓપનર ડેવિડ વોર્નર પોતાના પરિવાર સાથે વધુ સમય પસાર કરવા તથા વન-ડે અને ટેસ્ટ કારકિર્દીને લંબાવવા માટે આગામી કેટલાક વર્ષમાં ટી૨૦ ક્રિકેટને અલવિદા કરી શકે છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના વાર્ષિક ઍવૉર્ડ સમારંભમાં એલન બોર્ડર મેડલનું સન્માન મેળવનાર વોર્નરે જણાવ્યું હતું કે ટી૨૦ ક્રિકેટમાં સતત વર્લ્ડ કપ રમાવાનો છે. આ ફોર્મેટમાંથી હું નિવૃત્તિ લઈ શકું છું. ત્રણેય ફોર્મેટમાં સતત રમતા રહેવું મુશ્કેલ છે. આ ઈન્ટરનેશનલ સ્તરે સૌથી મોટા પડકાર સમાન રહેતો હોય છે. વોર્નરે જણાવ્યું હતું કે મેં ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગ સાથે વાતચીત કરી હતી. લાંબા સમયથી ક્રિકેટ રમી રહેલા સાઉથ આફ્રિકન ક્રિકેટર એબી ડીવિલિયર્સ સાથે પણ મેં આ બાબતે ચર્ચા કરી હતી.

# હોકી દેશની રાષ્ટ્રીય રમત નથી : આરટીઆઈમાં ખુલાસો

નવીદિલ્હી : મહારાષ્ટ્રના ધુલે જિલ્લાની એક શાળાના શિક્ષકે કરેલી આરટીઈમાં મોટો ખુલાસો થયો છે. શાળાના એક બાળકે પુછેલા પ્રશ્નને લઈ શિક્ષકે સરકાર પાસે જવાબ માંગ્યો હતો, જેના જવાબમાં રમત મંત્રાલયે કહ્યું છે કે, કોઈ પણ રમતને રાષ્ટ્રીય રમતનો દરજ્જો આપવામાં આવ્યો નથી. આ અરજી એ પ્રશ્ન પુછવા માટે કરાઈ હતી કે હોકીને ભારતની રાષ્ટ્રીય રમત ક્યારે જાહેર કરવામાં આવી. આ અરજી કરનાર શિક્ષક મયૂરેશ અગ્રવાલ ધુલે જિલ્લાના સિંદખેડા તાલુકામાં ઓલી વી.કે. ઈન્ટરનેશનલ સ્કૂલમાં ભણાવે છે.

# ૩૧ વર્ષ બાદ વન-ડેમાં ભારતની પ્રથમ વખત ક્લીન સ્વીપ થઈ

## ન્યૂઝીલેન્ડે ૩-૦થી શ્રેણી જીતી : ભારત ચોથી વખત ત્રણ કે તેથી વધુ મેચની શ્રેણીના તમામ મુકાબલા હાર્યું

માઉન્ટ મોઉંગાનુઈ : યજમાન ન્યૂઝીલેન્ડે ભારતને ત્રીજી અને અંતિમ વન-ડેમાં પાંચ વિકેટે હરાવીને ત્રણ મેચની શ્રોણીમાં પ્રવાસી ટીમને ૩-૦થી વ્હાઈટવૉશ કર્યો હતો. ૩૧ વર્ષ બાદ ભારતીય ટીમ કોઈ દ્વિપક્ષીય શ્રોણીમાં ત્રણ કે તેથી વધુ મેચોની શ્રોણીની તમામ મેચો હારી હોય તેવો આ પ્રથમ બનાવ છે. આ પહેલાં ભારતીય ટીમનો વેસ્ટ ઈન્ડિઝે ૧૯૮૯માં ૫-૦થી

વ્હાઈટવૉશ કર્યો હતો. જોકે ૨૦૦૬-૦૭માં ભારતે સાઉથ આફ્રિકા સામે પાંચ મેચની શ્રોણીને ૪-૦થી ગુમાવી હતી પરંતુ તે વખત શ્રોણીની એક મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. છેલ્લા ૩૬ વર્ષમાં ત્રણ કે તેથી વધારે મેચની શ્રોણીમાં ભારત તમામ મેચમાં હાર્યું હોય તેવો આ ચોથો બનાવ છે. અંતિમ વન-ડેમાં ન્યૂઝીલેન્ડ ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. લોકેશ રાહુલના ૧૧૨ રનની મદદથી ભારતે યજમાન ટીમને ૨૯૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ન્યૂઝીલેન્ડે ગુપ્ટિલ અને નિકોલ્સની ઈનિંગ્સની મદદથી કોઈ પણ મુશ્કેલી વિના મેચ પોતાના નામે કરી લીધી હતી.

## વિમેન્સ ક્રિકેટ : ભારતને ૧૧ રનથી હરાવી ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન

મેલબોર્ન : ઓપનિંગ બેટ્સમેન સ્મૃતિ મંધાનાએ ૩૭ બોલમાં આક્રમક ૬૬ રનની ઇનિંગ્સ રમી હોવા છતાં તે ઓસ્ટ્રેલિયા સામે વિમેન્સ ટી૨૦ ઇન્ટરનેશનલ ત્રિકોણીય શ્રોણીની ફાઇનલમાં રમનાર પોતાની ભારતીય ટીમને ચેમ્પિયન બનાવી શકી નહોતી. ફાઇનલ મુકાબલામાં યજમાન ઓસ્ટ્રેલિયાએ ૧૧ રનથી વિજય હાંસલ કરીને ઘરઆંગણે રમાયેલી ત્રિકોણીય ટી૨૦ શ્રોણી જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયન ટીમે ભારતને ટાઇટલ જીતવા માટે ૧૫૬ રનનો લક્ષ્યાંક આપ્યો હતો પરંતુ હરમનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ ૧૪૪ રનના સ્કોરે ઓલઆઉટ થઇ ગઇ હતી. એક સમયે ભારતનો સ્કોર ૧૫ ઓવરમાં ત્રણ વિકેટે ૧૧૫ રનનો હતો. સ્પિનર જોનાસાને ચાર ઓળરમાં ૧૨ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. તે વિમેન્સ ક્રિકેટમાં એક જ દાવમાં પાંચ વિકેટ ઝડપનાર ત્રીજી ઓસ્ટ્રેલિયન બોલર બની ગઇ છે.

## અંડર ૧૯ વર્લ્ડ કપ : બાંગ્લાદેશ સામે ભારતનો પરાજય

પોફેસ્ટ્રુમ : અંડર–૧૯ વર્લ્ડ કપની ફાઈનલમાં બાંગ્લાદેશ સામે ભારતનો કારમો પરાજય થયો છે. ભારત વતી એકમાત્ર યશસ્વી જયસ્વાલ સિવાયના તમામ ખેલાડીઓ સદંતર નિષ્ફળ રહ્યાં હતા. ઓપનર દિવ્યાંશ સક્સેના અને કેપ્ટન પ્રિયમ ગર્ગ સદંતર નિષ્ફળ નીવડ્યાં હતા. સક્સેના ૨ તો ગર્ગ ૭ રન બનાવીને આઉટ થયા હતા. તિલક વર્મા ૩૮ રન બનાવ્યાં હતા.અંડર–૧૯ વર્લ્ડકપમાં ભારત કુલ સાત વાર ફાઈનલ રમી ચૂક્યો છે. ટીમ ઈન્ડિયાએ સેમિફાઈનલમાં પાકિસ્તાનને ૧૦ વિકેટથી પરાજય આપ્યો હતો. યશસ્વી જયસ્વાલે ૧૦૫ રનની ઇનિંગ રમી હતી.બીજી વિકેટ માટે જયસ્વાલ અને તિલક વર્માએ સાથે મળીને ૯૪ રનની ભાગીદારી કરી હતી. જોકે રનગતિ પર બાંગ્લાદેશનો અંકુશ રહ્યો હતો. ભારત વતી એકમાત્ર યશસ્વી જયસ્વાલ સિવાયના તમામ ખેલાડીઓ સદંતર નિષ્ફળ રહ્યા.

# કોરોના વાયરસ ચેપના ભયથી આખું વિશ્વ ચિંતાતૂર

બેઈજિંગ : વિશ્વભરમાં ૩૪,૮૦૦ થી વધુ લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે, જેણે ચીનમાં રોગચાળાનું સ્વરૂપ લીધું છે. હાલમાં ચેપના ભયને કારણે આખા વિશ્વમાં ચિંતાનો માહોલ છે. શનિવારે અહીં WHOનાં અધિકારીઓ દ્વારા પૂરા પાડવામાં આવેલા છેલ્લા આંકડા મુજબ, જુદા જુદા દેશોમાં આ વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા આ મુજબ છે.

ચીનઃ ૭૨૨ લોકોનાં મોત નીપજ્યાં છે અને મુખ્ય ભૂમિમાં ૩૪,૫૪૬ લોકોને તેનાથી ચેપ લાગ્યો છે.તે ઉપરાંત, હોંગકોંગમાં એક વ્યક્તિનું મોત અને મકાઉમાં ૧૦ કેસ સહિત કુલ ૨૫ કેસની ખરાઈ થઈ છે. મોટાભાગના લોકો મધ્ય હુબેઇ પ્રાંતમાં મૃત્યુ પામ્યા છે. ડિસેમ્બરમાં હુબેઈમાં કોરોના વાયરસના ચેપનો પ્રથમ કેસ નોંધાયો હતો. ડિસેમ્બરમાં હુબેઈમાં કોરોના વાયરસના ચેપનો પ્રથમ કેસ નોંધાયો હતો. જાપાન ૮૯ સિંગાપોર ૩૩ થાઈલેન્ડ ૩૨ દક્ષિણ કોરિયા ૨૪, ઓસ્ટ્રેલિયા ૧૪ જર્મની ૧૩ અમેરિકા ૧૨ તાઈવાન ૧૬ મલેશિયા ૧૫ વિએતનામ ૧૩ ફ્રાંસ ૬ સંયુક્ત આરબ અમીરાત ૫ કેનેડા ૬ યુકે ૩, ભારત ૩ ,ફિલિપાઈન ૩ કેસ, એક વ્યક્તિનું મોત રશિયા ૨ ઈટાલી ૩ યુકે ૩ બ્રાઝિલ ૧ નેપાળ ૧ શ્રીલંકા ૧ સ્વીડન ૧ સ્પેન ૧ કંબોડિયા, ૧ ફિનલેન્ડ ૧ કેસ નોંધાયો છો ચીનના વુહાન શહેરમાં કોરોના વાયરસના શંકાસ્પદ ચેપને કારણે એક જાપાની નાગરિકનું મોત નીપજ્યું છે. જાપાનના વિદેશ મંત્રાલયે શનિવારે તેના નાગરિકના મોતની જાણ કરી હતી.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આશરે ૬૦-૬૫ વર્ષનો આ વ્યક્તિ ગંભીર ન્યુમોનિયાની સ્થિતિમાં વુહાનની એક હોસ્પિટલમાં દાખલ થયો હતો. હોસ્પિટલે તેના મૃત્યુની જાણ ચીનમાં આવેલા જાપાની દૂતાવાસને કરી હતી. તેમાં જણાવાયું છે કે વ્યક્તિના મોતનું કારણ વાયરલ ન્યુમોનિયા હોવાનું જણાવાયું છે. જો વ્યક્તિને કોરોના વાયરસથી ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. બીજી તરફ ભારતના કેરલમાં કોરોનાનો દર્દીની હાલત હાલ સુધારા પર છે, કેરલમાં ખાસ તૈયાર કરાયેલી હોસ્પિટલમાં કોરોનાના શંકાસ્પદ ૨૦૦થી વધુ દર્દીઓને સારવાર અપાઈ રહી છે.

## વ્યસ્ત રહેતા ચીનના અનેક શહેર કોરોનાના કારણે સૂમસામ રહ્યા



હવે ચીની શહેરો પર પણ જોવા મળી રહી છે. વ્યસ્ત રહેનારા ચીનના શહેરો ભૂતોના વસાહત જેવા થઈ ગયા છે. ચીનના તે શહેરોની હાલત ભયાનક થઈ ગઈ છે જે દુનિયાના વ્યસ્તશહેરોમાંના એક છે. રાજધાની બેઈજિંગમાં એકલ દોકલ લોકો જોવા મળી રહ્યા છે. તેમના મોઢા પર માસ્ક લાગેલા છે અને હાથમાં માત્ર સેનિટાઈઝર છે. ૨૧.૫ મિલિયનની વસતી ધરાવતા શહેરનો દુર્લભ નજારો છે જ્યાં સામાન્ય રીતે સેંકડો હજારો લોકો ફોટા ખેંચતા જોવા મળતા હતા તે વેરાન જેવુ દેખાય છે. રસ્તા ખાલી છે અને પાર્ક એટલા શાંત છે કે માત્ર પક્ષીઓના ચહલ પહલનો અવાજ સંભળાઈ શકે છે. માત્ર બેઈજિંગ જ નહીં પરંતુ ચીનનું નાણાંકીય કેન્દ્ર શાંઘાઈ અને દુનિયાના સૌથી વધારે વસતી વાળા અન્ય શહેરોને પણ કોરોના વાયરસે ભૂતિયા શહેરમાં બદલી નાખ્યા છે. સરકારે શહેરના લોકોને કોરોના વાયરસના કારણે બહાર જવા માટે મનાઈ કરી છે.

## ભયાનક કોરોના વાયરસથી WHO પણ ફફડી ઉઠ્યું

કોરોના વાયરસના કારણે સમગ્ર દુનિયામાં અત્યાર સુધીમાં ૪૩,૦૯૮ લોકો ચેપનો ભોગ બન્યા છે. જ્યારે આ ખતરનાક વાયરસથી ૧,૦૧૮ લોકો કાળનો કોળીયો બની ગયા છે. કુલ બીમાર લોકોમાંથી ૪૦,૧૭૧ લોકો ચીનના જ છે. ચીનમાં અત્યાર સુધીમાં ૯૦૮ લોકોના મોત નિપજ્યા છે. ચીનના વુહાનમાં રોગચાળાનું રૂપ લઈ ચૂકેલો કોરોના વાયરસ હવે દુનિયા માટે ખતરો બની શકે છે. આ અંગે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દુનિયાભરના દેશોને ચેતવણી આપી છે કે, ચીનમાં ૯૦૦થી વધુના જીવ લઈ ચૂકેલા આ વાયરસ સામે લડવા તૈયાર રહેજો. ઉર્ઝૅના ડિરેક્ટર જનરલ ટેડ્રોસ એડહેનોમ ગેબ્રિએસસે કહ્યું કે, ચિંતાની વાત એ છે કે, આ વાયરસનો ચેપ એવા લોકોને પણ લાગ્યો છે, જે ક્યારેય ચીન નથી ગયા. આવા મામલાથી જ વિશ્વમાં આરોગ્ય ક્ષેત્રે કટોકટી જેવી સ્થિતિ સર્જાઇ છે.

## ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે માસ્ક પહેરી હોસ્પિટલની મુલાકાત લીધી



ચીનમાં કોરોનાં વાયરસથી મરનારા લોકોની સંખ્યા એક હજારને પાર કરી ગઇ છે, આ જીવલેણ વાયરસની ઝપેટમાં આવીને દેશભરમાં મૃત્યું આંક વધીને ૧૬૦૦૦ થી વધી ગયો છે. આ દરમિયાન ચીનનાં રાષ્ટ્રપતિ શી જિનપિંગે હોસ્પિટલની મુલાકાત લીધી, આવું પહેલી વખત થયું છે કે કોરોના વાયરસનાં પ્રકોપ સામે ઝઝુમી રહેલા ચીનનાં પ્રમુખ આ રીતે જાહેરમાં બિજીંગ હોસ્પિયલની મુલાકાત લીધી હોય અને દર્દીઓની તબિયતની પુછપરછ કરી હોય. શી જિનપિંગ સોમવારે બિજીંગ હોસ્પિટલ પહોચ્યા, જ્યાં તેમણે દર્દીઓ સાથે મુલાકાત કરી અને ડોક્ટરો પાસે પરીસ્થિતી અંગે માહિતી મેળવી, આ દરમિયાન તેમણે કોરેના વાયરસનાં રોગચાળાને પહોચી વળવા માટે વધું નિર્ણાયક પગલા લેવા પર ભાર આપ્યો કોરોના વાયરસ ફેલાયા બાદ પહેલી વખત હોસ્પિટલ પહોંચેલા શી જિનપિંગે મોઢા પર માસ્ક અને હાથમાં ગ્લવ્ઝલગાવીને અને સેનિટાઇઝર લગાવ્યું હતું.

## જહાજમાં ફસાયેલા ૧૬૮ ભારતીયોનો પોકાર : મોદીજી સુરક્ષિત ઘેર પહોંચાડો

જાપાની જહાજ ડાયમંડ પ્રિન્સેસમાં ફસાયેલ ૧૬૮ ભારતીયોએ પીએમ મોદીને મદદનો પોકાર કર્યો છે. ભારત સરકારને મદદની અપીલ કરનાર બંગાલના બિનયકુમાર સરકારે એવું જણાવ્યું કે અમે વડાપ્રધાન મોદીને મદદ માટેની અપીલ કરીએ છીએ. શિપમાંથી રેકોર્ડ કરવામાં આવેલા વીડિયોમાં બિનય કુમારે મોદી સરકાર અને સંયુક્ત રાષ્ટ્રસંઘને એવી અપીલ કરી કે શિપમાંથી ભારતીયોને અલગ પાડવામાં આવે. જાપાનના દરિયાકિનારે લાંગરેલા ૩,૫૦૦ પ્રવાસીઓ સાથેના ક્રૂઝ જહાજ પર કોરોના વાઇરસનો પ્રકોપ વકરી રહ્યો છે. ક્રૂઝ પર વાઇરસ પીડિત વધુ ૬૦ દર્દી નોંધાતાં ક્રૂઝ પર કોરોના વાઇરસથી પીડાઇ રહેલા લોકોનો આંક ૧૩૦ પર પહોંચ્યો છે. મીડિયા અહેવાલોએ પ્રભાવિત લોકો વિષે આ આંકડા આપ્યા હતા. જાપાનના આરોગ્યમંત્રાલયે તાકીદે કોઇ પ્રતિક્રિયા આપવા ઇનકાર કર્યો હતો. ક્રૂઝ શિપ પર ભારતીયો મોટી સંખ્યામાં છે. તે પૈકી પશ્ચિમ બંગાળના બિનયકુમાર સરકારે એક વીડિયો તૈયાર કરીને સોસિયલ મીડિયા પર શેર કરીન ભારત સરકારની મદદ માંગી છે. વીડિયોમાં દેખાતા પાંચ ભારતીયોએ શ્વેત માસ્ક ધારણ કરેલા છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે ,' કોરોના વાયરસ મુદ્દ એક પણ ભારતીયની તપાસ નથી થઇ. વહેલી તકે અમને બચાવી લો. મોદીજી, પ્લીઝ સુરક્ષિતપણે અમને ઘેર પાછા પહોંચાડો.'

## ચીને કોરોના વાયરસના ૧૦,૦૦૦ મૃતદેહોને સળગાવી દીધાની આશંકા




વુહાન : ચીનમાં અત્યાર સુધી આ ખતરનાક વાયરસથી માત્ર ચીનમાં જ એક હજારથી વધુ લોકોનાં મોત થયા છે. સોમવારે ચીનમાં એક જ દિવસમાં ૧૦૮ લોકોના કોરોનાવાયરસના કારણે મોત થયા છે. ચીનએ ભલે હજુ સુધી માત્ર ૧,૧૦૦ લોકોના મોતની જાણકારી દુનિયાને આપી છે પરંતુ આ આંકડો અનેકગણો વધારે હોઈ શકે છે. બ્રિટનની વેબસાઇટ ડેઇલી મેલ મુજબ, સેટેલાઇટ ઇમેજમાં જોવા મળ્યું છે કે વુહાનનના આકાશમાં સલ્ફર ડાયોક્સાઇડની માત્રા ૧૩૫૦ માઇક્રોગ્રામ/ક્યૂબિક મીટર (µg/m3) છે. ચીનના બીજા શહેર બીજિંગ અને શંઘાઈમાં પણ સલ્ફર ડાયોક્સાઇડ ખતરનાક સ્તરે છે. એવામાં એક અનુમાન મુજબ માત્ર વુહાન શહેરમાં ૧૦ હજારથી વધુ લોકોના શબ સળગાવવામાં આવ્યા છે. નોંધનીય છે કે કોરોનાવાયરસના કારણે વુહાન શહેરને સમગ્રપણે લૉક ડાઉન કરી દેવામાં આવ્યું છે. અહીં લગભગ ૧૦ લાખ લોકોને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે.

## દર્દીઓને ઘરમાંથી ઢસેડીને હોસ્પિટલમાં લઈ જવાય છે

આખી દુનિયામાં કોરોનો વાયરસના કારણે ૩૮,૦૦૦ જેટલા લોકો બીમાર છે અને ૮૧૩ લોકોના મોત થયા છે. આ પૈકી સૌથી વધારે ૩૫,૦૦૦ લોકો ચીનમાં બીમાર છે અને ચીનમાં અત્યાર સુધીમાં ૭૨૨ લોકો મોતને ભેટ્યા છે. વાયરસને કાબૂમાં લેવા માટે હવે ચીન વધારેને વધારે નિર્દયી બની રહ્યુ છે. શંકાસ્પદોની તપાસ કરવા માટે હવે તેમને ઘરમાંથી ઢસેડીને બહાર કાઢવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસના એપી સેન્ટર મનાતા ચીનના વુહાન શહેરનો એક વિડિયો હાલમાં સોશ્યલ મીડિયા પર વાયરલ થયો છે. જેમાં હોસ્પિટલના કેટલાક કર્મચારીઓ એક શંકાસ્પદ વ્યક્તિને ટિંગાટોળી કરીને લઈ જઈ રહેલા નજરે પડે છે. માસ્ક નહી પહેરનારા લોકોને પોલીસકર્મીઓ જબરદસ્તી પકડીને લઈ જઈ રહ્યા હોવાનુ પણ દેખાય છે.

## શાંઘાઈમાં ટેસલાનો પ્લાન્ટ ખૂલી ગયો, ૪૦ બસમાં કર્મચારી કામ પર આવ્યા




ચીનમાં કોરોના વાઇરસના ચેપના કારણે ઘણી ફેક્ટરીઓને પ્રોડક્શન બંધ કરવા કહી દેવામાં આવ્યું હતું પણ સોમવારથી ચીનમાં ફેક્ટરીઓ ખોલવા અને ઓફિસોને શરૂ કરવાની આંશિક છૂટ અપાઈ હતી, પરિણામે શાંઘાઈના પુડોંગ જિલ્લામાં આવેલા ઇલેક્ટ્રિક કાર ટેસલા ગીગાનો પ્લાન્ટ ખૂલી ગયો હતો. ફોર્ડ, હોન્ડા અને બીજી ઓટો કંપનીઓના પ્લાન્ટ પણ શરૂ થઈ ગયા છે. ચીનમાં નવા વર્ષની રજાઓ બાદ સોમવારથી લોકો કામ પર પાછા ફરવા લાગ્યા છે. બિઝનેસ હાઉસો સોમવારથી ખૂલી ગયાં છે પણ વ્હાઈટ કોલર કર્મચારીઓ ઘરેથી જ કામ કરશે. ચીનમાં સ્કૂલો અને યુનિર્વિસટીઓમાં ફેબ્રુઆરીના અંત સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો આદેશ અપાયો છે. સોમવારે સવારે શાંઘાઈમાં ટેસલાના પ્લાન્ટમાં ૪૦ શટલ બસો ભરેલા કર્મચારીઓ કામ પર આવ્યા હતા. આ કંપની એક અઠવાડિયામાં મોડેલ-૩ની ૩,૦૦૦ કારનું ઉત્પાદન કરે છે.

WELCOME !

GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL

416-321-3268

Email: info@drsalimkapadiadental.com

Website: www.drsalimkapadiadental.com

Dr. Salim Kapadia Dental Centre

1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9

Hours: Monday-Friday 9:00am-8:00pm

Saturday 9:00am-5:00pm | Sunday as per request



PASS PASS PULSE

PRAN JAAYE PAR PULSE NA JAAYE

www.aahafoods.ca

aahafoodscanada

India's No 1 Candy with a tangy twist Now Available in 5 flavours all across #Canada



AAHA FOODS

Wholesale Company of Ethnic Food Products

(A Division of SR India Marketing INC)

Unit No. 2, 1850 Ellesmere Road, Scarborough, ON M1H 2V5 Canada

+1 416-925-6339, +1 416-666-8525,+1 647-831-9149Fax: 647-351-7157

Email: siva@srimi.com , ram@srimi.com